RNI NO GUJGUJ2003/09673
LEELA NEWS NETWORK P. LTD
અસ્સલ કાઠિયાવાડી મિજાજ
# સૌરાષ્ટ્ર આજતક
સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !
www.aaspassdaily.com
LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ
● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા   પ્રમુખસ્વામી આર્કેડ, માલવીયા ચોક, રાજકોટ, ફોન : ૯૮૭૯૫૬૯૪૦૦, ફોન : ૮૭૫૮૭૫૫૫૨૨
● સંવત ૨૦૮૨ અષાઢ સુદ -૭   સોમવાર તા.૨૦-૦૭-૨૦૨૬   અંક : ૩૧૪ વર્ષ : ૨૩   e-mail : sauaajtak@gmail.com   કિંમત રૂ. ૨-૫૦   પાના - ૮

# રશિયાની અંદર ઘૂસીને યુક્રેને મચાવી ભારે તબાહી

## યુક્રેને રશિયા ઉપર ૩૭૦ ડ્રોનથી કરેલા ભયાનક હુમલાથી કાળા વાદળો છવાયા, ૪૧ મિસાઈલો સાથે રશિયાનો પલટવાર

મોસ્કો,

રશિયા અને યુક્રેન વચ્ચે ચાલી રહેલું યુદ્ધ હવે એક અત્યંત ખતરનાક અને નિર્ણાયક વળાંક પર પહોંચી ગયું છે. યુક્રેને રશિયા પર અત્યાર સુધીનો સૌથી મોટો અને મોટો વળતો પ્રહાર કરીને તેની રાજધાની મોસ્કો સહિતના વિસ્તારોને નિશાન બનાવ્યા છે. યુક્રેને એકસાથે ૩૭૦થી વધુ ડ્રોન લોન્ચ કરીને રશિયાની સરહદની અંદર ઘૂસીને ભારે તબાહી મચાવી છે. આ ભયાનક ડ્રોન હુમલાને કારણે મોસ્કોથી આશરે ૫૦ કિલોમીટર પૂર્વમાં આવેલા ઈલેક્ટ્રોસ્ટાલના વાઈલ્ડબેરીઝ લોજિસ્ટિક્સ કોમ્પ્લેક્સ અને નોગિન્સ્કના એક મહત્વપૂર્ણ ઓઈલ ડેપોમાં ભીષણ આગ ફાટી નીકળી હતી, જેના કારણે કલાકો સુધી



આકાશમાં કાળો ધુમાડો છવાયેલો રહ્યો હતો. જવાબમાં રશિયાએ રાતભરમાં ૪૧ મિસાઈલો લોન્ચ કરી હતી. જેમાંથી યુક્રેની સેનાએ ૧૮ મિસાઈલોને સફળતાપૂર્વક હવામાં જ તોડી પાડી હતી.

સ્થાનિક ગવર્નર અને મોસ્કોના મેયરે આ હુમલાની સત્તાવાર પુષ્ટિ કરી છે. યુક્રેની ડ્રોન્સે જે નોગિન્સ્ક ઓઈલ ડેપોને નિશાન બનાવ્યો છે, ત્યાં ઈંધણ સંગ્રહ કરવા માટેના ૨૪ મોટા સ્ટોરેજ ટેન્ક આવેલા છે, જે સમગ્ર મોસ્કો ક્ષેત્ર માટે પેટ્રોલિયમ સપ્લાયનું મુખ્ય કેન્દ્ર છે. આ હુમલાના કારણે આગામી દિવસોમાં સ્થાનિક સ્તરે ઈંધણની કિંમતો અને સપ્લાય પર મોટી અસર પડી શકે છે. બીજી તરફ, વાઈલ્ડબેરીઝ એ રશિયાનું સૌથી મોટું ઈ-કોમર્સ પ્લેટફોર્મ છે અને તેનો આ લોજિસ્ટિક્સ કોમ્પ્લેક્સ રશિયાની સપ્લાય ચેઈનનો એક મહત્વપૂર્ણ ભાગ માનવામાં આવે છે.યુક્રેનના રાષ્ટ્રપ્રમુખ વોલોદિમીર ઝેલેન્સ્કીએ આ હુમલા અંગે મોટું નિવેદન આપતા જણાવ્યું છે કે, રશિયા દ્વારા યુક્રેનના શહેરો પર સતત કરવામાં આવતી બોમ્બમારો અને મિસાઈલ હુમલાના જવાબમાં આ કાર્યવાહી કરવામાં આવી છે. તેમણે ગંભીર આરોપ લગાવ્યો હતો કે, આ લોજિસ્ટિક્સ સેન્ટરો પ્રતિબંધિત હોવા છતાં રશિયાની સેનાને ડ્રોન બનાવવા માટેના પાર્ટ્સ અને સાધનો પૂરા પાડતા હતા, જેથી તેને સૈન્ય સપ્લાય ચેઈન તોડવાના ભાગરૂપે નિશાન બનાવાયા છે.રશિયાની રાજધાની મોસ્કોને વિશ્વની સૌથી અભેદ્ય એર ડિફેન્સ સિસ્ટમ ગણાતી જી-૪૦૦ સહિતની અન્ય સિસ્ટમોથી સુરક્ષિત માનવામાં આવે છે. જો કે, યુક્રેને અપનાવેલી નવી રણનીતિ હેઠળ એકસાથે ૩૭૦થી વધુ ડ્રોન હવામાં છોડવામાં આવતા રશિયન ડિફેન્સ સિસ્ટમ પર દબાણ વધી ગયું હતું. રશિયાએ દાવો કર્યો છે કે તેમણે મોટાભાગના ડ્રોન હવામાં જ તોડી પાડ્યા છે, પરંતુ તેમ છતાં કેટલાક ડ્રોન પોતાના ટાર્ગેટ સુધી પહોંચવામાં સફળ રહ્યા હતા, જેણે રશિયન રક્ષા નિષ્ણાતોની ચિંતા વધારી દીધી છે.

## ભારત આવતા અઠવાડિયે શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન અને આસિયાન બેઠકોમાં ભાગ લેશે

નવીદિલ્હી,

આવતા અઠવાડિયે શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન અને આસિયાન વિદેશ મંત્રીઓની બેઠકોમાં ભાગ લેતી વખતે ભારતની પ્રાથમિકતાઓમાં આતંકવાદ અને ઉગ્રવાદનો સામનો કરવો, દરિયાઈ સુરક્ષાને મજબૂત કરવી, મજબૂત સપ્લાય ચેઈન બનાવવી અને ઈન્ડો-પેસિફિક ક્ષેત્રમાં સ્થિરતાને પ્રોત્સાહન આપવું શામેલ હશે.

બિશ્કેકમાં એસસીઓ વિદેશ પ્રધાનોની બેઠક ઓગસ્ટના અંતમાં અથવા સપ્ટેમ્બરની શરૂઆતમાં સંગઠનના શિખર સંમેલન માટે મંચ તૈયાર કરશે. આ બાબતથી પરિચિત નિષ્ણાતોએ જણાવ્યું હતું કે ભારત ફરી એકવાર યુરેશિયન ક્ષેત્રમાં સરહદ પાર આતંકવાદનો સામનો કરવા માટે એક મજબૂત જીર્ઝ મિકેનિઝમની હિમાયત કરે તેવી અપેક્ષા છે.ફિલિપાઈન્સ ૧૯ થી ૨૪ જુલાઈ દરમિયાન આસિયાન વિદેશ પ્રધાનોની બેઠક, મંત્રીપદ પછીના પરિષદો અને દક્ષિણપૂર્વ એશિયામાં મિત્રતા અને સહકાર સંધિની ૫૦મી વર્ષગાંઠની યાદમાં કાર્યક્રમોનું આયોજન કરશે.

આ બેઠકોમાં હાજરી આપનારાઓમાં યુએસ સેક્રેટરી ઓફ સ્ટેટ માર્કો રુબિયો, ચીનના વિદેશ પ્રધાન વાંગ યી, રશિયન વિદેશ પ્રધાન સેર્ગેઈ લવરોવ, ઓસ્ટ્રેલિયાના વિદેશ પ્રધાન પેની વોંગ, તેમજ ભારત, જાપાન અને ન્યુઝીલેન્ડના વિદેશ પ્રધાનો અને યુરોપિયન યુનિયનના પ્રતિનિધિઓનો સમાવેશ થવાની અપેક્ષા છે.આ મંત્રીઓનું સપ્તાહ 'આસિયાન પ્લસ થ્રી' વિદેશ મંત્રીઓની બેઠક, આસિયાન પ્રાદેશિક મંચ અને પૂર્વ એશિયા સમિટ વિદેશ મંત્રીઓની બેઠક સાથે સમાપ્ત થશે.

## ઇસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સનો અમેરિકાને જવાબ આપવા માસ્ટરપ્લાન

### જો ટ્રમ્પ ઈરાન પર કોઈ એક્શન લેશે, તો પુતિન યુરોપને ઉપરથી દબાવશે અને ઈરાન નીચે સમુદ્રમાંથી સપ્લાય લાઇન કાપી નાખશે

તહેરાન,

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ઈરાનને ચારેય તરફથી ઘેરવાની ગુપ્ત યોજના વચ્ચે ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (ઈઝ્ઝ)એ એક એવો માસ્ટરપ્લાન તૈયાર કર્યો છે. જેનાથી માત્ર અમેરિકા જ નહીં પરંતુ તેના પશ્ચિમી મિત્ર દેશો પણ ચિંતામાં મૂકાઈ ગયા છે. ઈરાનની આ ખૌફનાક આર્મીએ હવે ટ્રમ્પના નિર્ણયોની સજા તેમના યુરોપીયન મિત્રોને આપવાનું નક્કી કર્યું છે. જેઓ પહેલાથી જ રશિયાના રાષ્ટ્રપ્રમુખ વ્લાદિમીર પુતિનના ડરમાં જીવી રહ્યા છે. રશિયા સાથે મળીને ઈરાન દ્વારા રચવામાં આવી રહેલો આ વ્યુહ જો ખરેખર અમલમાં આવશે, તો ટ્રમ્પ પરથી તેમના મિત્ર દેશોનો ભરોસો હંમેશા માટે ઉઠી જશે.

"ઈઝ્ઝના ચીફ કમાન્ડરના ખાસ સલાહકાર અને આક્રમક થિંક-ટેન્ક ગણાતા હુસૈન હમીદરેઝા મોઘદામફરે અમેરિકાને બેટૂક શબ્દોમાં ચેતવણી આપી છે. તેમણે સ્પષ્ટતા કરી છે કે, જો અમેરિકાએ સમુદ્રી માર્ગો અથવા કોઈપણ આર્થિક પ્રતિબંધો દ્વારા ઈરાનને ઝુકાવવાનો પ્રયાસ કર્યો, તો તેનું સૌથી ભયાનક પરિણામ સમગ્ર યુરોપને ભોગવવું પડશે. ઈરાને ધમકી આપી છે કે અમેરિકાની હરકતોને કારણે આખા યુરોપનું એનર્જી સેક્ટર અને ગ્લોબલ ઈકોનોમી પત્તાના મહેલની જેમ તૂટી પડશે.અત્યાર સુધી ઈરાન અમેરિકાના હુમલાનો જવાબ આપવા ખાડી દેશો (ગલ્ફ કન્ટ્રીઝ) ને નિશાન બનાવતું હતું, પરંતુ હવે તેનો પ્લાન યુરોપ સુધી પહોંચી ગયો છે. એક તરફ રશિયાના રાષ્ટ્રપ્રમુખ વ્લાદિમીર પુતિન યુક્રેનના મોરચે સતત આક્રમક છે અને યુરોપની સરહદો પર મિસાઈલોનું દબાણ વધારી રહ્યા છે. પુતિન પહેલાથી જ યુરોપનો ગેસ સપ્લાય રોકીને તેમને ઘૂંટણિયે લાવી ચૂક્યા છે.બીજી તરફ, ઈરાન હવે સમુદ્રના એ સૌથી સંવેદનશીલ માર્ગ પર બ્લોકેડ કરવાની તૈયારીમાં છે જ્યાંથી વૈશ્વિક બજાર ચાલે છે. જો ટ્રમ્પ ઈરાન પર કોઈ એક્શન લેશે, તો પુતિન યુરોપને ઉપરથી દબાવશે અને ઈરાન નીચે સમુદ્રમાંથી સપ્લાય લાઈન કાપી નાખશે.

## ભારત માટે જિહાદી આતંકવાદ હજુ પણ મોટો ખતરો

### ૬૭ દેશોની હાજરીમાં વોશિંગ્ટનમાં ડાબેરી ઉગ્રવાદ અને આતંકવાદ વિરુદ્ધ યોજાઈ ઉચ્ચ સ્તરીય મંત્રી સ્તરીય બેઠક

વોશિંગ્ટન,

અમેરિકાના વોશિંગ્ટન ખાતે ડાબેરી ઉગ્રવાદ અને આતંકવાદ વિરુદ્ધ યોજાયેલી એક ઉચ્ચ સ્તરીય મંત્રી સ્તરીય બેઠકમાં ભારતે આતંકવાદ પ્રત્યે પોતાનું કડક અને સ્પષ્ટ વલણ ફરી એકવાર વિશ્વ સમક્ષ દોહરાવ્યું છે. દુનિયાના ૬૭ દેશોની હાજરીવાળી આ મહત્વપૂર્ણ બેઠકમાં ભારતનું પ્રતિનિધિત્વ અમેરિકામાં ભારતના રાજદૂત વિનય ક્વાત્રાએ કર્યું હતું. બેઠક દરમિયાન અમેરિકી વિદેશ મંત્રી માર્કો રુબિયોના એક નિવેદન સામે ભારતે આડકતરો વિરોધ નોંધાવ્યો છે.અમેરિકી વિદેશ મંત્રી માર્કો રુબિયોએ પોતાના સંબોધનમાં દાવો કર્યો હતો કે, વૈશ્વિક સ્તરે હવે જિહાદી કે કટ્ટરપંથી ઈસ્લામિક આતંકવાદનો ખતરો ઘણો ઓછો થઈ ગયો છે અને હવે દુનિયાએ ડાબેરી આતંકવાદ વિરુદ્ધ એક થવાની જરૂર છે.અમેરિકાના આ નિવેદન વચ્ચે ભારતીય રાજદૂત વિનય ક્વાત્રાએ વૈશ્વિક મંચ પર સ્પષ્ટ કરી દીધું કે આતંકવાદને કોઈ શ્રેણીમાં વહેંચી શકાય નહી. ભારતે સ્પષ્ટ કર્યું કે આતંકવાદના તમામ સ્વરૂપો સામે 'ઝીરો ટોલરન્સ' ની નીતિ અપનાવવી જ પડશે. ક્વાત્રાએ ભારતમાં નક્સલવાદ (ડાબેરી ઉગ્રવાદ) સામે લડવાના દેશના લાંબા અનુભવો શેર કર્યા હતા, સાથે જ સરહદ પારના આતંકવાદ અને અલગતાવાદી એજન્ડાને પ્રોત્સાહન આપતા સંગઠનોનો મુદ્દો જોરશોરથી ઉઠાવ્યો હતો.અમેરિકાનું આ મૂલ્યાંકન ભારતની જમીની હકીકત સાથે જરાય મેળ ખાતું નથી. ભારત માટે જિહાદી આતંકવાદ આજે પણ એટલો જ ઘાતક અને મોટો ખતરો છે જેટલો એક દાયકા પહેલા હતો, જેનો સૌથી તાજો અને મોટો પુરાવો ૨૦૨૫ માં થયેલો પહેલગામ આતંકવાદી હુમલો છે. આ બેઠક માટે ભારતના વિદેશ મંત્રી એસ. જયશંકરને આમંત્રણ આપવામાં આવ્યું હતું, પરંતુ તેઓ પ્રવાસે હોવાને કારણે રાજદૂત વિનય ક્વાત્રાએ હાજરી આપી હતી.અમેરિકાએ આ બેઠકનો સંપૂર્ણ એજન્ડા માત્ર ડાબેરી આતંકવાદ પર કેન્દ્રિત કર્યો હોવાને કારણે ભારત સહિત ઘણા દેશો અસંમત દેખાયા હતા.

## ઈરાનનું અમેરિકાને અલ્ટીમેટમ, 'હુમલા બંધ નહીં થાય તો આર-પારનો જંગ શરૂ થશે

### ઈરાને અત્યંત આક્રમક વલણ અપનાવતા 'આર-પાર' ના જંગની જાહેરાત કરી દીધી

તહેરાન,

અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલ લશ્કરી તણાવ હવે ચરમસીમાએ પહોંચ્યો છે. અમેરિકા દ્વારા કરવામાં આવી રહેલા સતત હવાઈ હુમલાઓ સામે ઈરાને અત્યંત આક્રમક વલણ અપનાવતા 'આર-પાર'ના જંગની જાહેરાત કરી દીધી છે, જેને પગલે વૈશ્વિક સ્તરે ચિંતાના વાદળો ઘેરાયા છે.

ઈરાનના સુપ્રીમ લીડર આયાતુલ્લા અલી ખામેનેઈના ટોચના લશ્કરી સલાહકાર અને રિવોલ્યુશનરી ગાર્ડ્સ (ઈઝ્ઝ)ના પૂર્વ મુખ્ય કમાન્ડર મોહસીન રેઝાઈએ અમેરિકાને ચેતવણી આપી છે. ઈરાનના સરકારી ટેલિવિઝન પર લાઈવ આવીને રેઝાઈએ જણાવ્યું કે 'જો અમેરિકા પોતાની સૈન્ય કાર્યવાહી તાત્કાલિક બંધ નહીં કરે, તો ઈરાન પોતાનું રક્ષણાત્મક વલણ છોડીને મોટા પાયે આક્રમક લશ્કરી ઓપરેશન શરૂ કરશે.'

વૈશ્વિક સ્તરે થયેલા યુદ્ધવિરામનો ભંગ થયાના બરાબર એક અઠવાડિયા બાદ ઈરાને શનિવારે વોશિંગ્ટનના ખાડી સાથી દેશો અને જોર્ડન પર મિસાઈલો તથા ડ્રોન વડે હુમલાઓ તીવ્ર બનાવ્યા છે. જોર્ડનમાં થયેલા આ મિસાઈલ હુમલામાં બે અમેરિકી સૈનિકોના મોત થયા હોવાના પણ અહેવાલ છે, જેનાથી સ્થિતિ વધુ વણસી છે.

ઈરાનના આરોગ્ય મંત્રાલય દ્વારા જાહેર કરાયેલા સત્તાવાર આંકડા મુજબ, છેલ્લા ત્રણ અઠવાડિયા દરમિયાન ઈરાની લશ્કરી થાણાઓ પર અમેરિકાએ કરેલા હુમલામાં અત્યાર સુધીમાં ૫૦ લોકોના મોત થયા છે, જ્યારે ૫૦૦ થી વધુ લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે. લશ્કરી નિષ્ણાતોના મતે મોહસેન રેઝાઈના આ નિવેદનનો સંકેત સ્પષ્ટ છે કે ઈરાન હવે મિડલ ઈસ્ટમાં આવેલા તમામ યુએસ સૈન્ય બેઝ, યુદ્ધ જહાજો અને અમેરિકાના મિત્ર દેશો (જેવા કે ઈઝરાયલ, જોર્ડન અને ગલ્ફ કન્ટ્રીઝ) પર એકસાથે પોતાની ઘાતક બેલિસ્ટિક મિસાઈલો અને ડ્રોન વડે મોટો મહા-પલટવાર કરવાની તૈયારી કરી રહ્યું છે.

## અમરનાથ યાત્રા સ્થગિત, વૈષ્ણોદેવી દર્શન પણ બંધ, ભારે વરસાદ અને પૂરથી કાશ્મીરમાં સ્થિતિ વધુ ખરાબ

### માર્ગની સલામતી સુનિશ્ચિત અને હવામાનની સ્થિતિનું સંપૂર્ણ મૂલ્યાંકન કર્યા પછી યોગ્ય સમયે યાત્રા ફરી શરૂ કરવા જાહેર કરવામાં આવશે

બાલતાલ,

જમ્મુ અને કાશ્મીરમાં વરસાદની ચેતવણીને કારણે, બાલતાલ રૂટ પરથી અમરનાથ યાત્રા અસ્થાયી રૂપે સ્થગિત કરવામાં આવી છે.

યાત્રાળુઓને આગામી સૂચના સુધી બાલતાલ બેઝ કેમ્પ અને નજીકના લંગરમાં રહેવાનું કહેવામાં આવ્યું છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે ખરાબ હવામાનની આગાહીને ધ્યાનમાં રાખીને અમરનાથ યાત્રા ૧૯ જુલાઈથી અસ્થાયી રૂપે સ્થગિત કરવામાં આવી. યાત્રાળુઓને બાલતાલ અને નુનવાન/ચંદનવારી બેઝ કેમ્પથી આગળ વધવાની મંજૂરી આપવામાં આવશે નહીં. ભારે વરસાદને કારણે સાવચેતીના પગલા તરીકે વૈષ્ણોદેવી યાત્રાને પણ આગામી આદેશો સુધી સ્થગિત કરવામાં આવી છે.

એક નિવેદનમાં, કાશ્મીર વિભાગીય કમિશનર અંશુલ ગર્ગે જણાવ્યું હતું કે ભારતીય હવામાન વિભાગ દ્વારા જારી કરાયેલ ખરાબ હવામાનની આગાહીને ધ્યાનમાં રાખીને, યાત્રાળુઓની સલામતી અને સુખાકારી માટે સાવચેતીના પગલા તરીકે, ૧૯ જુલાઈ,



૨૦૨૬ થી પહેલગામ અને બાલતાલ બંને રૂટ પરથી અમરનાથજી યાત્રાને અસ્થાયી રૂપે સ્થગિત કરવામાં આવી.

અંશુલ ગર્ગે જણાવ્યું હતું કે યાત્રા ફરી શરૂ કરવા અંગેની માહિતી માર્ગની સલામતી સુનિશ્ચિત કર્યા પછી અને હવામાનની સ્થિતિનું સંપૂર્ણ મૂલ્યાંકન કર્યા પછી યોગ્ય સમયે જાહેર કરવામાં આવશે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, ચાલુ શ્રી અમરનાથજી યાત્રા દરમિયાન અત્યાર સુધીમાં ૩.૭૬ લાખથી વધુ યાત્રાળુઓ ગુફા મંદિરના દર્શન કરી ચૂક્યા છે.

સાવચેતીના પગલા તરીકે અમરનાથ યાત્રા સ્થગિત કરવા અંગે, એક યાત્રાળુએ કહ્યું, "અમે અમરનાથ યાત્રા માટે જમ્મુ આવ્યા હતા. અમને જાણવા મળ્યું કે અહીં ભારે વરસાદની અપેક્ષા છે, તેથી સરકારે યાત્રા ત્રણ દિવસ માટે સ્થગિત કરી છે.

## પૂંચમાં પૂર અને ભૂસ્ખલનથી ભારે તબાહી

### એક રાતના વરસાદથી ઘણા ઘરોનો નાશ થયો, સુરનકોટમાં ૧૧ લોકોના મોત

જમ્મુ,

જમ્મુ અને કાશ્મીરના પૂંચ જિલ્લામાં ભારે વરસાદે ભારે તબાહી મચાવી છે. શનિવારની મોડી રાતથી રવિવાર સવાર સુધી પડેલા મુશળધાર વરસાદને કારણે અનેક વિસ્તારોમાં અચાનક પૂર અને ભૂસ્ખલન થયું છે. અત્યાર સુધીમાં, અકસ્માતોમાં ૧૧ લોકોના મોત થયા છે, જ્યારે ઘણા લોકો ગુમ થયાના અહેવાલ છે. ત્રણ બાળકો સહિત ઓછામાં ઓછા ચાર લોકો ઘાયલ થયા છે.

જિલ્લાના સુરનકોટ તહેસીલને વરસાદથી ખાસ અસર થઈ છે. અનેક ઘરો ભૂસ્ખલનનો ભોગ બન્યા છે. વહીવટીતંત્ર, પોલીસ અને સેનાની ટીમો સતત રાહત અને બચાવ કામગીરી ચલાવી રહી છે.



લોઅર માડા ગામમાં ભૂસ્ખલનથી એક ઘર કાટમાળ નીચે દટાઈ ગયું. માલિક, મોહમ્મદ લતીફ અને તેના પરિવારના પાંચ અન્ય સભ્યો ગુમ થયા. બચાવ કામગીરી દરમિયાન કાટમાળમાંથી આઠ મૃતદેહ મળી આવ્યા છે.સાંગલેયાની ગામમાં એક ઘર તૂટી પડતાં ૧૮ વર્ષીય યુવકનું મોત થયું. મરહોટ ગામમાં, ઈરમ નામની એક સગીર છોકરી ઝડપથી વહેતા નાળામાં તણાઈ ગઈ અને તેનું મોત થયું. ધુંધક લાથુંગ પુલ પાસેના નાળામાંથી એક અજાણી મહિલાનો મૃતદેહ મળી આવ્યો.

પૂંચના નુનાબંધી ગામમાં, ભારે વરસાદને કારણે એક ઘર તૂટી પડ્યું, જેમાં ૨૮ વર્ષીય નાઝિયા કૌસરનું મોત થયું. તેના પતિ, મોહમ્મદ હાફીઝ અને બે થી છ વર્ષની વયના ત્રણ બાળકોને ઈજાઓ સાથે બચાવી લેવામાં આવ્યા. બધા ઘાયલોને રાજા સુખદેવ સિંહ જિલ્લા હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા.

સુરનકોટ તાલુકાના માડા ગામમાં ક્ષતિગ્રસ્ત ઘરમાંથી મૃતદેહો કાઢવાનું કાર્ય. અધિકારીઓના જણાવ્યા અનુસાર, કાટમાળમાંથી આઠ મૃતદેહો બહાર કાઢવામાં આવ્યા છે.

## ખડગે અને રાહુલ ગાંધીએ પીએમ મોદીને પત્ર લખીને રામ મંદિરના પ્રસાદ ચોરીના કેસની તપાસની માંગણી કરી

લખનૌ,

અયોધ્યા રામ મંદિરના પ્રસાદ ચોરીનો મામલો દેશભરમાં ચર્ચાનો વિષય રહ્યો છે. હવે, કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે અને લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ આ બાબતે પીએમ મોદીને પત્ર લખ્યો છે.

પીએમ મોદીને લખેલા સંયુક્ત પત્રમાં, મલ્લિકાર્જુન ખડગે અને રાહુલ ગાંધીએ જણાવ્યું હતું કે, "અમે તમને ટ્રસ્ટના નાણાકીય બાબતોની તાત્કાલિક સ્વતંત્ર અને વ્યાપક તપાસનો આદેશ આપવા વિનંતી કરીએ છીએ, જેમાં રોકડ, સોનું અને ચાંદી સહિત તમામ પ્રસાદના સંચાલનનો સમાવેશ થાય છે. તપાસના પરિણામો અને ટ્રસ્ટના હિસાબો જાહેર કરવા જોઈએ જેથી દરેક ભક્ત જાણી શકે કે તેમના પ્રસાદનો ઉપયોગ કેવી રીતે થયો છે."

ખડગે અને રાહુલ ગાંધીએ એક અલગ પત્રમાં માંગ કરી હતી કે પીએમ મોદી શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટમાં કથિત નાણાકીય ગેરરીતિઓ અને રામ મંદિરમાંથી પ્રસાદની ચોરીની કથિત ચોરીની તાત્કાલિક સ્વતંત્ર અને વ્યાપક તપાસનો આદેશ આપે.

કોંગ્રેસના બંને નેતાઓએ માંગ કરી હતી કે ટ્રસ્ટના નાણાકીય બાબતો, ભક્તો પાસેથી મળેલા રોકડ, સોનું અને ચાંદી સહિત તમામ પ્રસાદના સંચાલનની તપાસ કરવામાં આવે અને તપાસ અહેવાલ અને ટ્રસ્ટના હિસાબો જાહેર કરવામાં આવે.

સંયુક્ત પત્રમાં જણાવાયું છે કે રામ મંદિરમાં પ્રસાદની ચોરીના આરોપોથી લાખો ભક્તો જેમણે પોતાની મહેનતથી કમાયેલા પૈસા મંદિર માટે દાન કર્યા છે તેઓ છેતરાયા હોવાનો અનુભવ કરી રહ્યા છે.

ખડગે અને રાહુલ ગાંધીએ એ પણ નોંધ્યું હતું કે સુપ્રીમ કોર્ટના નિર્દેશ પછી વડા પ્રધાને સંસદમાં ટ્રસ્ટની રચનાની જાહેરાત કરી હતી, પરંતુ સરકારે તેના સભ્યોની નિમણૂક કરી હતી.

બંને કોંગ્રેસના નેતાઓએ જણાવ્યું હતું કે, "ટ્રસ્ટના ઘણા સભ્યો ઈજીજી અને વિશ્વ હિન્દુ પરિષદ અને તેમની સંલગ્ન સંસ્થાઓ સાથે સંકળાયેલા છે. આવી સ્થિતિમાં, પીએમ મોદીનું મૌન અસ્વીકાર્ય છે. જવાબદારી જાળવવાની અને ભક્તોના વિશ્વાસનું રક્ષણ કરવાની જવાબદારી પીએમની છે."

# ગુજરાતમાં જેશ-એ-મોહમ્મદ દ્વારા ૧૦૦થી વધુ યુવાનોને ભટકાવવાનો આતંકી પ્લાન નિષ્ફળ

### આ નેટવર્ક અંતર્ગત મદ્રાસાઓમાં જેહાદી સાહિત્ય વહેંચીને યુવાનોને ઉશ્કેરવાનો પ્રયાસ કરવામાં આવતો હતો

અમદાવાદ,

ગુજરાતમાં આતંકવાદી સંગઠન જેશ-એ-મોહમ્મદ દ્વારા ૧૦૦થી વધુ સ્થાનિક યુવાનોને આતંકવાદી પ્રવૃત્તિઓ માટે સક્રિય કરવાનું એક મોટું ષડયંત્ર રચાયું હતું, જેનો ગુજરાત એન્ટી ટેરરિસ્ટ સ્ક્વોડ (એટીએસ) દ્વારા પર્દાફાશ કરવામાં આવ્યો છે. આ નેટવર્ક અંતર્ગત મદ્રાસાઓમાં જેહાદી સાહિત્ય વહેંચીને યુવાનોને ઉશ્કેરવાનો પ્રયાસ કરવામાં આવતો હતો, જેથી ગુજરાતમાં બોમ્બ બ્લાસ્ટ જેવી મોટી હિંસક ઘટનાઓને અંજામ આપી શકાય. જોકે, એટીએસની ટીમે સમયસર તપાસ હાથ ધરીને મુખ્ય આતંકવાદીઓ સહિત તેમના સમગ્ર નેટવર્કને ઝડપી લીધું છે. હાલ આ મામલે સઘન પૂછપરછ ચાલી રહી છે અને આગામી સમયમાં તપાસ દરમિયાન વધુ મોટા ખુલાસા થવાની શક્યતા એટીએસ દ્વારા વ્યક્ત કરવામાં આવી છે.

મળતી માહિતી અનુસાર, જેશ-એ-મોહમ્મદના આકાઓ દ્વારા ગુજરાતના ૧૦૦થી વધુ સ્થાનિક યુવાનોને આતંકવાદી પ્રવૃત્તિઓ તરફ વાળવા અને તેમને સક્રિય કરવા માટેનું એક ચોક્કસ નેટવર્ક ઊભું કરવામાં આવ્યું હતું. આ નેટવર્કનો મુખ્ય ઉદ્દેશ્ય યુવાનોનું ધાર્મિક કટ્ટરતા તરફ બ્રેઈનવોશ કરીને દેશવિરોધી પ્રવૃત્તિઓમાં જોડવાનો હતો.

આ નેટવર્ક અત્યંત ગુપ્ત રીતે પોતાનું કામ કરી રહ્યું હતું. તપાસમાં સામે આવ્યું છે કે કેટલીક મદ્રાસાઓ અને ચોક્કસ વિસ્તારોમાં જેહાદી સાહિત્ય અને ભડકાઉ સામગ્રીવહેંચવામાં આવતી હતી. યુવાનોના મનમાં કટ્ટરતાના બીજ વાવીને તેમને દેશની વ્યવસ્થા સામે ઉશ્કેરવાના પ્રયાસો કરવામાં આવતા હતા. સોશિયલ મીડિયા અને પર્સનલ મીટિંગ્સ દ્વારા યુવાનોને આ ભ્રમિત માર્ગે ચાલવા માટે પ્રેરિત કરવામાં આવતા હતા.

ગુજરાત એટીએસની ટીમે ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરીને આ સમગ્ર મોડ્યુલના મુખ્ય આતંકવાદીઓ અને તેમની સાથે જોડાયેલા નેટવર્કને ઝડપી લીધા છે. તેમની પાસેથી વાંધાજનક ડિજિટલ પુરાવા અને સાહિત્ય પણ કબજે કરવામાં આવ્યું છે. આ પર્દાફાશ બાદ જે સૌથી ચોંકાવનારી વિગત સામે આવી છે તે એ છે કે, આ નેટવર્ક માત્ર યુવાનોને કટ્ટરપંથી બનાવવાનું જ કામ નહોતું કરતું, પરંતુ તેઓ ગુજરાતમાં મોટા પાયે બોમ્બ બ્લાસ્ટ અને હિંસક ઘટનાઓને અંજામ આપવાની ફિરાકમાં હતા. રાજ્યની શાંતિ અને સલામતી જોખમાય અને જાનમાલનું મોટું નુકસાન થાય તેવું ભયાનક કાવતરું ઘડવામાં આવી રહ્યું હતું. જો કે, આ ષડયંત્ર તેના અંતિમ તબક્કા સુધી પહોંચે તે પહેલાં જ એજન્સીઓએ તેના પર પાણી ફેરવી દીધું છે. હાલમાં એટીએસની ટીમ પકડાયેલા શંકાસ્પદોની સઘન પૂછપરછ કરી રહી છે. આ નેટવર્કને ફંડિંગ ક્યાંથી મળતું હતું, સ્થાનિક સ્તરે તેમને કોણ મદદ કરી રહ્યું હતું અને પાકિસ્તાન બેઠેલા આકાઓ સાથે તેમનો સંપર્ક કઈ એપ્લિકેશન દ્વારા થતો હતો તેની ઝીણવટભરી તપાસ ચાલી રહી છે. એટીએસના ઉચ્ચ અધિકારીઓના જણાવ્યા અનુસાર, આગામી દિવસોમાં આ મામલે વધુ મોટા ખુલાસા થવાની અને અન્ય કેટલાક સ્થાનિક સાગરીતોની ધરપકડ થવાની પૂરેપૂરી શક્યતા છે.

# ખાદ્યતેલના ભાવમાં ભડકો, છેલ્લા ૧૫ દિવસમાં સીંગતેલ અને કપાસિયા તેલના ભાવમાં ૧૬૫થી ૧૫૫ રૂપિયાનો વધારો ઝીંકાયો!

### આવક સ્થિર નહીં થાય, તો આગામી દિવસોમાં ખાદ્યતેલના ભાવ હજુ પણ વધી શકે છે: બજારના નિષ્ણાતો

રાજકોટ,

તહેવારોની સીઝન નજીક આવી રહી છે ત્યારે જ સામાન્ય જનતાના ખિસ્સા પર મોંઘવારીનો મોટો માર પડ્યો છે. સૌરાષ્ટ્રના મુખ્ય માર્કેટ ગણાતા રાજકોટમાં ખાદ્યતેલના ભાવમાં વધારાનો સિલસિલો સતત યથાવત રહ્યો છે. ગૃહિણીઓનું બજેટ ખોરવતા આ ભાવવધારામાં આજે ફરી એકવાર સીંગતેલ અને કપાસિયા તેલના ભાવમાં તોતિંગ વધારો ઝીંકાયો છે.



કપાસિયા તેલના ડબ્બાના ભાવમાં રૂપિયા ૪૦નો વધારો થયો છે.

બજારના સૂત્રોના જણાવ્યા અનુસાર, આજે ફરી એકવાર તેલના ડબ્બાના ભાવમાં મોટો ઉછાળો જોવા મળ્યો છે, સીંગતેલના ડબ્બાના ભાવમાં રૂપિયા ૩૦નો વધારો નોંધાયો છે. જ્યારે કપાસિયા તેલના ડબ્બાના ભાવમાં રૂપિયા ૪૦નો વધારો થયો છે.

આ કોઈ એક દિવસનો આંચકો નથી, પરંતુ છેલ્લા અડધા મહિનાથી ખાદ્યતેલના ભાવ સતત વધી રહ્યા છે. છેલ્લા માત્ર ૧૫ દિવસના ગાળામાં જ તેલના ભાવમાં થયેલો કુલ વધારો આંચકો આપનારો છે. છેલ્લા ૧૫ દિવસમાં સીંગતેલના ડબ્બે રૂપિયા ૧૬૫ વધી ગયા છે. કપાસિયા તેલના ડબ્બે છેલ્લા ૧૫ દિવસમાં રૂપિયા ૧૫૫નો તોતિંગ વધારો થયો છે.

ખાદ્યતેલના વેપારીઓ અને બજારના વિશ્લેષકોના જણાવ્યા અનુસાર, આ વર્ષે મગફળી અને કપાસના વાવેતરમાં મોટો ઘટાડો જોવા મળ્યો છે. ઓછું વાવેતર થવાને કારણે બજારમાં કાચા માલની આવક મર્યાદિત છે, જેને પગલે ડિમાન્ડ સામે સપ્લાય ઓછી હોવાથી તેલના ભાવ સતત વધી રહ્યા છે.

બજારના નિષ્ણાતોનું માનવું છે કે જો આવક સ્થિર નહીં થાય, તો આગામી દિવસોમાં ખાદ્યતેલના ભાવ હજુ પણ વધી શકે છે. આ આશંકાના કારણે મધ્યમવર્ગીય પરિવારોમાં ચિંતાનો માહોલ જોવા મળી રહ્યો છે.

# પાટણમાં પ્રેમલગ્ન કરનાર પતિએ પોતાની પત્નીને મોતને ઘાટ ઉતારી દીધી

### યુવતીની પાટણની હોટલ '૮૯'ના એક રૂમમાંથી શંકાસ્પદ હાલતમાં લાશ મળી આવી

પાટણ,

પાટણ શહેરની એક હોટલમાંથી મળી આવેલી મહિલાની લાશના મામલે એક ચોંકાવનારો ખુલાસો થયો છે. પ્રેમલગ્ન કરનાર પતિએ જ પોતાની પત્નીને મોતને ઘાટ ઉતારી દીધી હોવાની ઘટના સામે આવતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. પોલીસ હાલમાં હત્યારા પતિ અને તેના સાથીદારને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

મળતી માહિતી મુજબ, અમદાવાદની રહેવાસી શ્રેયા પટની નામની યુવતીની પાટણની હોટલ '૮૯'ના એક રૂમમાંથી શંકાસ્પદ હાલતમાં લાશ મળી આવી હતી. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે શ્રેયાની તેના જ પતિએ ગળું દબાવીને ઘાતકી હત્યા કરી નાખી હતી. પ્રેમલગ્નના પવિત્ર સંબંધોને લજવતો આ કિસ્સો પ્રકાશમાં આવતા ચકચાર મચી ગઈ છે.

હોટલના સ્ટાફ પાસેથી મળેલી વિગતો અનુસાર, દંપતી હોટલના રૂમમાં માત્ર બે કલાક જેટલો સમય જ રોકાયું હતું. આ ગાળા દરમિયાન પતિએ પત્નીની હત્યા નિપજાવી દીધી હતી. હત્યા કર્યા બાદ આરોપી પતિ હોટલના સંચાલકને એવું કહીને નીકળ્યો હતો કે, "હું ફોન કરું ત્યારે જ રૂમનો દરવાજો ખોલજો." આટલું કહીને તે પોતાનો મોબાઈલ ફોન સ્વીચ ઓફ કરીને ત્યાંથી નાસી છૂટ્યો હતો. હોટલ સ્ટાફને શંકા જતાં રૂમ તપાસતા શ્રેયાનો મૃતદેહ મળી આવ્યો હતો.

આ ઘટનાની જાણ થતાં જ પાટણ પોલીસ અને એલસીબીની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગઈ હતી. પોલીસે હોટલના સીસીટીવી ફૂટેજ સહિતના તમામ વૈજ્ઞાનિક પુરાવાઓ એકઠા કરીને આગળની તપાસ હાથ ધરી છે.

હાલમાં આ ઘાતકી હત્યાના ગુનામાં પતિ સહિત બે વ્યક્તિઓ સામે ફરિયાદ દાખલ કરવામાં આવી છે.

# સુરતમાં પાવરગ્રીડ ટાવર મુદ્દે ખેડૂતોનો વિરોધ, 'વળતર નહીં તો ટાવર નહીં'ના નારા સાથે કલેક્ટર કચેરીએ હલ્લાબોલ

### સરકારના નવા વળતર પરિપત્રનો વિરોધ નોંધાવ્યો, ખેડૂતોએ જાહેરમાં પરિપત્રની હોળી કરી

સુરત,

સુરત જિલ્લામાં ખાનગી કંપનીઓ દ્વારા પાવરગ્રીડ લાઈન અને હાઈ-વોલ્ટેજ વીજ ટાવર સ્થાપવાની કામગીરી સામે ખેડૂતોનો વિરોધ હવે વધુ તીવ્ર બન્યો છે. પોતાની ખેતીની જમીન, આજીવિકા અને ભવિષ્યને લઈને ચિંતિત ખેડૂતો મોટી સંખ્યામાં સુરત જિલ્લા કલેક્ટર કચેરીએ એકત્ર થયા હતા અને સરકારના નવા વળતર પરિપત્રનો વિરોધ નોંધાવ્યો હતો. વિરોધ દરમિયાન ખેડૂતોએ જાહેરમાં પરિપત્રની હોળી કરી અને "વળતર નહીં તો ટાવર નહીં" તથા "જમીન અમારી માં છે" જેવા સૂત્રોચ્ચાર કર્યા.



આ વિરોધ કાર્યક્રમમાં ઓલપાડ, કામરેજ, માંગરોળ, બારડોલી, મહુવા, પલસાણા સહિત સુરત જિલ્લાના વિવિધ તાલુકાઓમાંથી ખેડૂતો ટ્રેક્ટર અને અન્ય વાહનો મારફતે કલેક્ટર કચેરીએ પહોંચ્યા હતા. ખેડૂત સંગઠનોના આગેવાનો અને અસરગ્રસ્ત જમીન માલિકોએ બેનરો અને પ્લેકાર્ડ સાથે સરકાર સામે વિરોધ વ્યક્ત કર્યો અને વળતર ન મળે ત્યાં સુધી પાવરગ્રીડ ટાવરની કામગીરીનો વિરોધ ચાલુ રાખવાની ચેતવણી આપી.

ખેડૂતોનું કહેવું છે કે ખાનગી કંપનીઓ તેમની જમીન પર વીજ ટાવર ઉભા કરવા માંગે છે, પરંતુ તેના બદલામાં મળતું વળતર બજાર કિંમતની સરખામણીએ ખૂબ ઓછું છે. તેમના મતે ટાવર ઉભા થયા બાદ માત્ર ટાવર આવેલી જગ્યા જ નહીં, પરંતુ તેની આસપાસનો વિસ્તાર પણ ખેતી માટે મર્યાદિત થઈ જાય છે, જેના કારણે લાંબા ગાળે ખેડૂતોને આર્થિક નુકસાન સહન કરવું પડે છે. ખેડૂત આગેવાનોએ સ્પષ્ટ જણાવ્યું કે જ્યાં સુધી યોગ્ય વળતર નહીં મળે ત્યાં સુધી કોઈપણ કંપનીને તેમની જમીન પર કામગીરી કરવાની મંજૂરી આપવામાં નહીં આવે.

રાજ્ય સરકારે તાજેતરમાં વીજ ટાવર માટે જમીન ઉપયોગ અને વળતર સંબંધિત નવો પરિપત્ર જાહેર કર્યો છે. સરકારનો દાવો છે કે આ પરિપત્ર ખેડૂતોને વળતર આપવા માટે તૈયાર કરવામાં આવ્યો છે. જોકે વિરોધ કરી રહેલા ખેડૂતોના જણાવ્યા મુજબ પરિપત્રમાં નક્કી કરાયેલા વળતરના દરો વર્તમાન બજાર કિંમત કરતાં ઘણા ઓછા છે. તેથી તેમણે આ પરિપત્રને સ્વીકારવાનો ઈનકાર કરી જાહેરમાં તેની પ્રતિકાત્મક હોળી કરી હતી. ખેડૂત સંગઠનોએ સરકાર સમક્ષ કેટલીક મુખ્ય માંગણીઓ રજૂ કરી છે: પાવરગ્રીડ ટાવર માટે ઉપયોગમાં લેવાતી જમીનનું વળતર વર્તમાન બજાર કિંમતના ચાર ગણાં દરે ચૂકવવું.

# વડોદરાના યવતેશ્વર મહાદેવ ટ્રસ્ટની જમીન પરથી દબાણો દૂર, ૩૫ વર્ષની કાનૂની લડત બાદ હાઇકોર્ટના આદેશનું પાલન

વડોદરા,

વડોદરાના કાળાઘોડા વિસ્તાર પાસે વિશ્વામિત્રી નદીના કિનારે આવેલી ઐતિહાસિક શ્રી યવતેશ્વર મહાદેવ ટ્રસ્ટની જમીન પર વર્ષોથી ચાલતો વિવાદ હવે નિર્ણાયક તબક્કે પહોંચ્યો છે. ગુજરાત હાઈકોર્ટના ચુકાદા અને સ્ટેટસ ક્વો પૂર્ણ થયા બાદ વહીવટી તંત્રે ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે ટ્રસ્ટની જમીન પર થયેલા દબાણો દૂર કરવાની કાર્યવાહી હાથ ધરી હતી. અધિકારીઓની હાજરીમાં જેસીબીની મદદથી કંપાઉન્ડમાં ઉભા કરાયેલા શોરૂમ, અન્ય બાંધકામો અને કબજાઓ દૂર કરવામાં આવ્યા હતા. કાર્યવાહી દરમિયાન સમગ્ર વિસ્તારને પોલીસ છાવણીમાં ફેરવી દેવામાં આવ્યો હતો.

શ્રી યવતેશ્વર મહાદેવ ટ્રસ્ટની માલિકીની ગણાતી આશરે ૧.૩૯ લાખ ચોરસ મીટર જમીન અંગે છેલ્લા ત્રણ દાયકાથી વધુ સમયથી કાનૂની વિવાદ ચાલી રહ્યો હતો. જમીન પર કેટલાક વ્યક્તિઓએ માલિકીનો દાવો કરતાં મામલો ચેરીટી કમિશનરથી લઈને ગુજરાત હાઈકોર્ટ સુધી પહોંચ્યો હતો. ગુજરાત હાઈકોર્ટે તમામ દાવેદારોની અપીલો ફગાવી ટ્રસ્ટના પક્ષમાં ચુકાદો આપ્યો હતો. ત્યારબાદ સ્ટેટસ ક્વો પૂર્ણ થતાં જિલ્લા વહીવટી તંત્રે પ્રથમ તબક્કે સમગ્ર જમીનની ફેન્સિંગ કરી અને પછી દબાણો દૂર કરવાની કાર્યવાહી શરૂ કરી. યવતેશ્વર કંપાઉન્ડમાં વર્ષોથી વિવિધ પ્રકારના કબજાઓ કરવામાં આવ્યા હતા. તેમાં વ્યાવસાયિક શોરૂમ, ક્રિકેટ માટે તૈયાર કરાયેલ મેદાન તેમજ અન્ય બાંધકામોનો સમાવેશ થતો હતો. વહીવટી તંત્રે પોલીસ સુરક્ષા વચ્ચે જેસીબી અને અન્ય મશીનરીની મદદથી તમામ ગેરકાયદેસર બાંધકામો દૂર કર્યા હતા. કાર્યવાહી દરમિયાન કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે સવારથી જ વિશાળ પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

દબાણ દૂર કરવાની કાર્યવાહી પહેલાં જિલ્લા કલેક્ટરની અધ્યક્ષતામાં ઉચ્ચસ્તરીય બેઠક યોજાઈ હતી. બેઠકમાં પ્રાંત અધિકારીઓ, નાયબ મામલતદારો અને દબાણ શાખાના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. બેઠક બાદ સંબંધિત લોકોને સ્થળ ખાલી કરવાની સૂચના આપવામાં આવી હતી. જોકે કેટલાક રહેવાસીઓએ વધુ સમયની માંગ કરી હતી, તેમ છતાં હાઈકોર્ટના આદેશને ધ્યાનમાં રાખીને કાર્યવાહી યથાવત રાખવામાં આવી. કાર્યવાહી દરમિયાન જિલ્લા કલેક્ટર અનિલ ધામેલિયા, અધિક નિવાસી કલેક્ટર બી.એસ. પટેલ, જોઈન્ટ પોલીસ કમિશનર, ડીસીપી સહિતના ઉચ્ચ અધિકારીઓ સ્થળ પર હાજર રહ્યા હતા. અધિકારીઓએ સમગ્ર કામગીરીનું નિરીક્ષણ કર્યું અને કાયદો-વ્યવસ્થા જળવાઈ રહે તે માટે જરૂરી સૂચનાઓ આપી હતી.

શ્રી યવતેશ્વર મહાદેવ મંદિર ગાયકવાડ શાસનકાળના અંતિમ ૧૮મી સદીનું ઐતિહાસિક મંદિર માનવામાં આવે છે. મંદિર સાથે જોડાયેલી કિંમતી જમીન પર પૂર્વ વડોદરા રાજવી પરિવાર અને કેટલાક ખરીદદારો માલિકીનો દાવો કરતા હતા. બીજી તરફ, આ જમીન જાહેર ટ્રસ્ટની મિલકત હોવાનું ટ્રસ્ટ દ્વારા રજૂ કરવામાં આવ્યું હતું. આ મુદ્દે ચેરીટી કમિશનર કચેરીથી લઈને ગુજરાત હાઈકોર્ટ સુધી ૩૫ વર્ષથી વધુ સમય સુધી કાનૂની લડત ચાલી હતી.

# માત્ર ૨ ઈંચ વરસાદમાં ફરી સુરત-નવસારી પાણી પાણી, ગુજરાતના ૯૫ તાલુકાઓમાં વરસાદ

અમદાવાદ,

ગુજરાતમાં ચોમાસું પુરેપુરી રીતે સક્રિય થયું છે. છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યભરમાં સાર્વત્રિક વરસાદી માહોલ જોવા મળી રહ્યો છે. દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર સહિત રાજ્યના અનેક વિસ્તારોમાં મેઘરાજા ધમાકેદાર બેટિંગ કરી રહ્યા છે. હવામાન વિભાગની આગાહી વચ્ચે રાજ્યના ૯૫ જેટલા તાલુકાઓમાં વરસાદ નોંધાયો છે, જેના કારણે ક્યાંક ખુશી તો ક્યાંક સ્થાનિક લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

ડાયમંડ સિટી સુરતમાં ફરી એકવાર તંત્રની પ્રી-મોન્સૂન કામગીરીના ધજાગરા ઉડ્યા છે. વહેલી સવારે માત્ર ૨ ઈંચ જેટલા સામાન્ય વરસાદમાં જ સુરતનો ઉધના વિસ્તાર પાણી-પાણી થઈ ગયો હતો. સુરતના અલગ-અલગ નીચાણવાળા વિસ્તારોમાં પાણી



ભરાઈ જતાં વાહનચાલકો અને સ્થાનિક લોકો પારાવાર મુશ્કેલીમાં મુકાયા હતા. ખાસ કરીને ઉધના-નવસારી રોડ પર નદી વહેતી હોય તેવા દ્રશ્યો સર્જાયા હતા. આ ઉપરાંત પ્રસિદ્ધ દક્ષેશ્વર મંદિર નજીક ઘૂંટણસમા પાણી ભરાઈ જવાથી સવારના સમયે નોકરી-ધંધે જતાં લોકોને ભારે હાલાકી ભોગવવી પડી હતી.

સુરતની સાથોસાથ નવસારી શહેરમાં પણ વહેલી સવારથી જ મેઘરાજાએ તોફાની ઈનિંગ શરૂ કરી છે. નવસારીના સ્ટેશન રોડ, ધાનેરા પોઈન્ટ, તીઘરા અને જકાતનાકા સહિતના મુખ્ય વિસ્તારોમાં ધોધમાર વરસાદ તૂટી પડ્યો હતો. સતત વરસેલા આ વરસાદને કારણે શહેરના મુખ્ય માર્ગો પર પાણી ફરી વળ્યા હતા. રસ્તાઓ પર પાણી ભરાવાને કારણે વાહનોની ગતિ ધીમી પડી ગઈ હતી અને જનજીવન પ્રભાવિત થયું હતું. સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરના જણાવ્યા અનુસાર, છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યના ૯૫ તાલુકાઓમાં વરસાદી માહોલ છવાયેલો રહ્યો છે. જેમાં તાપીના વાલોડમાં અને વલસાડના ઉમરગામમાં સૌથી વધુ ૨.૫ ઈંચ જેટલો વરસાદ ખાબક્યો હતો. આ ઉપરાંત, રાજ્યના ૧૬ જેટલા તાલુકાઓ એવા છે જ્યાં ૨ ઈંચથી વધુ વરસાદ નોંધાતા સર્વત્ર પાણી-પાણી થઈ ગયું છે. દક્ષિણ ગુજરાતના ચીખલીમાં ૨૦ મિમી, સુરત શહેરમાં ૧૮ મિમી, જલાલપોર અને પારડીમાં ૧૪-૧૪ મિમી વરસાદ નોંધાયો છે. જ્યારે અંબિકા, નવસારી તાલુકામાં ૧૩ મિમી અને પલસાણામાં ૧૦ મિમી વરસાદ પડ્યો છે. આ સિવાય ખેડાના ફાગવેલમાં ૯ મિમી અને વલસાડમાં ૮ મિમી વરસાદ નોંધાયો છે.

# કેશોદમાં વ્હેલ માછલીની 'ઊલટી'ની તસ્કરીનો પર્દાફાશ, ૧.૬૩ કરોડના અંબરગ્રીસ સાથે બોટાદનો શખ્સ ઝબ્બે

### કેશોદ પોલીસે કાયદેસરની કાર્યવાહી કરીને આ સમગ્ર મામલો કેશોદ વન વિભાગને સોંપ્યો

જૂનાગઢ,

જિલ્લાની કેશોદ પોલીસે બાતમીના આધારે ઓપરેશન હાથ ધરીને માછલીની ઊલટી એટલે કે શંકાસ્પદ અંબરગ્રીસના જથ્થા સાથે એક શખ્સને ઝડપી પાડ્યો છે. આંતરરાષ્ટ્રીય બજારમાં આ જપ્ત કરાયેલા મુદ્દામાલની અંદાજિત કિંમત ?૧ કરોડથી વધુ હોવાનું મનાઈ રહ્યું છે. પોલીસે આરોપી અને મુદ્દામાલ આગળની કાર્યવાહી માટે વન વિભાગને સોંપી દીધા છે. કેશોદ પોલીસને ચોક્કસ માહિતી મળી હતી કે, એક શખ્સ વ્હેલ માછલીની ઊલટી વેચવા માટે ગ્રાહકની શોધમાં શહેરમાં આવી રહ્યો છે. આ બાતમીના આધારે પોલીસે વોચ ગોઠવીને શંકાસ્પદ શખ્સને દબોચી લીધો હતો. પોલીસની પ્રાથમિક પૂછપરછમાં ઝડપાયેલા આરોપીની ઓળખ બોટાદ જિલ્લાના ગાયત્રીનગર વિસ્તારના રહીશ વૈભવ અશ્વીનભાઈ શુક્લા તરીકે થઈ છે. પોલીસ અને વન વિભાગના સંયુક્ત નિવેદન અનુસાર, આરોપી પાસેથી ૧ કિલો ૬૨૪ ગ્રામ જેટલો શંકાસ્પદ અંબરગ્રીસનો જથ્થો, એક મોબાઈલ ફોન અને એક મોટરસાઈકલ જપ્ત કરવામાં આવ્યા છે. પોલીસના પ્રાથમિક અંદાજ મુજબ, આંતરરાષ્ટ્રીય બજારમાં આ પ્રતિબંધિત પદાર્થની કિંમત આશરે ૧ કરોડ ૬૩ લાખ જેટલી થાય છે. કેશોદ પોલીસે કાયદેસરની કાર્યવાહી કરીને આ સમગ્ર મામલો કેશોદ વન વિભાગને સોંપ્યો છે.

# વિસનગર પોક્સો કોર્ટ પેંડાની લાલચ આપી ૫ વર્ષની માસૂમ સાથે અડપલાં કરનાર વૃદ્ધને ૨૦ વર્ષની સખત કેદ

મહેસાણા,

વિસનગર: ઊંઝામાં પાંચ વર્ષની માસૂમ બાળકીને પેંડાની લાલચ આપી શારીરિક છેડતી કરવાના ગંભીર ગુનામાં વિસનગરની સ્પેશિયલ પોક્સો કોર્ટે એક ઐતિહાસિક અને કડક ચુકાદો સંભળાવ્યો છે. અદાલતે ૬૯ વર્ષના વૃદ્ધ આરોપીને દોષિત ઠેરવી ૨૦ વર્ષની સખત કેદની સજા અને રૂપિયા ૩૭,૦૦૦નો દંડ ફટકાર્યો છે. આ સાથે જ પીડિત બાળકીને લીગલ સર્વિસ ઓથોરિટીમાંથી રૂપિયા ૫ લાખનું આર્થિક વળતર ચૂકવવાનો પણ મહત્વનો આદેશ કર્યો છે. આ ચકચારી કેસની વિગત એવી છે કે, ઊંઝા ખાતે રહેતી પાંચ વર્ષ અને ૨૦ દિવસની બાળકી આરોપી રોશનલાલ ખત્રીના ઘર સામે રમી રહી હતી. આ દરમિયાન માસૂમ વયનો ગેરલાભ ઉઠાવી આરોપીએ તેને પેંડો આપવાની લાલચ આપી પોતાના ઘરમાં બોલાવી લીધી હતી. ઘરમાં લઈ જઈ આરોપીએ બાળકીને પલંગ પર સુવડાવી તેની સાથે અડપલાં કરી ગુપ્ત ભાગે ઈજાઓ પહોંચાડી હતી.

આ અમાનવીય કૃત્ય બાદ બાળકીને અસહ્ય દુખાવો ઉપડતા તેણે ઘરે જઈ પિતાને આપવીતી જણાવી હતી.

# ભાવનગરમાં ભારે હાલાકીના એંધાણ: આજથી અલગ-અલગ વિસ્તારોમાં ત્રણ દિવસ ૬-૬ કલાકનો વીજકાપ જાહેર

### ૨૦ જુલાઈથી ૨૨ જુલાઈ દરમિયાન સવારે ૬ વાગ્યાથી બપોરના ૧૨ વાગ્યા સુધી વીજ પુરવઠો બંધ રહેશે

ભાવનગર,

ભાવનગર શહેરના નાગરિકો માટે એક મહત્વના સમાચાર સામે આવ્યા છે. શહેરમાં વીજ લાઈન અને મેઈન્ટેનન્સની તાકીદની કામગીરીને પગલે આવતીકાલથી સતત ત્રણ દિવસ સુધી શહેરના જુદા-જુદા વિસ્તારોમાં પાવર કટ જાહેર કરવામાં આવ્યો છે. પીજીવીસીએલ દ્વારા આપવામાં આવેલી માહિતી મુજબ, આગામી ત્રણ દિવસ એટલે કે ૨૦ જુલાઈથી ૨૨ જુલાઈ દરમિયાન સવારે ૬ વાગ્યાથી બપોરના ૧૨ વાગ્યા સુધી વીજ પુરવઠો બંધ રહેશે. જેથી નાગરિકોને પોતાના જરૂરી કાર્યો વહેલી તકે પતાવી લેવા અનુરોધ કરાયો છે.

અઠવાડિયાના પ્રથમ દિવસે મુખ્યત્વે ઔદ્યોગિક અને તેની આસપાસના વિસ્તારોમાં મેઈન્ટેનન્સ હાથ ધરાશે. જેમાં માઢીયારોડ, ઈન્ડસ્ટ્રીઅલ વિસ્તાર, વિક્ટર અને નારીરોડ, બાનુબેનની વાડી અને ખાતરવાડી સહિતના આસપાસના વિસ્તારોનો સમાવેશ થાય છે.

બીજા દિવસે શહેરની અનેક જાણીતી રહેણાંક સોસાયટીઓમાં સવારના સમયે વીજળી ગુલ રહેશે. જેમાં ગિરનાર સોસાયટી, રામદેવનગર અને ગોકુળનગર, ગઢેચી રોડ, રેયોન કમ્પાઉન્ડ અને અમર સોસાયટી સહિતના વિસ્તારોનો સમાવેશ થાય છે.

ત્રીજા અને અંતિમ દિવસે કુંભારવાડા અને શિશુવિહાર જેવા હાર્દસમા વિસ્તારોમાં પાવર કટ રહેશે. આ સિવાય ખેડૂતવાસ અને

# રાજકોટ જિલ્લાના સુપેડીને "મોડેલ સોલાર વિલેજ" તરીકે વિકસાવવા તૈયાર કરાયેલ ડીપીઆરને સર્વાનુમતે મંજૂરી

## ૧૯ જાહેર સંસ્થાઓ પર ૧૫૧.૨ કિલોવોટ ક્ષમતાના ગ્રીડ-કનેક્ટેડ રૂફટોપ સોલાર પ્લાન્ટ સ્થાપિત કરાશે

રાજકોટ,

ભારત સરકારના નવી અને નવીનીકરણીય ઊર્જા મંત્રાલય (સ્દ્ઘઈઈ) દ્વારા અમલમાં મૂકવામાં આવેલી "પ્રધાનમંત્રી સૂર્ય ઘર: મફત વીજળી યોજના" અંતર્ગત રાજકોટ જિલ્લાના ધોરાજી તાલુકાના સુપેડી ગામને "મોડેલ સોલાર વિલેજ" તરીકે વિકસાવવામાં આવશે.

આ પ્રોજેક્ટ માટે તૈયાર કરવામાં આવેલા ડિટેઈલ્ડ પ્રોજેક્ટ રિપોર્ટને આજે જિલ્લા કલેક્ટર શ્રી ડૉ. ઓમ પ્રકાશના અધ્યક્ષસ્થાને યોજાયેલી જિલ્લા સ્તરીય સમિતિની બેઠકમાં સર્વાનુમતે મંજૂરી આપવામાં આવી હતી.

બેઠક દરમિયાન રાજકોટ ગ્રામ્ય વર્તુળ કચેરીના અધિક્ષક ઈજનેર શ્રી જતીન બી. ઉપાધ્યાય દ્વારા જણાવવામાં આવ્યું હતું કે, આ ફ્ઈઈ પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા મોડેલ સોલાર વિલેજ અમલીકરણ એજન્સી તરીકે તૈયાર કરવામાં આવ્યો છે. જિલ્લા સ્તરીય સમિતિની મંજૂરી બાદ હવે આ રિપોર્ટને ભારત સરકારના નવી અને નવીનીકરણ ઊર્જા મંત્રાલય સમક્ષ અંતિમ મંજૂરી તથા કેન્દ્રીય નાણાકીય સહાય મેળવવા માટે મોકલવામાં આવશે.

પ્રસ્તાવિત યોજના અમલમાં આવ્યા બાદ સુપેડી ગામને શું ફાયદો થશે? -ગ્રામ પંચાયત, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, શાળાઓ, આંગણવાડી કેન્દ્રો, સમુદાય ભવન અને પાણી પુરવઠા સહિત કુલ ૧૯ જાહેર સંસ્થાઓ પર ૧૫૧.૨ કિલોવોટ ક્ષમતાના ગ્રીડ-કનેક્ટેડ રૂફટોપ સોલાર પ્લાન્ટ સ્થાપિત કરવામાં આવશે. આ યોજનાના અમલીકરણ બાદ દર વર્ષે અંદાજે ૨.૨૬ લાખ યુનિટ સ્વચ્છ વીજળીનું ઉત્પાદન થશે. -આશરે ૧૬૨ ટન કાર્બન ડાયોક્સાઈડના ઉત્સર્જનમાં ઘટાડો થશે. ગામના આશરે ૧૭૮૦ પરિવારોને પરોક્ષ રીતે આ યોજનાનો લાભ મળશે.

આ અંગે જિલ્લા કલેક્ટરશ્રીએ જણાવ્યું હતું કે, આ યોજના ગ્રામ્ય વિસ્તારોને ઊર્જા આત્મનિર્ભર, પર્યાવરણપ્રેમી અને ટકાઉ વિકાસ તરફ આગળ વધારવાનો એક મહત્વપૂર્ણ પ્રયાસ છે. સુપેડી ગામ આગામી સમયમાં સમગ્ર રાજકોટ જિલ્લા માટે સ્વચ્છ ઊર્જાનું પ્રેરણાદાયી મોડેલ બનશે.

જિલ્લા કલેક્ટરશ્રીએ તમામ સંબંધિત વિભાગો, પીજીવીસીએલ તથા ગ્રામ પંચાયતને પરસ્પર સંકલન સાધીને આ પ્રોજેક્ટનું ગુણવત્તાસભર અને સમયબદ્ધ અમલીકરણ સુનિશ્ચિત કરવા જરૂરી સૂચનાઓ આપી હતી. બેઠકમાં જિલ્લા પંચાયત પ્રમુખશ્રી, જિલ્લા સ્તરીય સમિતિના સભ્યો, લીડ ડિસ્ટ્રિક્ટ મેનેજર, પીજીવીસીએલના અધિકારીઓ તથા વિવિધ વિભાગોના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# વેરાવળના બાયપાસ નજીક ટાયર ફાટતા એસ.ટી. બસ ડિવાઈડર પર ચઢી ગઈ



વેરાવળ,

વેરાવળ ના બાયપાસ પર એસ ટી બસનું આગળનું ટાયર ફાટતાં અકસ્માત થયો હતો. ટાયર ફાટવાના કારણે બસ ડિવાઈડર પર ચઢી ગઈ હતી. બસ ચાલક ની સમયસૂચકતા અને સૂઝબૂઝથી મોટી દુર્ઘટના ટળી હતી. આ ઘટનામાં કોઈ મુસાફરને જાનહાનિ કે ગંભીર ઈજા પહોંચી નથી.

જામનગર ડેપોની ઋઉં ૧૮ ણઝ ૨૭૨૯ નંબરની એસ ટી બસ ઉના-જૂનાગઢ-જામનગર રૂટ પર નિયમિત સેવા આપતી હતી. આજે શુક્રવારે સવારે આશરે બસ વેરાવળ થી જામનગર તરફ જઈ રહી હતી. તે દરમિયાન વેરાવળ બાયપાસ પર આવેલા સોલંકી ટાયર નજીક પહોંચતા બસના ડ્રાઈવર સાઈડનું આગળનું ટાયર અચાનક જોરદાર ધડાકા સાથે ફાટી ગયું હતું. ટાયર ફાટતાં જ બસનું સંતુલન ખોરવાય અને તે ડિવાઈડર પર ચડી ગઈ.

અચાનક થયેલા અવાજથી બસમાં બેઠેલા મુસાફરો માં ગભરાટ ફેલાયો હતો. જોકે, બસના ચાલકે ધીરજ ગુમાવ્યા વગર સ્ટિયરિંગ ઉપર કાબૂ રાખી બસ ને વધુ ગંભીર અકસ્માત થતાં અટકાવ્યો હતો.

આ ઘટનાની જાણ થતાં સ્થાનિક લોકો અને સંબંધિત તંત્ર ઘટના સ્થળે પહોંચી ગયા હતા. બસમાં સવાર તમામ મુસાફરોને સુરક્ષિત રીતે નીચે ઉતારવામાં આવ્યા. ત્યારબાદ મુસાફરોને તેમના ગંતવ્ય સ્થળે પહોંચાડવા માટે અન્ય બસની વ્યવસ્થા કરવામાં આવી હતી, પ્રાથમિક તપાસમાં અકસ્માતનું કારણ ટાયર ફાટવુ હોવાનું સામે આવ્યું છે.

ટેક્નિકલ ખામી કે અન્ય કોઈ કારણ જવાબદાર છે કે નહીં તે અંગે સંબંધિત વિભાગ દ્વારા વધુ તપાસ કરવામાં આવશે. આ ઘટનાને કારણે થોડા સમય માટે વેરાવળ બાયપાસ પર વાહનવ્યવહાર ધીમો પડ્યો હતો, પરંતુ તંત્ર દ્વારા સ્થિતિ ઝડપથી સામાન્ય બનાવી દેવામાં આવી હતી.

# જૂનાગઢ ખાતે વિભાગીય નાયબ નિયામકના અધ્યક્ષસ્થાને ત્રિમાસિક સમીક્ષા બેઠક યોજાઈ

યજ્ઞેશ ભટ્ટ, જુનાગઢ

જૂનાગઢ જિલ્લા પંચાયતની આઈ.સી.ડી.એસ. શાખા અને મહાનગરપાલિકા જૂનાગઢના સંયુક્ત ઉપક્રમે એક મહત્વપૂર્ણ ત્રિમાસિક સમીક્ષા બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. રાજકોટ ઝોનના વિભાગીય નાયબ નિયામક શ્રી અંકુર વૈધના અધ્યક્ષસ્થાને યોજાયેલી આ બેઠકમાં જિલ્લાના પ્રોગ્રામ ઓફિસરશ્રી, બાળ વિકાસ યોજના અધિકારીશ્રીઓ મુખ્યસેવિકાશ્રીઓ તેમજ બ્લોક સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.

જૂનાગઢ મહાનગરપાલિકાના પંડિત દીનદયાળ ઉપાધ્યાય સભાખંડ ખાતે આયોજિત આ બેઠક દરમિયાન આઈ.સી.ડી.એસ. શાખા હેઠળ ચાલતી વિવિધ કલ્યાણકારી યોજનાઓની ભૌતિક અને નાણાકીય પ્રગતિની ઝીણવટભરી સમીક્ષા કરવામાં આવી હતી અને નિયત સમયમર્યાદામાં નિર્ધારિત લક્ષ્યાંકો પ્રાપ્ત કરવા માટે જરૂરી દિશા-નિર્દેશો આપવામાં આવ્યા હતા.

આ બેઠકમાં ખાસ કરીને આંગણવાડી કેન્દ્રોમાં પૂરક પોષણ અને લાભાર્થીઓની ફેસ રેકગ્નિશન સિસ્ટમ દ્વારા ઓનલાઈન હાજરી પૂરવાની કામગીરી પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો. જૂન-૨૦૨૬ના અંતિત પૂરક પોષણ વિતરણમાં ઓછી પ્રગતિ દર્શાવતા ઘટકોને તાત્કાલિક જરૂરી સુધારાઓ કરવા સૂચના આપવામાં આવી હતી.આ ઉપરાંત, પૂર્ણા યોજના અંતર્ગત કિશોરીઓને અપાતા ટીએચઆર નું બાળ વિકાસ યોજના અધિકારીઓ દ્વારા ક્રોસ વેરિફિકેશન કરવા તેમજ તાલુકા આરોગ્ય અધિકારી સાથે સંકલન સાધીને કિશોરીઓ માટે હેલ્થ ચેકઅપ, હિમોગ્લોબિન તપાસ, બોડી માસ ઈન્ડેક્સ ટેસ્ટિંગ અને એનીમિયા મુક્ત કેમ્પનું વ્યાપક આયોજન કરવા સૂચના આપવામાં આવી હતી.

# જૂનાગઢ જિલ્લા કલેક્ટરના અધ્યક્ષસ્થાને જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક યોજાઈ

## પ્રજાકીય પ્રશ્નોના સમયમર્યાદામાં અને સકારાત્મક ઉકેલ જરૂરી સૂચના

યજ્ઞેશ ભટ્ટ, જુનાગઢ,

જૂનાગઢ જિલ્લા કલેક્ટર શ્રી યોગેશ ચૌધરીના અધ્યક્ષસ્થાને જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક યોજાઈ હતી.

જિલ્લા કલેક્ટર કચેરી ખાતે ધારાસભ્ય સવશ્રી દેવાભાઈ માલમ, શ્રી ભગવાનજીભાઈ કરગઠીયા, ધારાસભ્ય શ્રી અરવિંદભાઈ લાડાણી અને શ્રી ગોપાલભાઈ ઇટાલીયાની ઉપસ્થિતિમાં આ બેઠકમાં પ્રજાકીય પ્રશ્નોના સકારાત્મક નિવારણ અર્થે વિગતવાર ચર્ચા અને પરામર્શ કરવામાં આવ્યો હતો.



જિલ્લા કલેક્ટરશ્રીએ જનપ્રતિનિધિઓ તરફથી રજૂ થયેલા પ્રશ્નોને ઉકેલવા માટે જરૂરી નિર્દેશો આપ્યા હતા. ખાસ કરીને પ્રજાકીય પ્રશ્નોનો સમયમર્યાદામાં સકારાત્મક ઉકેલ આવે તે માટે તેમણે જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

જિલ્લા કલેક્ટરશ્રીએ તાલુકા કક્ષાએથી જે પણ હુકમો થાય, તેની અમલવારી સુનિશ્ચિત કરવા નિર્દેશ આપ્યા હતા. ઉપરાંત પ્રજાકીય પ્રશ્નોના સંદર્ભમાં સંબંધિત અધિકારીઓએ સ્થળ નિરીક્ષણ કરીને જરૂરી કાર્યવાહી હાથ ધરવા પણ સૂચના આપી હતી. આ બેઠકમાં જનપ્રતિનિધિશ્રીઓએ પાણીના કુદરતી વહેણમાં અવરોધ, વીજ પુરવઠો, જાહેર પરિવહન, જાહેર માર્ગો પર દબાણ, નેશનલ હાઈવે, સિંચાઈ, આંગણવાડી અને ગ્રામ પંચાયતોનું નિર્માણ તેમજ પીવાના પાણી સહિતના પ્રજાકીય પ્રશ્નો રજૂ કર્યા હતા. આ સંદર્ભમાં સંલગ્ન અધિકારીશ્રીઓએ પ્રશ્નોના નિવારણ અર્થે પ્રત્યુત્તર પાઠવ્યા હતા અને તેના યોગ્ય ઉકેલ માટે પરામર્શ કર્યો હતો.

આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી શ્રી જયંતસિંહ રાઠૌર, જિલ્લા પોલીસ વડા શ્રી સુબોધ ઓડેદરા, નાયબ વન સંરક્ષક શ્રી પ્રશાંત તોમર, નિવાસી અધિક કલેક્ટર સુશ્રી બી.એસ. બારડ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક શ્રી પી.એ. જાડેજા સહિત જિલ્લા સંકલન સમિતિના સભ્ય અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# વેરાવળમાં જન સમાજ સેવા સંઘ દ્વારા નેત્ર યજ્ઞ કેમ્પ યોજાયો




વેરાવળ,

વેરાવળમાં જન સમાજ સેવા સંઘ દ્વારા સ્વ.રમેશભાઈ મસાણી બ્લડ બેક્ર ખાતે નેત્રયજ્ઞ નું આયોજન દાતા રમાબેન અનિલભાઈ પારેખ, જિલ્લા અંધત્વ નિવારણ સમિતિ વેરાવળ, ઈન્ડિયન રેયોન જનસેવા ટ્રસ્ટ, શિવાનંદ મિશન અને ડો. જગદીશ મહેતા ના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. આ નેત્રયજ્ઞ માં ૧૩૭ દર્દીઓની ઓપીડી તપાસ કરવામાં આવેલ જેમાંથી ૧૩ દર્દીઓને ઓપરેશન માટે પસંદ કરવામાં આવ્યા હતા.

તેમને ઓપરેશન માટે વીરનગર ખાતે લઈ જવાયા હતા, જ્યાં તેમની જરૂરી સર્જરી બાદ ત્રીજા દિવસે દર્દીઓને ફરીથી વેરાવળ ખાતે પરત લાવવામાં આવેલ હતા.આ સમગ્ર પ્રક્રિયા દરમિયાન દર્દીઓ તથા તેમના સગાં-સંબંધીઓ માટે ભોજનની વ્યવસ્થા સંસ્થા તરફથી નિઃશુલ્ક પૂરી પાડવામાં આવી હતી.

# વેરાવળથી હરિદ્વાર સુધીની શરૂ કરાયેલ ટ્રેન નિયમિત રાખવા સૌરાષ્ટ્ર પેસેન્જર એસોની માંગ

વેરાવળ,

વેરાવળ થી હરિદ્વાર સુધીની ખાસ ટ્રેન શરૂ થયેલ ત્યારે આ ખાસ ટ્રેન નિયમિત રીતે ચલાવવામાં આવે અને ફક્ત એક મહિના સુધી મર્યાદિત ન રહે તે માટે સૌરાષ્ટ્ર પેસેંજર એસો. દ્વારા રેલવે બોર્ડ નવી દિલ્હી ને લેખિત રજૂઆત કરેલ છે.

સૌરાષ્ટ્ર પેસેંજર એસો.ના જોઈન્ટ સેક્રેટરી અને પૂર્વ નગરસેવક મુકેશભાઇ ચોલેરા દ્વારા રેલવે બોર્ડ નવી દિલ્હીના અધિકારી અશ્વિની વૈષ્ણવ જી સહિતનાને કરેલ લેખિત રજૂઆત માં જણાવેલ કે, સૌરાષ્ટ્ર અને ગીર સોમનાથ ક્ષેત્રના ધાર્મિક અને શ્રદ્ધાળુ નાગરિકો, વેરાવળ થી હરિદ્વાર સુધી ખાસ ટ્રેન શરૂ થયેલ છે. આ ટ્રેન થી પ્રદેશના શ્રદ્ધાળુઓ માટે અત્યંત ફાયદાકારક છે. હરિદ્વાર ધાર્મિક જીવનમાં એક મહત્વપૂર્ણ યાત્રાધામ છે. આ માંગ ઘણા વર્ષોથી કરવામાં આવી રહેલ ત્યારે ટ્રેન શરૂ કરવામાં આવી છે. આ ટ્રેન રૂટ યાત્રાળુઓ માટે ફાયદાકારક છે કારણ કે, તે સોમનાથ જ્યોતિર્લિંગ, સાલંગપુર હનુમાન મંદિર, મોઢેરા સૂર્ય મંદિર, દેલવાડા જૈન મંદિર, અજમેર શરીફ દરગાહ, ખાટુ શ્યામ જી મંદિર અને હરિદ્વાર જેવા મુખ્ય યાત્રાધામ ને જોડે છે. તે વ્યવસાયિક



દ્રષ્ટિકોણથી પણ ખૂબ ઉત્પાદક છે, આ સીધી ટ્રેન સૌરાષ્ટ્ર થી ઉત્તર ભારત જતા પ્રવાસીઓનો સમય પણ બચાવે છે. આ રૂટ નિયમિતપણે સંપૂર્ણ બુક થયેલ છે. તેથી તેને નિયમિતપણે ચલાવવાથી ફાયદાકારક રહેનાર છે.આ ખાસ ટ્રેન નિયમિત રીતે ચલાવવામાં આવે અને ફક્ત એક મહિના સુધી મર્યાદિત ન રહે આનાથી પ્રદેશના પ્રવાસીઓને સુવિધા તો મળશે જ સાથે ધાર્મિક પર્યટનને પણ પ્રોત્સાહન મળનાર હોવાનું અંતમાં જણાવેલ છે. આ રજૂઆત ની જાણ કેન્દ્રીય મંત્રી, રાજ્યસભાના સાંસદ માનસિંહભાઈ પરમાર સહિતના કરેલ હોવાનું એક યાદીમાં જણાવેલ છે.

# જુનાગઢ નેશનલ હાઈવે પરના દબાણો અને ગેરકાયદે ધાબા તાત્કાલિક હટાવવા કલેકટરનો આદેશ

જુનાગઢ,

જુનાગઢ જિલ્લામાં માર્ગ સલામતી અને સુરક્ષાને વધુ સુંદર બનાવવા ના હેતુથી જુનાગઢ જિલ્લા કલેકટર યોગેશ ચૌધરી એ બેઠક બોલાવી હતી આ બેઠકમાં હાઈવે ઉપર થતા અકસ્માતો ને નિવારવા અને ટ્રાફિક વ્યવસ્થાને અડચણરૂપ બનતા પરિબળો અંગે ગંભીર નોંધ લઈ કડક નિર્ણયો લઈ તેની અમલવારી કરવા તાકીદ કરી છે .

હાઈવે સેફટી ટાસ્ક ફોર્સ દ્વારા નેશનલ હાઈવેના ઈન્સ્પેક્શન દરમિયાન મોટાભાઈ ગેરકાયદેસર દબાણો, આડેધડ વાહન પાર્કિંગ, મંજૂરી વિના ધમધમતા ધાબા અને ડિવાઈડર તોડી ને પાડેલા કટ જોવા મળ્યા હતા.

આ રિપોર્ટના આધારે કલેકર યોગેશ ચૌધરી એ આદેશ આપ્યો છે કે રોડ સેફટીની ગાઈડ લાઈન અનુસાર માત્ર નોટિસ જનહીં અપાય પરંતુ આવા અનઅધિકૃત બાંધકામો અને દબાણોને આગામી મહિના સુધીમાં સીલ કરી તોડી પાડવામાં આવશે. ડિમોલિશન ની આ પ્રક્રિયા દરમિયાન જો કોઈ તત્વો ખલેલ પહોંચાડશે તો પોલીસ બંદોબસ્ત સાથે તેમની સામે દાખલા રૂપ કાર્યવાહી કરવામાં આવશે.

હાઈવે પર અકસ્માત કે ઈમરજન્સી સમયે વાહન ચાલકોને સત્વરે મદદ મળી રહે તે માટે બંને નેશનલ હાઈવે પર ૫૦૦ મીટર એ ૧૦ ૩૩ ટોલ ફ્રી હેલ્પલાઈન નંબર દર્શાવતા રેડિયમ વાળા નાઈટ વિઝન સાઈન બોર્ડ લગાવવા તંત્રને સુચના અપાય છે. આ બોર્ડ ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી એમ ત્રણ ભાષામાં રહેશે

ઉપરાંત દિશા સૂચક બોર્ડ, રખડતા પશુઓ ને રોકવા માટે બેરિયર અને ચેતવણી આપતા નવા બોર્ડ મૂકવાની સાથે જુના ૬૦૦ જેટલા સાઈન બોર્ડ નું સમારગામ એક માસમાં પૂર્ણ કરાશે. ગ્રામ્ય વિસ્તારના અકસ્માતો નિવારવા ખેડૂતો માટે એક ઝુંબેશ હાથ ધરાશે, જેમાં જિલ્લાના ૧૦૦૦૦ જેટલા ટ્રેક્ટરની પાછળ રેડિયમ પ્લેટ લગાવવામાં આવશે.

બેઠકમાં તાકીદ કરવામાં આવી છે કે રોંગ સાઈડમાં ડ્રાઈવિંગ કરતા વાહનચાલકો સામે કોઈ જ નરમાસ દાખવ્યા વગર અતિ ભારે દંડ વસૂલવામાં આવશે, તેમજ જે લોકોએ નોટિસનો જવાબ નથી આપ્યો તેમના જાહેર માર્ગો પર પડેલા બીનવર સુવાનું કબજો આગામી મહિના સુધીમાં લઈ લેવાશે.

# વીરપુરની આઈ.ટી.આઈ.માં પ્રવેશ માટે ૨૨ જુલાઈ સુધી ઓનલાઈન ફોર્મ ભરી શકાશે

રાજકોટ,

ઔદ્યોગિક તાલીમ સંસ્થા, જેતપુર (વીરપુર) ખાતે ભરતી સત્ર-૨૦૨૬ અંતર્ગત વિવિધ કોર્સિસમાં પ્રવેશ મેળવવા માટે બીજા રાઉન્ડની પ્રક્રિયા તા. ૧૯ જુલાઈથી શરૂ થશે. આ સંસ્થામાં હાલ કોપા, ફિટર, વાયરમેન, ઈલેક્ટ્રિશિયન, સુઈંગ ટેક્નોલોજી (સીવણ), હેલ્થ સેનિટરી ઈન્સ્પેક્ટર અને મિકેનિક ડીઝલ જેવા વિવિધ ટ્રેડ કાર્યરત છે. જેમાં પ્રવેશ મેળવવા ઈચ્છતા ઉમેદવારો આગામી તા. ૨૨ જુલાઈ, ૨૦૨૬ સુધીમાં આઈ.ટી.આઈ.ની વેબસાઈટ પર ઓનલાઈન ફોર્મ ભરી શકશે. ઉમેદવારોએ વધુ માહિતી મેળવવા માટે સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થા - જેતપુર (વીરપુર), પોલીસ સ્ટાફ ક્વાર્ટર સામે, માવતર વૃદ્ધાશ્રમની બાજુમાં, વીરપુર, તા. જેતપુર ખાતે સવારે ૦૯:૩૦ વાગ્યાથી સાંજના ૦૫ વાગ્યા દરમિયાન રૂબરૂ સંપર્ક કરવા આઈ.ટી.આઈ., જેતપુર (વીરપુર)ની યાદીમાં જણાવાયું છે.

# માળીયા હાટીના પંથકમાં પાંચ વર્ષથી ઘરેલુ હિંસાથી પીડીત મહિલાની વ્હારે આવી અભયમ મહિલા હેલ્પલાઇન

## કેશોદ ૧૮૧ અભયમ ટીમના કુશળ કાઉન્સિલિંગ દ્વારા પતિ પત્ની ને સુખદ જીવન જીવવાની નવી રાહ દેખાડી

યજ્ઞેશ ભટ્ટ, જુનાગઢ,

માળીયા હાટીના તાલુકાના એક ગ્રામ્ય વિસ્તારમાં ઘરેલુ હિંસાથી પીડિત મહિલાની મદદ માટે તેમના ભાઈ દ્વારા ૧૮૧ ટીમની મદદ માંગી હતી . ત્યારે કેશોદ ૧૮૧ ટીમને કોલ મળતાની સાથે તુરંત સ્થળ પર પહોંચી હતી. સ્થળ પર કાઉન્સેલિગ કરતા મહિલાએ જણાવ્યું હતું કે પાંચ વર્ષથી પતિ દ્વારા વારંવાર શારીરિક અને માનસિક ત્રાસ આપવામાં આવતો હતો અને મહિલાના ચારીત્ર પર ખોટી શંકા કરી મારકુટ કરતો હતો મહિલાએ સમાજના આગેવાન દ્વારા સમજાવવાના પ્રયત્ન કરેલ હોય પરંતુ પતિ સમજવા તૈયાર ન હોય તેથી મહિલાના ભાઈએ તેમના બહેનનું ઘર તુટતુ બચાવવા અભયમનો સહારો લીધો હતો.

૧૮૧ કાઉન્સેલર ડાયબેન માવદીયા અને કોન્સ્ટેબલ કાજલબેન રામ દ્વારા વડીલો ની હાજરીમાં બન્ને પક્ષોને કાયદાકીય માહિતી આપી બાળકનાં ભવિષ્ય વિષે અંગે સમજણ આપી બને પક્ષોના ભવિષ્ય અંગે વધુ સક્ષમ બનવા સમજણ આપી હતી ત્યારે પતિને પોતાની ભૂલ સમજાતા ભૂલ સ્વીકારી હતી અને ભવિષ્યમાં મહિલા પર શારીરિક અને માનસિક ત્રાસ નહીં આપે તેવી બાંહેધરી સાથે સમાધાન કરી સુખદ જીવનની શરૂઆત કરવા સહમત થયા હતા.

આમ કેશોદ ૧૮૧ અભયમ્ મહિલા હેલ્પલાઈન દ્વારા વધુ એક પરિવારના સમસ્યાઓનું નિવારણ કરી પતિ પત્નીના પરિવારને જોડવાની સરાહનીય કામગીરી કરી હતી.

# વેરાવળ તાલુકાનાં ડાભોર ગામના પરિવારને દુર્ઘટનામાં મૃત્યુ સહાયનો ચેક અર્પણ

વેરાવળ,

રાજ્ય સરકાર દ્વારા સંચાલિત મુખ્યમંત્રી રાહત ભંડોળ ગંભીર મુશ્કેલીની સ્થિતિમાં ગરીબ નાગરિકો માટે સધિયારો બને છે. મૃદુ અને મક્કમ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ગીર સોમનાથ જિલ્લાના વેરાવળ તાલુકાના ડાભોર ના રહેવાસી દિવંગત મહેશભાઈ બારિયા ના પરિવાર માટે પણ મુખ્યમંત્રી રાહત ભંડોળ સધિયારો બન્યું છે.

વેરાવળ તાલુકાના ડાભોરના રહેવાસી મહેશભાઈ બારિયાનું તા. ૯ જુલાઈ ૨૦૨૬ના રોજ ત્રિવેણી સંગમ ખાતે નાળિયેરીના વૃક્ષ પરથી આકસ્મિક રીતે પડી જવાના કારણે મૃત્યુ નીપજ્યું હતું. કરુણ અકસ્માતના પરિણામે જ્યારે પરિવારે ઘરનો આધારસ્તંભ ગુમાવ્યો ત્યારે આફતનો પહાડ તૂટી પડ્યો હતો. આવી દુઃખભરી સ્થિતિમાં, રાજ્ય સરકારે સંવેદનશીલ અભિગમ દાખવી અને મુખ્યમંત્રીશ્રી રાહત ફંડમાંથી ખાસ કિસ્સામાં દિવંગત મહેશભાઈના વારસદારને રૂ. ૪,૦૦,૦૦૦ની સહાય ચૂકવી છે. દિવંગત મહેશભાઈ ના કાયદેસરના વારસદાર તેમના પત્ની લિલમબહેન બારિયા ને સાંસદ રાજેશભાઈ ચુડાસમાએ ડાભોર ખાતે ઘરે જઈ અને મુખ્યમંત્રી રાહત ફંડમાંથી રુ. ૪,૦૦,૦૦૦ ની સહાય ચૂકવી હતી.

# જૂનાગઢ મહાપાલિકા વોર્ડ નં. ૩ની પેટાચૂંટણીના મેદાનમાં માત્ર ૩ ઉમેદવારો

જૂનાગઢ,

જૂનાગઢ મહાનગરપાલિકાના વોર્ડ નંબર ૩ની એક બેઠક માટે યોજાનારી પેટાચૂંટણીનો માહોલ બરાબરનો ગરમાયો છે. આ બેઠક માટે ફોર્મ ખેંચવાના અંતિમ દિવસે પણ મુખ્ય ત્રણ રાજકીય પક્ષોમાંથી એકપણ ઉમેદવારે પોતાનું નામાંકન પરત ખેંચ્યું નથી. પરિણામે, હવે આ બેઠક પર ત્રિપાંખીયો જંગ ખેલાશે તે ચિત્ર સંપૂર્ણપણે સ્પષ્ટ થઈ ગયું છે. ૧૬ વોર્ડ અને ૬૦ બેઠકો ધરાવતી જૂનાગઢ મહાનગરપાલિકામાં હાલ ભાજપની સ્પિષ્ટ બહુમતી છે. આમ છતાં, વોર્ડ નંબર ૩ની આ એક બેઠકની પેટાચૂંટણીને કારણે સ્થાનિક રાજકારણમાં ગરમાવો જોવા મળી રહ્યો છે.પેટા ચૂંટણી મેદાનમાં નસીબ અજમાવી રહેલા મુખ્ય ઉમેદવારોની વાત કરીએ તો, ભારતીય જનતા પાર્ટી તરફથી અકરમ ઈબ્રાહીમભાઈ કુરેશી, ઈન્ડિયન નેશનલ કોંગ્રેસમાંથી અશરફ થઈમ અને આમ આદમી પાર્ટી તરફથી મહેબૂબ અલ્લારખા પંજાએ ઉમેદવારી પત્ર ભર્યા છે. ફોર્મ પરત ખેંચવાના દિવસે કોઈએ પીછેહઠ ન કરતાં ત્રણેય પક્ષો સામસામે આવી ગયા છે.

આ પેટાચૂંટણીમાં વોર્ડ નંબર ૩ના કુલ ૧૩,૯૧૯ મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરવા માટે લાયક ઠર્યા છે.તંત્ર દ્વારા ચૂંટણી પ્રક્રિયાને શાંતિપૂર્ણ અને સુચારુ રીતે સંપન્ન કરવા માટે તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. ચૂંટણી ફરજ પરના કર્મચારીઓની નિયુક્તિન અને તેમની તાલીમની પ્રક્રિયા હાલ ગતિમાં છે. આ વોર્ડમાં સમાવિષ્ટ કુલ ૧૮ મતદાન મથકો પર તમામ જરૂરી સુવિધાઓ અને સુરક્ષા વ્યમવસ્થી ગોઠવવામાં આવી રહી છે.આગામી તા. ૨૮ જુલાઈ, મંગળવારના રોજ સવારે ૮ વાગ્યુથી સાંજના ૬ વાગ્યાજ સુધી મતદાન યોજાશે. ત્યાજરબાદ તા. ૩૦ જુલાઈના રોજ મતગણતરી હાથ ધરવામાં આવશે.

સૌરાષ્ટ્ર આજતક
Owner : Leela News Network Pvt. Ltd, Printer & Publishser Komalkant Fakirchand Sharma, On behalaf of Leela News Network Pvt. Ltd. Printed at 2/6 Ghanchiwad, Near jilla Garden, Rajkot Published at Pramukh Swami Arcde, 7th floor, Rajkot.Editor: Rajesh Kiritbhai Dave (Responcible for News editing as per PRB ACT) Saurashtra AajTak has no connection or association with Aaj Tak of T.V. Today Network.

# સોનમ વાંગચૂકની ભૂખ હડતાલનું વિદ્યાર્થીઓને ફળ મળશે ખરું?

લદાખના જાણીતા પર્યાવરણવાદી, શિક્ષણ સુધારક અને મેગ્સેસે એવોર્ડ વિજેતા સોનમ વાંગચૂક ફરી એકવાર ચર્ચાના કેન્દ્રમાં છે. દિલ્હીના જંતર-મંતર ખાતે તેમની અનિશ્ચિત મુદતની ભૂખ હડતાળ એક ગંભીર તબક્કામાં પહોંચી ચૂકી છે. અગાઉ પોતાના ગેરરીતિઓ, પેપર લીક અને શિક્ષણ વિભાગની લાપરવાહી સામે ન્યાયની માંગ સાથે તેઓ ધરણા પર બેઠા છે. તેમની મુખ્ય માંગણી છે કે દેશની શિક્ષણ વ્યવસ્થામાં પારદર્શિતા લાવવામાં આવે અને આ ક્ષતિઓની જવાબદારી સ્વીકારીને કેન્દ્રીય કે મધ્યસ્થતાના સંકેત મળ્યા નથી. અગાઉ લદાખના આંદોલન વખતે વાંગચૂકની અટકાયત પણ કરવામાં આવી હતી, પરંતુ માર્ચ ૨૦૨૬માં તેમના પરથી રાષ્ટ્રીય સુરક્ષા કાયદો હટાવી લેવાયો હતો.

વાંગચૂકના સતત બગડતા સ્વાસ્થ્ય (૧૯ દિવસમાં તેમનું જીવની રક્ષા કરવી એ સરકારની પ્રાથમિક ફરજ છે.

દૈનિક તબીબી દેખરેખ: કોર્ટે કેન્દ્ર અને દિલ્હી સરકારને આદેશ આપ્યો છે કે સરકારી ડોક્ટરો દ્વારા સોનમ વાંગચૂકની દરરોજ ક્લિનિકલ તપાસ કરવામાં આવે.

જો તબીબોની સલાહ મુજબ અરવિંદ કેજરીવાલ તેમજ સમાજવાદી પાર્ટીના સાંસદ ડિમ્પલ યાદવ જંતર-મંતર જઈને વાંગચૂકને મળ્યા છે અને સરકારને સંવેદનશીલતા દાખવવા અપીલ કરી છે.

સોનાક્ષી સિંહા જેવી બોલિવૂડ હસ્તીઓ અને સોશિયલ મીડિયા

## સોનમ વાંગચૂકે ૨૦ જુલાઈની સંસદ કૂચમાં જોડાવા માટે લોકોને અપીલ કરી છે,આ કૂચને સરકાર સંસદ સુધી પહોંચવા દેશે કે કેમ તે મોટો પ્રશ્ન છે : આજની સરકારો લોકો માટે નહીં પરંતુ અહમ સંતોષવા ચાલતી હોવાનું ઉપસતું ચિત્ર



હોમ સ્ટેટ લદાખના બંધારણીય અધિકારો અને પર્યાવરણ સુરક્ષા માટે લડતા વાંગચૂક, આ વખતે દેશના યુવાઓ અને શિક્ષણ વ્યવસ્થાના પ્રશ્નોને લઈને મેદાને પડ્યા છે.

૨૮ જૂન ૨૦૨૬થી સોનમ વાંગચૂકે દિલ્હીના જંતર-મંતર પર કોકરોચ જનતા પાર્ટી અને દેશના વિદ્યાર્થીઓના સમર્થનમાં આમરણાંત ઉપવાસ શરૂ કર્યા છે. દેશમાં NEET (UG) ૨૦૨૬ પરીક્ષામાં થયેલી કથિત શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન રાજીનામું આપે.

સરકારનું વલણ

સરકાર તરફથી સોલિસિટર જનરલ તુષાર મહેતાએ કોર્ટમાં સ્પષ્ટ કર્યું છે કે સરકાર વાંગચૂકના સ્વાસ્થ્ય અંગે ગંભીર છે અને સરકારી તબીબોની ટીમ સતત તેમના સ્વાસ્થ્યની દેખરેખ રાખી રહી છે. જોકે, તેમની મુખ્ય રાજકીય માંગણીઓ (જેમ કે મંત્રીનું રાજીનામું) અંગે સરકાર તરફથી હજુ સુધી કોઈ સત્તાવાર વાટાઘાટો વજન ૯ કિલો જેટલું ઘટી ગયું છે) ને લઈને હાઈકોર્ટમાં એક જાહેર હિતની અરજી દાખલ કરવામાં આવી હતી. આ અંગે દિલ્હી

**[વાત અને વિચાર]**

હાઈકોર્ટના ચીફ જસ્ટિસ દેવેન્દ્ર કુમાર ઉપાધ્યાય અને જસ્ટિસ તેજસ કારિયાની બેન્ચે ચુકાદો આપતા મહત્ત્વની ટિપ્પણીઓ કરી:

"દરેક નાગરિકનો જીવ કિંમતી છે": કોર્ટે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે દેશના કોઈપણ નાગરિકના સ્વાસ્થ્ય વધુ બગડે, તો કોઈપણ વિલંબ વિના તેમને હોસ્પિટલમાં ખસેડી જરૂરી મેડિકલ ટ્રીટમેન્ટ આપવાની સત્તા પણ કોર્ટે પ્રશાસનને આપી છે.વાંગચૂકના આ અનશનને કારણે આ મુદ્દો હવે માત્ર એક વિદ્યાર્થી આંદોલન મટીને રાષ્ટ્રીય ચર્ચાનો વિષય બન્યો છે.

વિપક્ષના ઘણા અગ્રણી નેતાઓ અને પૂર્વ મુખ્યમંત્રી ઈન્ફ્લુએન્સર્સ પણ દેશના બાળકોના ભવિષ્ય માટે વાંગચૂકના આ કદમને સમર્થન આપી રહ્યા છે. દેશભરમાંથી પેપર લીકનો ભોગ બનેલા હજારો વિદ્યાર્થીઓ અને યુવાનો તેમના સમર્થનમાં પ્રદર્શનમાં જોડાઈ રહ્યા છે. વાંગચૂકે પોતે અપીલ કરી છે કે, આ લડત દેશના ભવિષ્ય સમાન વિદ્યાર્થીઓની સુરક્ષા માટેની છે, તેથી આગામી ૨૦ જુલાઈ ૨૦૨૬ના રોજ યોજાનારા 'સંસદ ચલો' માર્ચને લોકો વધુ મજબૂત બનાવે.

# વરસતા વરસાદમાં બંધ કમરામાં લાલ બંગલાવાળા શેઠનું ખૂન અને સોનાની ઘડિયાળ

કાતિલ ઠંડી રાત્રે આકાશ કાળા ડિબાંગ વાદળોથી ઘેરાયેલું હતું. ધોધમાર વરસાદ વરસી રહ્યો હતો. બરાબર રાત્રે બાર વાગ્યે સિટી પોલીસ સ્ટેશનના ઈન્સ્પેક્ટર અરવિંદના ફોનની ઘંટડી વાગી. સામે છેડેથી ગભરાયેલો અવાજ આવ્યો, "સાહેબ, લાલ બંગલાવાળા શેઠ સમરજિત સિંહનું ખૂન થઈ ગયું છે!"

ઈન્સ્પેક્ટર અરવિંદ અને તેમની ટીમ ગણતરીની મિનિટોમાં જ ઘટનાસ્થળે પહોંચી ગઈ. સમરજિત સિંહ શહેરના જાણીતા ઉદ્યોગપતિ અને કીમતી વસ્તુઓના સંગ્રાહક હતા.

સમરજિત સિંહ પોતાના આલીશાન સ્ટડી રૂમમાં મૃત હાલતમાં પડ્યા હતા. તેમના ગળા પર કોઈ તીક્ષ્ણ હથિયારના ઘા હતા. રૂમનો દરવાજો અંદરથી બંધ હતો, જે નોકર રમેશે તોડ્યો હતો.

સમરજિત સિંહ તેમની આરામદાયક ખુરશી પર ઢળેલી હાલતમાં હતા. ટેબલ પર લોહીના ડાઘ હતા.

દીવાલ પર રહેલી તિજોરી ખુલ્લી હતી. તેમાંથી માત્ર એક જ કીમતી વસ્તુ ગાયબ હતી— તેમની પૂર્વજોની અતિ કીમતી 'સોનાની ખિસ્સા ઘડિયાળ'

એશ-ટ્રેમાં એક મોંઘી વિદેશી સિગારેટનો ટુકડો પડેલો હતો. સમરજિત સિંહ ક્યારેય ધૂમ્રપાન નહોતા કરતા.

"જો રૂમ અંદરથી બંધ હતો, તો ખૂની બહાર કેવી રીતે ગયો? અને તે માત્ર એ સોનાની ઘડિયાળ જ કેમ લઈ ગયો?" ઈન્સ્પેક્ટર અરવિંદના મગજમાં સવાલો ઘૂમરાવા લાગ્યા.

પોલીસે બંગલામાં હાજર લોકોની પૂછપરછ શરૂ કરી. મુખ્યત્વે બે વ્યક્તિઓ શંકાના દાયરામાં હતી.રમેશ (ઘરનો વફાદાર નોકર), તેણે દાવો કર્યો કે તે રાત્રે ૯ વાગ્યે શેઠને દૂધ આપીને પોતાના ક્વાર્ટરમાં સૂવા ચાલ્યો ગયો હતો. અવાજ આવતા તે દોડી આવ્યો અને દરવાજો તોડ્યો.

વિક્રમ (સમરજિત સિંહનો ભત્રીજો), વિક્રમ દેવાના બોજ હેઠળ દબાયેલો હતો. તેણે જણાવ્યું, "હું રાત્રે ૮ થી ૧૧ વાગ્યા સુધી હાઈવે પર આવેલી ક્લબમાં મારા મિત્રો સાથે પાર્ટી કરી રહ્યો હતો. મારી પાસે ત્યાંના બિલ પણ છે."

ઈન્સ્પેક્ટર અરવિંદે રૂમની બારી તરફ નજર કરી. બારી

**[ક્રાઈમ સ્ટોરી]**

અંદરથી બંધ હતી, પણ તેની કાચની પેનલ સહેજ ઢીલી હતી. બારીની બહાર બગીચાની ભીની માટી હતી. ત્યાં કોઈના પગલાંના નિશાન નહોતા, કારણ કે વરસાદે બધું ધોઈ નાખ્યું હતું.

પરંતુ, ઈન્સ્પેક્ટર અરવિંદની તીક્ષ્ણ નજરે કંઈક એવું શોધી કાઢ્યું જે ખૂનીથી છૂટી ગયું હતું. તેમણે વિક્રમને નજીક બોલાવ્યો અને તેના શૂઝ તરફ જોયું.

"વિક્રમ, તેં કહ્યું કે તું હાઈવે પરની ક્લબમાં હતો. પરંતુ તારા મોંઘા લેધર શૂઝ પર લાલ માટી ચોંટેલી છે. આખા શહેરમાં આવી લાલ માટી માત્ર આ લાલ બંગલાના ખાસ બગીચામાં જ છે!" ઈન્સ્પેક્ટરે કડક અવાજે કહ્યું.


વિક્રમના ચહેરા પરનો રંગ ઊડી ગયો. તે ગભરાઈને બોલ્યો, "પણ સાહેબ, રૂમ તો અંદરથી બંધ હતો!"

ઈન્સ્પેક્ટર અરવિંદ હસ્યા અને બોલ્યા,

"ખૂન અંદરથી બંધ રૂમમાં નથી થયું. તેં સમરજિત સિંહને બગીચામાં જ બોલાવ્યા હતા. તારી દેવાની રકમ ચૂકવવા માટે તેં તેમની પાસે એ સોનાની ઘડિયાળ માંગી, પણ તેમણે ના પાડી. ઝપાઝપીમાં તેં તેમનું ગળું કાપી નાખ્યું. ત્યારબાદ તું તેમની લાશને ખભે ઊંચકીને બારી વાટે અંદર લાવ્યો, તેમને ખુરશી પર બેસાડ્યા અને દરવાજો અંદરથી બંધ કરીને તું બારી વાટે જ બહાર નીકળી ગયો. બારીનો કાચ બહારથી સરકાવી શકાય તેવો ઢીલો હતો જેનો તેં ફાયદો ઉઠાવ્યો.""અને સૌથી મોટો પુરાવો..." ઈન્સ્પેક્ટરે વિક્રમના કોટના ગજવામાં હાથ નાખીને એ સોનાની ચમકતી ઘડિયાળ બહાર કાઢી. "આ ઘડિયાળ અને એશ-ટ્રેમાં મળેલી એ વિદેશી સિગારેટ, જે બ્રાન્ડ તું પીએ છે!"

પોતાની ચોરી અને પાપ પકડાઈ જતાં વિક્રમ ઘૂંટણિયે પડી ગયો અને રડવા લાગ્યો. લાલચ અને લોભમાં આવીને તેણે પોતાના જ કાકાની હત્યા કરી નાખી હતી. ઈન્સ્પેક્ટર અરવિંદે હથકડી પહેરાવી ગુનેગારને જેલના સળિયા પાછળ ધકેલી દીધો અને વધુ એક જટિલ કેસનો ઉકેલ લાવી દીધો.

## એશ-ટ્રેમાં એક મોંઘી વિદેશી સિગારેટનો ટુકડો પડેલો હતો. સમરજિત સિંહ ક્યારેય ધૂમ્રપાન નહોતા કરતા, "જો રૂમ અંદરથી બંધ હતો, તો ખૂની બહાર કેવી રીતે ગયો? અને તે માત્ર એ સોનાની ઘડિયાળ જ કેમ લઈ ગયો?" ઇન્સ્પેક્ટર અરવિંદના મગજમાં સવાલો ઘૂમરાવા લાગ્યા




# સંસદના ચોમાસુ સત્રમાં થશે એનડીએ અને ઈન્ડિયા ગઠબંધનની કસોટી

સંસદનું ચોમાસુ સત્ર ૨૦ જુલાઈથી શરૂ થવા જઈ રહ્યું છે. આ સત્ર દરમિયાન મોદી સરકાર લોકસભાની બેઠકો વધારવા માટેનું સીમાંકન બિલ અને મહિલા અનામત બિલ ફરી રજૂ કરી શકે તેવી શક્યતા છે. આ બિલ પાસ કરાવવા માટે સંસદમાં બે-તૃતિયાંશ બહુમતી એટલે કે ૩૬૦ સાંસદોના દીધું છે.

ચોમાસુ સત્રને ધ્યાનમાં રાખીને ભાજપ નેતૃત્વએ બેઠકોનો દોર શરૂ કરી દીધો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નિવાસ્થાને એક મહત્ત્વની બેઠક યોજાઈ હતી, જેમાં ગૃહ મંત્રી અમિત શાહ અને સંગઠન મહામંત્રી બી.એલ. સંતોષ હાજર રહ્યા હતા. આ બેઠકમાં સત્રની વ્યૂહરચના દ્ગડ્ઢછ પાસે ૨૯૩ સાંસદોનું સમર્થન છે. જો તૃણમૂલ કોંગ્રેસથી અલગ થયેલા દ્ગઝ્રઁના ૨૦ સાંસદો અને ડીએમકેના ૨૨ સાંસદો સરકારને ટેકો આપે, તો આ સંખ્યા ૩૩૫ સુધી પહોંચી શકે છે. આ સિવાય વાયએસઆરસીપીના ૪ સાંસદો, એક અપક્ષ અને ઉદ્ધવ ઠાકરે જૂથના એકનાથ શિંદે સાથે આવેલા ૬ આદિત્યનાથ તેમજ મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ અને નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદે સાથે બેઠકો કરી છે. બીજી તરફ, વિપક્ષી ખેમામાંથી સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવ શરતો સાથે બિલને સમર્થન આપવાની વાત કરી છે, જે અને મમતા બેનર્જીના પક્ષના કેટલાક સાંસદો સહકાર આપે તો સરકાર સરળતાથી બહુમતી મેળવી શકે છે.

ચોમાસા સત્રમાં વિપક્ષનો સહકાર મેળવવા માટે સરકારે ૧૯ જુલાઈએ સર્વપક્ષીય બેઠક બોલાવી છે. આ બેઠકમાં

## સંસદ સત્રમાં રજૂ થનારા સીમાંકન અને મહિલા અનામત સહિતના બિલ પસાર કરવા મોદી સરકારે કવાયત શરૂ કરી દીધી છે,બીજી તરફ કોંગ્રેસ સિવાયના અન્ય પક્ષોના વિરોધાભાસી વલણથી સંભવિત બિલને રોકવું વિપક્ષ માટે મુશ્કેલ બનશે



સમર્થનની જરૂર છે. આ અગાઉ એપ્રિલમાં યોજાયેલા વિશેષ સત્રમાં પૂરતી સંખ્યા ન હોવાને કારણે સરકાર આ બિલ પાસ કરાવી શકી નહોતી, પરંતુ હવે ત્રણ મહિના

**[રાજકારણ]**

પછી સરકાર ફરીથી તેને પાસ કરાવવાની તૈયારી કરી રહી છે. સરકારને ઘેરવા માટે કોંગ્રેસે પણ અન્ય વિરોધ પક્ષો સાથે મળીને પોતાની રણનીતિ ઘડવાનું શરૂ કરી અને સંસદમાં રજૂ થનારા વિધેયકો પર વિસ્તારપૂર્વક ચર્ચા કરવામાં આવી હતી. આ સિવાય સંગઠનમાં ટૂંક સમયમાં થનારા ફેરફારો અંગે પણ મંથન થયું હોવાના સંકેત છે.

લોકસભામાં હાલ ૩ બેઠકો ખાલી હોવાથી બંધારણીય સુધારા માટે ૩૬૦ સભ્યોના સમર્થનની જરૂર છે. હાલના આંકડા મુજબ ભાજપની આગેવાની હેઠળના સાંસદોનો ટેકો મળતાં આ આંકડો ૩૪૬ થઈ શકે છે. જો શરદ પવારની પાર્ટીના ૮ સાંસદો પણ સમર્થન આપે તો સરકાર ૩૫૪ના આંકડા પર પહોંચી શકે છે. આમ, બે-તૃતિયાંશ બહુમતી માટે સરકારને હજુ વધુ ૬ સાંસદોના સમર્થનની જરૂર પડશે.

આ જરૂરી આંકડો મેળવવા માટે ગૃહ મંત્રી અમિત શાહે ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી સ્વીકારવી સરકાર માટે મુશ્કેલ છે. જ્યારે ઉદ્ધવ ઠાકરે જૂથના સાંસદ સંજય રાઉતે સંકેત આપતાં કહ્યું કે, 'જો સરકાર અમારી માંગણીઓ સ્વીકારશે, તો અમે સમર્થન આપવા અંગે વિચારીશું.' ઉદ્ધવ જૂથ પાસે ૩ સાંસદો છે. જો તેમનો ટેકો મળે સરકાર તમામ પક્ષોને સત્રના એજન્ડા અને રજૂ થનારા વિધેયકોની માહિતી આપશે. ત્યારબાદ ૨૦ જુલાઈથી સત્રની શરૂઆત થશે અને ૨૧ જુલાઈએ દ્ગડ્ઢછ સંસદીય દળની બેઠક યોજાશે, જેને વડાપ્રધાન નરેન્દ્ર મોદી સંબોધિત કરશે.

## શબ્દ શોધો

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| સા | ઔ | ન | શિ | અ: | મા | ઉ | ખ | કા | હા | સા | ધ |
| ઔ | લ | ક્ષ | મા | રી | ધ | ક | ક્ષ | ફ | ર | કી | ફ |
| ઔ | ક | સ | મ | દ | વિ | ઊ | ર | મા | બં | પ્રા | લ |
| પ્રા | ગં | લા | બા | ઈ | જ્ઞા | ગ | દ | ણ | ધ | કી | ઊ |
| લી | ભ | ઓ | ક | ર | ન | અ | ઓ | બ | ળ | વિ | જ્ઞા |
| કા | રો | લ | લ | ર | સા | સા | ત | કુ | લ | આ | હા |
| ધ | ઈ | ક | અ: | ર | બ | ખ | બૂ | કા | મો | ર | લા |
| ભા | દા | વિ | ણ | તી | ભો | મો | વિ | ર | ભો | બ | ક |
| ગી | ગ | કા | વિ | એ | મ | ક | આ | લ | પ્ર | બિ | સ |
| કા | ર | ળ | ચા | ન | ભો | ઐ | બ | જ | રી | ર | બ |
| ર | ડો | ળ | ર | ર | બ | ણે | ડો | ક્ષ | વા | જ | મા |
| રી | દ | કા | ણા | એ | ભો | બા | સ | ળો | શિ | ક્ષ | ણ |

શબ્દ શોધો: મોભો, રણકાર, બારસાખ, વિચારણા, વિજ્ઞાન, શિક્ષક, શિક્ષણ, સરવાળો, સાલસ, હારબંધ

# શિવ અને શકિત એક સ્વરૂપ છે : સાધકે બન્નોની એક્યભાવે આરાધના કરવી જોઈએ

આ વિશ્વ શિવરૂપ હોવા છતાં ગુણ અને કાર્યથી તે ભિન્ન દેખાય છે.ભગવાન શિવ પોતાની શક્તિવડે આ જગતને સર્જે છે અને વિસર્જન પણ કરે છે.ભગવાન શિવ ખુદ આ જગતના નિયંતા છે.પરમાત્મા આ જગતને વ્યાપીને રહેલા છે.બ્રહ્મા, વિષ્ણુ,રુદ્ર,મહેશાન અને સદાશિવ આ પાંચ મૂર્તિ (સ્વરૂપ)એ મુખ્ય છે.આ ઉપરાંત ઈશાન,પુરુષ,ઘોર,વામ આદિ સ્વરૂપે આ જગતનો વિસ્તાર અને લય થાય છે.ભગવાન શિવ પોતાની શક્તિવડે આ જગતમાં વ્યાપીને રહેલા છે,આથી શિવ અને શક્તિ બન્ને એક સ્વરૂપ જ છે.

માતા પાર્વતીજી શક્તિ સ્વરૂપ છે,અને શક્તિમાન એવા ઈશ્વર તે શિવ છે.તેમની વિભૂતિના એક અંશમાંથી આ જગત ઉત્પન્ન થાય છે.જડ અને ચેતન સ્વરૂપ આ જગત શિવશક્તિનું જ સ્વરૂપ છે,માટે આ જગત ભગવાન શિવને આધીન રહ્યું છે.જે રીતે સૂર્યનો આધાર પ્રકાશ અને પ્રકાશનો આધાર સૂર્ય છે,તેજ રીતે શિવ શક્તિના આધારે અને શક્તિ શિવના આધારે રહ્યા છે.ભગવાન શિવ પોતાની શક્તિ થકીજ તમામને સંસારનું સુખ અને

**[ધર્મ દર્શન]**

મોક્ષ આપે છે.આ શક્તિ જ્ઞાનરૂપ છે અને શિવનો આશ્રય કરીને રહેલી છે.જ્યારે ગુણવડે શિવના રૂપમાં ફેરફાર થાય છે ત્યારે શક્તિ વિવિધ સ્વરૂપ ધારણ કરીને ભગવાન શિવની ઈચ્છાથી અનેક રીતે આ જગતને નિપજાવે છે.ભગવાન શિવની આ શક્તિ એજ મુલમાયા કે મહામાયા છે.

ગુણના પ્રભાવથી માયાના ત્રાણ સ્વરૂપ માનવામાં આવ્યા છે.ભગવાનને જ્યારે સૃષ્ટિની રચના કરવાનો વિચાર આવે છે ત્યારે તલમાં જેમ તેલ હોય છે,તેવી રીતે તત્વમય શક્તિ પ્રકાશમાન થાય છે.આ તત્વમય શક્તિ થકી જ્ઞાનશક્તિ, ક્રિયાશક્તિ અને ઈચ્છાશક્તિ વડે આ સમગ્ર જગત વિસ્તાર પામે છે.આ સમગ્ર બ્રહ્માંડ શિવ અને શક્તિ સ્વરૂપ છે. માનવીએ આ જગતના કાર્ય અને કારણ રૂપ ભગવાન શિવ અને શક્તિની આરાધના કરવી જોઈએ.ભગવાન શિવ પોતાની શક્તિવડે આ જગતમાં વ્યાપીને રહ્યા છે.ભગવાન શિવની વિભૂતિને જાણનાર ભક્ત સર્વ પાપોથી મુક્ત થઈને મોક્ષ મેળવે છે.ભગવાન શિવની ઉપાસના કરનાર ભાવિકે ભગવાન શિવ અને શક્તિ બન્નેની એકયભાવે પૂજા કરવી જોઈએ.શિવશક્તિની આરાધના કરનાર મનુષ્ય આ લોકમાં ઉત્તમ ફળ મેળવી મોક્ષનો અધિકારી થાય છે.



# રાજકોટ મનપા ફૂડ શાખાના ૨૦ દિવસના મેગા ચેકિંગમાં ૨૮ પેઢીઓને સીલ–લાખોનો દંડ વસૂલ

## ખાદ્યપદાર્થોની ગુણવત્તા અને સ્વચ્છતા મુદ્દે આરોગ્ય વિભાગનું આક્રમક અભિયાન; અખાદ્ય સામગ્રીનો જથ્થો નાશ કરી નિયમ તોડનારા વેપારીઓ સામે કડક કાર્યવાહી







રાજકોટ,

રાજકોટમાં નાગરિકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરનારા આસામીઓ સામે રાજકોટ મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ દ્વારા છેલ્લા ૨૦ દિવસથી એક સઘન ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. શહેરના ત્રણેય ઝોનમાં એકસાથે શરૂ કરવામાં આવેલા આ મેગા ચેકિંગ ડ્રાઈવ અંતર્ગત આરોગ્ય વિભાગની ટીમોએ ૧૧૦૦ થી વધુ ખાદ્ય સામગ્રીના વેચાણ કરતા એકમો પર ઓચિંતી મુલાકાત લીધી હતી. આ તપાસમાં ગંભીર બેદરકારી અને આરોગ્યના નિયમોનું ઉલ્લંઘન જોવા મળતા ૩૧૦ પેઢીઓને કારણદર્શક નોટિસ ફટકારવામાં આવી છે, જ્યારે નિયમોનું સરેઆમ ઉલ્લંઘન કરનાર ૨૮ જેટલી પેઢીઓને તાત્કાલિક અસરથી સીલ કરી દેવામાં આવી છે.

તંત્ર દ્વારા કરવામાં આવેલી આ કાર્યવાહીમાં આરોગ્યના ધોરણોનું પાલન ન કરનાર વ્યાપારીઓ પાસેથી દંડની વસૂલાત પણ કરવામાં આવી છે. મળતી માહિતી મુજબ, દંડની આ રકમ ૭ લાખ રૂપિયા સુધી પહોંચી છે. આરોગ્ય વિભાગની ટીમોએ જ્યારે વિવિધ હોટલ, રેસ્ટોરન્ટ અને અન્ય ખાદ્ય એકમોની ઝીણવટભરી તપાસ કરી, ત્યારે ત્યાંની ગંદકી અને ખાદ્ય સામગ્રીની ગુણવત્તામાં અનેક ખામીઓ જોવા મળી હતી.

આ ઝુંબેશનો મુખ્ય ઉદ્દેશ્ય લોકોને શુદ્ધ અને ગુણવત્તાયુક્ત આહાર મળી રહે તે સુનિશ્ચિત કરવાનો છે. ચેકિંગ દરમિયાન ખાસ કરીને અખાદ્ય, વાસી અને ભેળસેળયુક્ત ખાદ્ય પદાર્થોને જપ્ત કરવામાં આવ્યા હતા. આ દરોડા દરમિયાન કુલ સાડા પાંચ ટનથી વધુ અખાદ્ય અને વાસી સામગ્રીનો જથ્થો પકડી પાડી તેને જાહેરમાં નાશ કરવાની કાર્યવાહી પણ વિભાગ દ્વારા કરવામાં આવી છે.

મહાનગરપાલિકાના આ કડક પગલાંથી શહેરના વેપારી વર્ગમાં ફફડાટ વ્યાપી ગયો છે. આરોગ્ય વિભાગના અધિકારીઓએ સ્પષ્ટ ચેતવણી આપી છે કે, ભવિષ્યમાં પણ આવી આકસ્મિક તપાસ અને ડ્રાઈવ સતત ચાલુ રહેશે. જે પણ એકમ આરોગ્યના નિર્ધારિત ધોરણો જાળવવામાં નિષ્ફળ જશે, તેમની સામે વધુ કડક કાનૂની કાર્યવાહી કરવામાં આવશે. નાગરિકોના આરોગ્યની સુરક્ષા માટે તંત્ર કોઈ પણ પ્રકારની બાંધછોડ કરવાના મૂડમાં નથી તે આ મેગા ચેકિંગ દ્વારા સ્પષ્ટ થઈ રહ્યું છે.

# રાજકોટમાં આઈ.ટી. પાર્ક માટે રૈયા સ્માર્ટ સિટીમાં ૧૦ હજાર ચોરસ મીટર જમીન ફાળવાઈ

## જિલ્લા કલેક્ટરશ્રી ડો. ઓમ પ્રકાશની અધ્યક્ષતામાં જિલ્લા ફરિયાદ સહ સંકલન સમિતિની બેઠક યોજાઇ




રાજકોટ,

રાજકોટ જિલ્લા કલેક્ટરશ્રી ડો. ઓમ પ્રકાશની અધ્યક્ષતામાં તથા જિલ્લા પંચાયત પ્રમુખ સંજયભાઈ પીપળીયાની ઉપસ્થિતિમાં રાજકોટ જિલ્લા ફરિયાદ સહ સંકલન સમિતિની બેઠક યોજાય હતી. જેમાં લોકપ્રતિનિધિઓ તરફથી વિવિધ પ્રશ્નો રજૂ થયા હતા, જેનો સમયમર્યાદામાં નિકાલ લાવવા કલેક્ટરશ્રીએ સંબંધિત અધિકારીઓને સૂચના આપી હતી.

આ બેઠકમાં ધારાસભ્ય રમેશભાઈ ટીલાળાએ પી.જી.વી.સી.એલ.ના વોટ્સએપ ફરિયાદ નંબર, લગ્ન બાદ આધારકાર્ડમાં નામ સુધારવામાં થતા પ્રશ્નો, શાપર સી.એચ.સી.માં સ્ટાફની ઘટ સહિતના પ્રશ્નો રજૂ કર્યા હતા. જેના જવાબમાં જણાવાયું હતું કે, પી.જી.વી.સી.એલ.ના વોટ્સએપ ફરિયાદ નંબરમાં મેટા સાથે કેટલીક પોલિસીને લગતા પ્રશ્નો છે, જેને હલ કરવાની પ્રક્રિયા ચાલુ છે. આધારકાર્ડ અપડેટ માટે બારકોડવાળા સર્ટિ. સિવાયના પ્રમાણપત્રોની ઓથેન્ટિસિટી ચકાસીને તેને અપડેટ કરવા માટેની વ્યવસ્થા ગોઠવવા સૂચના આપવામાં આવી હતી. આ સાથે શાપર સી.એચ.સી.માં દર બુધવારે દર્દીઓની વધુ ભીડ રહેતી હોવાથી ત્યાં વધારાના ડોક્ટર સહિતનો સ્ટાફ મૂકવાની સૂચના કલેક્ટરશ્રી દ્વારા આપવામાં આવી હતી.

ધારાસભ્ય દર્શિતાબહેન શાહે વોટસન મ્યુઝિયમ રિનોવેશન, આઈ.ટી. પાર્ક., પી.ડબલ્યુ.ડી.ના જર્જરિત ક્વાર્ટર્સ સહિતના પ્રશ્નો રજૂ કર્યા હતા. જેના જવાબમાં જણાવાયું હતું કે, વોટસન મ્યુઝિયમના ડિઝાઈનિંગની કામગીરી પૂર્ણ થઈ ગઈ છે અને ફાઈનલ પ્રોજેક્ટ ગાંધીનગર મોકલી આપવામાં આવ્યો છે. રાજકોટમાં આઈ.ટી. પાર્ક માટે રૈયા સ્માર્ટસિટીમાં ૧૦ હજાર ચોરસ મીટર જમીન ફાળવવામાં આવી છે. જ્યારે જર્જરિત ક્વાર્ટર્સના ડિમોલિશન માટેની પ્રક્રિયા ચાલી રહી હોવાનું જણાવાયું હતું.

# રાજકોટ શહેર - જિલ્લામાં રાશનકાર્ડ ઈ - કેવાયસીની કામગીરી હવે માત્ર બે ટકા જ બાકી

## ૯૮.૧૫ ટકા કામ પૂર્ણ: પૂરવઠા સલાહકાર સમિતિની બેઠકમાં વિગતોની ચર્ચા

રાજકોટ,

રાજકોટ જિલ્લા કલેક્ટર ડો. ઓમ પ્રકાશના અધ્યક્ષસ્થાને રાજકોટ શહેર - જિલ્લા નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિ તેમજ પ્રધાનમંત્રી પોષણ યોજનાની જિલ્લાકક્ષાની સ્ટીયરિંગ કમ મોનીટરિંગ કમિટીની બેઠક યોજાઈ હતી.

જિલ્લા કલેક્ટર કચેરી ખાતે આજે યોજાયેલી આ બેઠકમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩, આવશ્યક ચીજવસ્તુઓના જથ્થા, પુરવઠા અને વહેંચણી, 'વન નેશન, વન રાશન કાર્ડ' યોજના, વાજબી ભાવની દુકાનોની તપાસ, રાશન કાર્ડ ઈ.કે.વાય.સી., સેન્ટ્રલ બેંક ડિજિટલ કરન્સી સહિતની બાબતે તાલુકાવાર અહેવાલની સમીક્ષા કરવામાં આવી હતી. કલેક્ટરએ વાડી વિસ્તાર સુધી રાશનકાર્ડનો લાભ પહોંચાડવા પર ભાર મૂક્યો હતો.આ તકે જિલ્લા પુરવઠા અધિકારી અજય ઝાપડાએ રાશન કાર્ડ ઈ.કે.વાય.સી.ની કામગીરી ૯૮.૧૫ ટકા પૂર્ણ થઈ હોવાનું જણાવ્યું હતું.આ ઉપરાંત, પી.એમ. પોષણ યોજનાની બેઠકમાં જિલ્લા પુરવઠા અધિકારી દ્વારા જણાવાયું હતું કે, બાળકોના સ્વાસ્થ્ય અને સ્વચ્છતાને ધ્યાનમાં રાખતા, 'સ્વચ્છ હાથ, પોષણ સાથ' પહેલ શરૂ કરવામાં આવી છે. જે અંતર્ગત રસોઈયાઓને હેન્ડ ગ્લવ્ઝ, કેપ, એપ્રન આપવામાં આવશે.

આ બેઠકમાં મુખ્યમંત્રી પૌષ્ટિક અલ્પાહાર યોજના, મધ્યાહન ભોજન યોજના, બાળકો અને શાળાઓની સંખ્યા, સ્કૂલ ન્યુટ્રીશન કિચન ગાર્ડન, નવા ભોજનશેડ બાંધકામ અને અંદાજીત બજેટ, દાતાઓના સહયોગથી મંજૂર થયેલા ડાઈનિંગ ટેબલ, કિચન-કમ-સ્ટોર નવા બનાવવા અને રીપેરિંગ, અધિકારીઓની રૂબરૂ મુલાકાત અને તપાસણી, તાલુકાકક્ષાએ તિથી ભોજન અને લોકભાગીદારી વિશે ચર્ચા કરવામાં આવી હતી. આ તકે કલેક્ટરશ્રીએ કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સબિલિટી હેઠળ ખાનગી કંપનીઓના સહયોગથી પોષણની કામગીરી વધુ સુદ્રઢ બનાવવા માર્ગદર્શન આપ્યું હતું.

આ તકે ધારાસભ્યો ડો. દર્શિતાબેન શાહ અને રમેશભાઈ ટીલાળા, જિલ્લા પંચાયત પ્રમુખ સંજયભાઈ પીપળીયા, પૂર્વ સાંસદ રમાબેન માવાણી, અગ્રણીઓ મનોજભાઈ રાઠોડ અને રાજુભાઈ ઝૂંઝા, જિલ્લા મુખ્ય આરોગ્ય અધિકારી આર. આર. ફૂલમાળી, જિલ્લા મહિલા અને બાળ અધિકારી જનકસિંહ ગોહિલ, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી શ્રી દિક્ષિતભાઈ પટેલ સહિત સંબંધિત અધિકારીઓ - કર્મચારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

# રાજકોટના પડધરીમાં વીજપોલના વિરોધમાં ખેડૂત છાવણી શરૂ: ત્રણ દિવસના પ્રતિક ધરણાં

## જિલ્લાના પડધરી ખાતે હેવી વીજપોલ (ટ્રાન્સમિશન લાઇન)ના આયોજન સામે ખેડૂતોમાં ભારે રોષ




રાજકોટ,

રાજકોટ જિલ્લાના પડધરી ખાતે હેવી વીજપોલ (ટ્રાન્સમિશન લાઈન)ના આયોજન સામે ખેડૂતોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ખેતીની જમીન પરથી પસાર થતી આ લાઈનના વિરોધમાં 'ખેડૂત હિતરક્ષક સમિતિ' દ્વારા પડધરી બાયપાસ ખાતે આવેલા વસુંધરા હોટેલ અને નાયરા પેટ્રોલ પંપની વચ્ચેના વિસ્તારમાં ત્રણ દિવસીય પ્રતીક ધરણાનું આયોજન કરવામાં આવ્યું છે.આંદોલનકારી ખેડૂતોની મુખ્ય માંગ કેન્દ્ર સરકારના 'ચાર ગણા વળતર'ના કાયદાનો ગુજરાતમાં યોગ્ય અમલ કરવાની છે. ખેડૂત પ્રતિનિધિ મનોજ પનારાએ આક્ષેપ કર્યો હતો કે, રાજ્ય સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલ પરિપત્રમાં ઘણી ખામીઓ અને ભૂલો છે, જે ખેડૂતોને સ્વીકાર્ય નથી.

આ ધરણા સવારના ૧૦:૦૦ થી સાંજના ૬:૦૦ વાગ્યા સુધી યોજાશે.પડધરી તાલુકાના ૫૨ ગામોના હજારો ખેડૂતો આ આંદોલનમાં જોડાઈ રહ્યા છે, જેમાં ઘણા ખેડૂતો એક દિવસ તો ઘણા ત્રણ દિવસ સુધી ઉપવાસ પર બેસશે. આ લડત માત્ર પડધરી પૂરતી સીમિત ન રહેતા ગુજરાતભરના ખેડૂત આગેવાનોનું સમર્થન પણ મેળવવામાં આવશે.

ખેડૂતોનું માનવું છે કે, જે ૭.૫ લાખ કરોડનું રોકાણ કરતી કંપનીઓને સરકારે લાભ આપવાનો છે, તે સામે ખેડૂતોના હિતને નજરઅંદાજ કરવામાં આવી રહ્યા છે. આંદોલનકારીઓએ સ્પષ્ટ ચીમકી ઉચ્ચારી છે કે, જ્યાં સુધી આ બાબતે દિલ્હી સુધી અવાજ નહીં પહોંચે અને કેન્દ્રીય સ્તરે ન્યાય નહીં મળે, ત્યાં સુધી આ આંદોલન ચાલુ રહેશે. ખેડૂતોએ સરપંચોના લેટરપેડ દ્વારા પણ આ મામલે લેખિતમાં વિરોધ નોંધાવ્યો છે.

# રાજકોટના આજી અને ન્યારી-૧ ડેમમાં વરસાદી પાણીની આવક ન થાય ત્યાં સુધી નર્મદાનીર છોડાશે

રાજકોટ,

સમગ્ર રાજ્ય સહિત રાજકોટમાં ચોમાસુ અટક્યું છે. જુલાઈ માસ અર્ધો વિતી જવા છતાં પૂરતો વરસાદ નોંધાયો નથી ત્યારે રાજકોટના આજી, ન્યારી-૧ સહિત સૌરાષ્ટ્રના એક ડઝનથી વધુ ડેમો હાલ 'સૌની યોજના'નાં સહારે આવી ગયા છે.

ત્યારે રાજકોટવાસીઓ માટે એક સારા સમાચાર એ છે કે સિંચાઈ વિભાગ રાજકોટમાં જ્યાં સુધી સારો વરસાદ ન પડે ત્યાં સુધી આજી અને ન્યારી-૧માં સૌની યોજનાનું પાણી ચાલુ રાખનાર છે. આથી રાજકોટનાં લોકોને પીવાના પાણીની તંગી ન રહે. વધુમાં રાજકોટ સિંચાઈ વિભાગનાં સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ ૨૯ ફૂટે છલકાતા આજી-૧ની સપાટી આજની સ્થિતિએ ૨૧.૧૦ ફૂટે પહોંચી છે અને ડેમમાં ૫૦.૫૭ ટકા જળ સંગ્રહ છે.

જ્યારે ૨૫ ફૂટે છલકાતા ન્યારી-૧ની સપાટી ૧૪.૬૦ ફૂટે પહોંચી છે અને ડેમમાં ૩૫.૬૨ ટકા જળ સંગ્રહ છે.ઉલ્લેખનીય છે કે આજી-૧માં ચેલ્લા એક માસ દરમિયાન ૨૮૫ એમસીએફટી અને ન્યારી-૧માં ૨૩૦ એમસીએફટી, નર્મદા નીર ઠલવાયું છે અને રાજકોટ જિલ્લાનાં ૨૭ ડેમોમાં આજની સ્થિતિએ ૨૭.૧૪ ટકા જળ જથ્થો ઉપલબ્ધ છે.

# રાજકોટમાં શ્રીસંકલ્પસિદ્ધ હનુમાનજીને દિવ્ય શણગાર

રાજકોટ,

રાજકોટના કાલાવડ રોડ પર બિરાજમાન શ્રી સંકલ્પસિદ્ધ હનુમાનજી મહારાજ આજે ગાઢ નીલાંબર દિવ્ય શૃંગારમાં અતિ મનોહર દર્શન આપી રહ્યા છે. મસ્તકે બંધાયેલો ભવ્ય વાદળી સાફો અને તેની અલૌકિક કલગી દાદાના રાજવી વૈભવમાં ચાર ચાંદ લગાવે છે.નીલવર્ણના ઝરીભરતવાળા વાઘા તથા સુશોભિત ખેસ દિવ્ય સૌંદર્યને વધુ ઉજ્જવળ બનાવે છે. મોતી, રત્નજડિત હારથી અલંકૃત શ્રીવિગ્રહ અદભુત કાંતિ પ્રસરાવે છે. હસ્તમાં સુશોભિત પુષ્પ ભક્તિ, પ્રેમ અને સમર્પણનો દિવ્ય સંદેશ આપે છે.સુવર્ણ ગદા સાથે બિરાજમાન દાદાનું વીરત્વ અને કરુણામય સ્વરૂપ એકસાથે નિહાળવા મળે છે. જાંબલી પિછવાઈની પૃષ્ઠભૂમિમાં નીલાંબર શૃંગારનું તેજ વિશેષ આકર્ષણ ઉપજાવે છે. ચરણકમળ સમક્ષ અર્પિત પુષ્પો ભક્તોની અખંડ શ્રદ્ધા અને ભાવનાનું પ્રતીક બની શોભી રહ્યા છે.

# રાજકોટ જિલ્લામાં વરસાદ ખેંચાતા ગૌશાળાઓ - પાંજરાપોળો માટે ઘાસચારાની વ્યવસ્થા કરવા માંગ

રાજકોટ,

ચાલુ ચોમાસાની સિઝનમાં વરસાદ ખેંચાવાને કારણે રાજકોટ જિલ્લામાં ઘાસચારાની ભારે અછત વર્તાઈ રહી છે. સીમ અને ખુલ્લા વિસ્તારોમાં ઘાસચારો સુકાઈ જવાના કારણે અને બજારમાં ઘાસચારાના ભાવ આસમાને પહોંચી જતા ગૌશાળાઓ અને પાંજરાપોળોનું સંચાલન કરવું મુશ્કેલ બની ગયું છે. આ વિકટ પરિસ્થિતિ અંગે સિદ્ધાર્થ ગૌશાળા એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા રાજકોટના કલેક્ટરને એક આવેદનપત્ર પાઠવીને તાત્કાલિક મદદની માંગ કરવામાં આવી છે. સિદ્ધાર્થ ગૌશાળા એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ, સાયપર (તા. જી. રાજકોટ) દ્વારા કલેક્ટરને લખવામાં આવેલા પત્રમાં જણાવાયું છે કે, "હાલ ચોમાસા દરમિયાન વરસાદ ખેંચાતા સીમ તથા ખુલ્લા ઘાસચારાની ખૂબ જ અછત ઉભી થઈ છે. ઘાસચારાના ભાવ આસમાને જતા રહ્યા હોવાથી ગૌશાળા તેમજ પાંજરાપોળમાં ગૌવંશ તેમજ ગૌમાતાનો નિભાવ કરવો ખૂબ જ મુશ્કેલ બની ગયો છે."

અબોલ જીવોની આ દયનીય સ્થિતિને ધ્યાનમાં રાખીને ટ્રસ્ટના હરીભાઈ દ્વારા કલેક્ટર સમક્ષ માંગ કરવામાં આવી છે કે વહીવટી તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે ગૌશાળાઓ તેમજ પાંજરાપોળોને ઘાસચારો વિતરણ કરાવવાની વ્યવસ્થા કરવામાં આવે, જેથી પશુઓને ભૂખમરામાંથી બચાવી શકાય. કલેક્ટર કચેરી ખાતે આ અંગેની લેખિત રજૂઆત કરી દેવામાં આવી છે

# રાજકોટના લોહાનગર-છોટુનગર: 'ન્યૂસન્સ પોઇન્ટ'ના કાયમી ઉકેલની કવાયત




## ડોર ટુ ડોર પ્લાસ્ટટિક આપી તેમજ એઠવાડ સહિતનો કચરો નાખી તેનો નિકાલ કરવા માટે તાકીદ

રાજકોટ,

રાજકોટમાં એવા તો અનેક સ્લમ વિસ્તાર છે કે, જ્યા કચરો એકત્ર કરતી ટીપરવાન પહોંચી શકતી નથી. આવા જ ગીચ વિસ્તાર પૈકી શહેરના રૈયા રોડ પર હનુમાન મઢી ચોકથી એરપોર્ટ રોડ તરફ જતી છોટુનગર ઝૂપડપટ્ટી અને એ ઉપરાંત ગોંડલ રોડ પર લોહનગર સ્લમ વિસ્તારમાં ગંદકી સહિતના ન્યુસન્સની સમસ્યા અસાધ્ય રોગ સમાન છે. આ સ્લમ વિસ્તારની ગંદકી આસપાસના એરિયામાં પથરાય છે. આજુબાજુના રોડ પર કાયમ માટે નાકુ ડૂચા દઈને નીકળવુ પડે તેવી ગંદકી ખદબદતી રહે છે. તેનો કાયમી ઉકેલ લાવવા માટે મેયર ડો.નેહલ શુક્લે 'ઓપરેશન ન્યુસન્સ પોઈન્ટ'ની કવાયત શરૂ કરવા નિર્ણય લીધો છે.

એઠવાડ સહિતો કચરો નાખવા માટે ડોર ટુ ડોર પ્લાસ્ટિકની બેગ(જાડુ પ્લાસ્ટિક) આપવામા આવશે. તેમા નખાતો કચરો એકત્ર કરવા માટે નાની શેરી-ગલ્લીઓ સહિત ગીચ જગ્યાએ વ્હીલબરો મારફતે ટિપરવાનમાં નિકાલ કરવામા આવશે. મેયર જ્યારે ગત ટર્મમાં કોર્પોરેટર હતા ત્યારે તેમના મતવિસ્તાર વોર્ડ નં.૭માં ભીલવાસ, ગવલીવાડમાં પોતાના ખર્ચે મહિલા સફાઈ કામદાર તેમજ પ્લાસ્ટિક બેગ સહિતની વ્યવસ્થા ઉભી કરી આ પ્રયોગ અજમાવ્યો હતો. તેમા સફળતા મળતા હવે સૌપ્રથમ લોહાનગર અને ત્યારબાદ છોટુનગર ઝૂપડપટ્ટીમાં આ ઉપાયથી લોકોને સ્વચ્છતા માટેનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર પુરુ પાડવા માટે પ્લાનીંગ ઘડ્યુ છે.

શહેરના બે મોટા સ્લમ વિસ્તારમાં લોહાનગરમાં આ અગાઉ કોલેરા જેવો જીવલેણ કેસ પણ દેખાયો હતો.

બે વર્ષ પહેલા આ વિસ્તારની ગંદકી પીવાના પાણીની પાઈપલાઈનમાં ભળતા કમળાના સંખ્યાબંધ કેસ પણ દેખાયા હતા. અહીં મુખ્ય સમસ્યા એ છે કે, આ સ્લમ એરિયામાં કચરો એકત્ર કરતી ટીપરવાન છેક અંદર સુધી જઈ શકતી નથી. પરિણામે સ્લમ રહેવાસીઓ તેમને ત્યાથી નીકળતો એઠવાડ સહિતનો કચરો મનફાવે તેમ જાહેરમાં નાંખી દે છે. આવી જ હાલત છોટુનગર ઝૂપડપટ્ટીમાં છે.

રાજકોટની મીની ધારાવી ઝૂપડપટ્ટી તરીકે ઓળખાતા છોટુનગરમાં પણ મેઈન રોડ પર આવી જાય એ હદે ગંદકીના ગંજ ખડકાવા લાગે છે. આ અગાઉ અનેકવખત મનપાએ ઉક્ત બન્ને વિસ્તારમાં કડક ઝૂંબેશ કરી હતી. તેના થોડા દિવસો સુધી સ્થિતિ સારી રહેતી પરંતુ મનપાની ઝૂંબેશ ઢીલી પડી જાય એટલે તુરંત હાલત જૈસે થે વૈસે જેવી થઈ જાય છે. તેની પાછળનું મુખ્ય કારણ એ છે કે, આવા સ્લમ વિસ્તારમાં રહેતા લોકોમાં સિવિક સેન્સ નથી. લોકોમાં જાગૃતિ નથી. અને આ સિવિક સેન્સ કેળવવા માટે રહેવાસીઓને એ મુજબનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર આપવુ જરૂરી છે.

આ અંગે મેયર ડો.નેહલ શુક્લે કહ્યુ હતુ કે, ગત ટર્મમાં તેમના કોર્પોરેટર તરીકેના કાર્યકાળમાં તેમના મતવિસ્તાર ભીલવાસ, ગવલીવાડમાં જયા ટીપરવાન પહોંચી શકતી ન હતી એવી જગ્યાએ તેમણે એક પ્રયોગ કર્યો હતો.

પ્રયોગ કે કર્યો હતો કે, ડોર ટુ ડોર લોકોને તબક્કાવાર રીતે ત્રણ-ત્રણ મહિનાની પ્લાસ્ટિકની બેગ આપી દેવામા આવતી હતી. આ જ બેગમાં એઠવાડ સહિત ભીનો અને સુક્કો કચરો અલગથી એકઠો કરવા માટેની ટેવ પાડવામા આવી. આ બેગ લેવા માટે વ્હીલબરો સાથે સફાળ કામદાર ડોર ટુ ડોર જાય તેવી વ્યવસ્થા કરવામા આવી.

અથવા તો ટિપરવાન શેરીના ખુણે ઉભી કરી અને બાદમાં ટીપરવાન સાથે ફાળવવામા આવેલ સફાઈ કામદાર ડોર ટુ ડોર જઈને કચરો ભરેલી પ્લાસ્ટિક બેગ લઈને આવી બાદમાં ટિપરવાનમાં નિકાલ કરી દે. મહિનાઓ સુધી આ વ્યવસ્થા ચલાવવામા આવી અને આ પ્રયોગ સફળ રહ્યા બાદ હવે અન્ય સ્લમ વિસ્તારમાં આ પ્રયોગ કરવાના નિર્ણયના ભાગરૂપે હવે પછી ગોંડલ રોડ પર જુના મવડી ફાટક પાસે ઓવરબ્રિજ નીચે આવેલા લોહાનગર સ્લમ વિસ્તારમાં આ જ થિયરીથી ન્યૂસન્સ પોઈન્ટનો કાયમી ઉકેલ લાવવા માટે એક અભિયાનના ભાગરૂપે આ પ્રયોગ અજમાવવામા આવશે.

ત્યારબાદ છોટુનગર ઝૂપડપટ્ટીમાં આ જ એજન્ડા સાથે કાયમી ઉકેલ માટેની કવાયત કરવામા આવશે તેમ મેયર ડો.નેહલ શુક્લે જણાવ્યુ હતુ.

લોહાનગર અને છોટુનગર ઝૂપડપટ્ટીની અંદર એક ટુ વ્હીલ માંડ નીકળી શકે એ રીતે આખી વસાહત બની ગઈ છે. આવી જગ્યાએ ટિપરવાનનું જવુ અસંભવ છે. તેનો ઉકેલ લાવવા માટે ડોર ટુ ડોર પ્લાસ્ટિક બેગ આપી તેમા એકત્ર થતો કચરો લેવા માટે સફાઈ કામદાર વ્હીલબરો સાથે જશે. વ્હીલબરોમાં ઠલવાતી કચરા ભરેલી પ્લાસ્ટિક બેટ બાદમાં ટિપરવાનમાં ઠલવી દેવાશે. પ્લાસ્ટિક બેગ પર્યાવરણના નોમ્સ મુજબની જાડાઈવાળી હશે તેમ મેયર ડો.નેહલ શુક્લે જણાવ્યુ હતુ.

# ભાજપને હરાવવા માટે ગઠબંધન માટે તૈયાર

## રામ મંદિરના દાનની ચોરીથી લઈને જૌહર યુનિવર્સિટી સુધીના મુદ્દાઓ પર ઓવૈસી બોલ્યા

સહારનપુર,
ઓલ ઈન્ડિયા મજલિસ-એ-ઈત્તેહાદુલ મુસ્લિમીન (એઆઈએમઆઈએમ)ના વડા અને સાંસદ અસદુદ્દીન ઓવૈસીએ કહ્યું કે અન્ય રાજકીય પક્ષો અમારા પર સાંપ્રદાયિક પક્ષ હોવાનો આરોપ લગાવે છે. અમે ક્યારેય કોઈ સમુદાયની વિરુદ્ધ નથી. હું ભાજપને રોકવા માટે અન્ય પક્ષો સાથે જોડાણ કરવા તૈયાર છું.

મુખ્યમંત્રી પર નિશાન સાધતા તેમણે કહ્યું, "ચોરી તમારા નાક નીચે જ થઈ હતી. જે સ્કેનર લગાવવાનું હતું તે આસ્થા માટે નહીં, પરંતુ લૂંટ માટે લગાવવામાં આવ્યું હતું." સાંસદ અસદુદ્દીન ઓવૈસી શનિવારે ચિલકાણા રોડ પર આયોજિત જાહેર સભાને સંબોધિત કરી રહ્યા હતા.

તેમણે ભાજપ, કોંગ્રેસ અને સમાજવાદી પાર્ટી પર નિશાન સાધ્યું. તેમણે કહ્યું, "તમે રાજ્યમાં કોંગ્રેસને સૌથી વધુ વખત સત્તામાં લાવ્યા છો. આમ છતાં, આપણા સમાજમાં સૌથી વધુ બેરોજગારી છે. ભાજપ સરકાર અત્યાચાર કરી રહી છે. જ્યાં પણ મસ્જિદ તોડી પાડવાની વાત થાય છે, ત્યાં જ તે કરવામાં આવી રહ્યું છે." આપણે બંધારણના દાયરામાં રહીને આપણો અવાજ ઉઠાવીશું.

જો જુલમ સામે અવાજ ઉઠાવવો એ સાંપ્રદાયિક છે, તો હું જુલમ સામે મારો અવાજ ઉઠાવતો રહીશ. હું સાંપ્રદાયિક નથી, પણ ન્યાયનો હિમાયતી છું. તેમણે કહ્યું કે જે સમુદાયોએ પોતાનો ધ્વજ અને નેતા બનાવ્યો છે તેમને જ ન્યાય મળ્યો છે; જે સમુદાયો પોતાનો ધ્વજ, નેતા બનાવી શકતા નથી, કે પોતાનું નેતૃત્વ વિકસાવી શકતા નથી તેમને ન્યાય મળતો નથી. તેમણે કહ્યું કે સહારનપુરમાં લાકડા પર કોતરણી કરવામાં આવતી હતી, પરંતુ તે પણ હવે જયપુર ખસેડવામાં આવી છે.

જાહેર સભાને સંબોધતા પહેલા મીડિયા સાથે વાત કરતા તેમણે કહ્યું કે સરકાર જૌહર યુનિવર્સિટીને નિશાન બનાવી રહી છે. ઉત્તર પ્રદેશનો સાક્ષરતા દર ખૂબ ઓછો છે. ૧૯-૨૦ ટકા મુસ્લિમ વસ્તીમાંથી માત્ર ૩.૫ ટકા જ સ્નાતક થઈ શકે છે. જૌહર યુનિવર્સિટીને નિયમિત કરી શકાય છે. આનાથી ૩,૦૦૦ વિદ્યાર્થીઓનું ભવિષ્ય દાવ પર લાગે છે. સરકાર મુસ્લિમો અભ્યાસ કરે તેવું ઈચ્છતી નથી. સહારનપુરમાં એક ગ્લોબલ યુનિવર્સિટી હતી.

આજે તેની સ્થિતિ શું છે?

જાહેર સભા દરમિયાન, અસદુદ્દીન ઓવૈસીએ કલેક્ટર કચેરી સંકુલમાં સ્થિત મસ્જિદના મુદ્દા પર પણ સરકાર પર નિશાન સાધ્યું. તેમણે કહ્યું કે મસ્જિદ ૧૯૫૫ થી ઉત્તર પ્રદેશ સુન્ની વક્ફ બોર્ડમાં નોંધાયેલ છે. સરકાર કયા આધારે તોડી પાડવાનો આદેશ આપી રહી છે?તે ૭૦ વર્ષથી મસ્જિદ તરીકે ઉપયોગમાં છે. સુપ્રીમ કોર્ટે પણ વપરાશકર્તા દ્વારા વક્ફના સિદ્ધાંતને માન્યતા આપી છે. આ નવા કેસોમાં લાગુ પડતું નથી, પરંતુ જૂના કેસોમાં તે અમલમાં છે. આમ છતાં, મસ્જિદને નોટિસ આપવામાં આવી રહી છે. સરકાર અત્યાચાર કરી રહી છે.

ચિલકાણા રોડ પર ઓલ ઈન્ડિયા મજલિસ-એ-ઈત્તેહાદુલ મુસ્લિમીનના વડા અને સાંસદ અસદુદ્દીન ઓવૈસી દ્વારા હાજરી આપેલી જાહેર સભામાં મોટી ભીડ ઉમટી પડી. તેમને સાંભળવા માટે સાંજે ૪ વાગ્યાથી જ સમર્થકો સ્થળ પર એકઠા થવા લાગ્યા. ઘણા સમર્થકો હાથમાં ત્રિરંગો લઈને પહોંચ્યા. આ સમય દરમિયાન, સાંસદ,એઆઈએમઆઈએમ વડાને સાંભળવા માટે કાર્યકરોમાં ઘણો ઉત્સાહ જોવા મળ્યો. સાંસદ અસદુદ્દીન ઓવૈસી સાંજે લગભગ ૭:૩૦ વાગ્યે સ્ટેજ પર પહોંચ્યા કે તરત જ સમર્થકોએ સૂત્રોચ્ચાર શરૂ કરી દીધા. તેઓ ઝાડ પર પણ ચઢી ગયા. કાર્યકરો ઉત્સાહમાં સ્ટેજ પર દોડી ગયા. આ સમય દરમિયાન, સ્ટેજ પરનો માઈક્રોફોન તૂટી ગયો. આયોજકોએ સ્ટેજ પરથી શાંતિ જાળવવા માટે વારંવાર અપીલ કરી.

# બસપા નેતા માયાવતીએ પશ્ચિમ બંગાળમાં ચૂંટણી પછીની પરિસ્થિતિ પર ચિંતા વ્યક્ત કરી



લખનૌ,
સંસદનું ચોમાસુ સત્ર ૨૦ જુલાઈથી શરૂ થવાનું છે. આ સત્ર પહેલા, બસપા પ્રમુખ માયાવતીએ પશ્ચિમ બંગાળથી લઈને રાજસ્થાન સુધીના મુદ્દાઓ પર ભારતીય જનતા પાર્ટી પર નિશાન સાધ્યું છે. તેમણે રામ મંદિરના પ્રસાદની ચોરી, પશ્ચિમ બંગાળમાં ચૂંટણી પછીની પરિસ્થિતિ અને રાજસ્થાનમાં ગર્ભવતી મહિલાઓના મૃત્યુ પર ચિંતા વ્યક્ત કરી છે.

રવિવારે સવારે, માયાવતીએ પોતાના એક્સ એકાઉન્ટ પર સાત મુદ્દાની લાંબી પોસ્ટ પોસ્ટ કરી. તેમણે લખ્યું, "હવે સંસદનું ચોમાસુ સત્ર ૨૦ જુલાઈથી શરૂ થઈ રહ્યું છે." ફરી એકવાર, દેશ અને જનતા ચિંતિત છે કે શું સંસદ સત્ર ફરી એકવાર હોબાળા અને મુલતવીથી ભરાઈ જશે. અથવા દેશમાં મોંઘવારી, ગરીબી, બેરોજગારી, મહિલાઓની અસુરક્ષા અને મહત્વપૂર્ણ પરીક્ષાઓના પેપર લીક જેવા સળગતા મુદ્દાઓથી સર્જાયેલા ઉશ્કેરાયેલા, ગુસ્સે ભરાયેલા અને ઉશ્કેરાયેલા વાતાવરણને શાંત કરવામાં અને આ મુદ્દાઓના સંતોષકારક ઉકેલો શોધવામાં ગંભીરતા દર્શાવવામાં આવશે.

માયાવતીએ પોતાના બીજા મુદ્દામાં લખ્યું: "વ્યાપી જાહેર આક્રોશ, ખાસ કરીને અયોધ્યા શ્રી રામ મંદિરમાં પ્રસાદની ચોરી, ગેરઉપયોગ અને ઉચાપત અંગે, ઉત્તર પ્રદેશ અને દેશને હચમચાવી નાખ્યો છે. લોકો ચૂંટણી લાભ માટે ધર્મનું રાજકારણ કરનારાઓને તેમના નુકસાનકારક કાર્યો માટે જવાબદાર ઠેરવી રહ્યા છે, અને તેમની પાસેથી જવાબદારીની માંગ કરી રહ્યા છે. આ વાત શેરીઓથી લઈને કોર્ટ સુધી ગુંજતી રહી છે.

આ મુદ્દો નિઃશંકપણે સંસદમાં એક ગરમ વિષય બનશે, અને લોકો તેના પર નજીકથી નજર રાખી રહ્યા છે."

# ચોમાસુ સત્ર પહેલા હોબાળો, બળવાખોર ટીએમસી સાંસદોથી ગુસ્સે ભરાયેલા વિપક્ષ, સર્વપક્ષીય બેઠક પહેલા વોકઆઉટ

નવીદિલ્હી,
સંસદના ચોમાસુ સત્રની શરૂઆત પહેલા રવિવારે દિલ્હીમાં સંસદ ભવનના એનેક્સીમાં બોલાવવામાં આવેલી સર્વપક્ષીય બેઠકમાં હોબાળો જોવા મળ્યો. બળવાખોર તૃણમૂલ કોંગ્રેસના સાંસદોને બેઠકમાં આમંત્રણ આપવાના વિરોધમાં કોંગ્રેસ, સમાજવાદી પાર્ટી, ડીએમકે અને આપ સહિત સમગ્ર વિપક્ષે બેઠકમાંથી વોકઆઉટ કર્યું. જોકે, વિપક્ષી નેતાઓ પાછળથી બેઠકમાં ફરી જોડાયા અને તેને "પ્રતીકાત્મક વિરોધ" ગણાવ્યો.

વિપક્ષના વોકઆઉટનું મુખ્ય કારણ ઓલ ઈન્ડિયા તૃણમૂલ કોંગ્રેસના ૨૦ બળવાખોર સાંસદોને બેઠકમાં આમંત્રણ અને તેમને એક અલગ જૂથ તરીકે માન્યતા આપવામાં આવી હતી. આ બળવાખોર સાંસદો એનસીપી નામની પાર્ટીમાં જોડાયા છે.

ટીએમસી સાંસદ મહુઆ મોઈત્રાએ કહ્યું, "કોંગ્રેસ, સમાજવાદી પાર્ટી, ડીએમકે, જેએમએમ, આમ આદમી પાર્ટી, નેશનલ કોન્ફરન્સ, ડાબેરી પક્ષો અને શિવસેના (યુબીટી) સહિત સમગ્ર વિપક્ષ આ બેઠકમાંથી વોકઆઉટ કરી ગયો. ટેબલ ઓફિસ દ્વારા આપવામાં આવેલી યાદીમાં ટીએમસીની સંખ્યા ૨૮ હોવાનું દર્શાવવામાં આવ્યું છે, જ્યારે સ્પીકરે હજુ સુધી આ ૨૦ બળવાખોર સાંસદોના વિલીનીકરણને મંજૂરી આપી નથી. તેમની સામે વીસ ગેરલાયકાત અરજીઓ હજુ પણ પેન્ડિંગ છે. ૯૧મા બંધારણીય સુધારા પછી અલગ જૂથની કોઈ જોગવાઈ નથી. તો, સંસદીય બાબતોના મંત્રીએ તેમને કયા આધારે આમંત્રણ આપ્યું?"બેઠક છોડીને, વિપક્ષી નેતાઓએ કેન્દ્ર સરકાર પર બંધારણનો અનાદર કરવાનો અને લોકશાહીની હત્યા કરવાનો આરોપ લગાવ્યો. કોંગ્રેસના સાંસદ પ્રમોદ તિવારીએ કહ્યું, "કોંગ્રેસે બંધારણના રક્ષણ માટે આ વોકઆઉટ કર્યું. અંતિમ નિર્ણય વિના આવું પગલું ભરવું સંપૂર્ણપણે ગેરબંધારણીય છે."શિવસેના યુબીટી સાંસદ અરવિંદ સાવંતે કહ્યું, "કયું કાયદા પુસ્તક બળવાખોર સાંસદોને આપવામાં આવેલા જોડાણનું વર્ણન કરે છે? અમે આનો વિરોધ નોંધાવ્યો છે."આપ સાંસદ એનડી ગુપ્તાએ કહ્યું, "અમારા કિસ્સામાં પણ, રાજ્યસભાના દસમાંથી સાત સાંસદોને 'હાઈજેક' કરવામાં આવ્યા છે.

# '૨૦ જુલાઈએ બીજી સ્વતંત્રતા ચળવળ', સોનમ વાંગચુકનો નવો સંદેશ, શું આંદોલન ફરી ઉગ્ર બનશે

## સોનમ વાંગચુક વતી તેમની પત્ની ગીતાંજલિ દ્વારા એક હસ્તલિખિત સંદેશ જારી કરવામાં આવ્યો

નવીદિલ્હી,
સફદરજંગ હોસ્પિટલમાં દાખલ પર્યાવરણીય કાર્યકર સોનમ વાંગચુક વતી તેમની પત્ની ગીતાંજલિ દ્વારા એક હસ્તલિખિત સંદેશ જારી કરવામાં આવ્યો છે.

આ સંદેશમાં, તેમણે ૨૦ જુલાઈના કાર્યક્રમને "સ્વતંત્રતા માટેનું બીજું આંદોલન" ગણાવ્યું અને લોકોને સંસદ માર્ચમાં જોડાવા અને તેને સફળ બનાવવા અપીલ કરી.

હસ્તલિખિત સંદેશમાં, સોનમ વાંગચુકે લખ્યું, "સ્વતંત્રતા માટેનું બીજું આંદોલન, જય મુક્ત ભારત, અન્યાય મુક્ત ભારત." તેમણે અંગ્રેજીમાં "અન્યાયથી મુક્તિ (પેપર લીકની જેમ)" અને "ભયથી મુક્તિ (મારી ગેરકાયદેસર અટકાયત)" નો પણ ઉલ્લેખ કર્યો.

સંદેશમાં, સોનમ વાંગચુકે ૨૦ જુલાઈના સંસદ માર્ચની સફળતા માટે વધુ અપીલ કરી. સંદેશના અંતે, તેમણે લખ્યું, "આ સંદેશ તેમની પત્ની ગીતાંજલી દ્વારા સફદરજંગ ખાતેની 'કથિત ગેરકાયદેસર અટકાયત'માંથી મોકલવામાં આવ્યો છે."

ઉલ્લેખનીય છે કે સોનમ વાંગચુકને જંતર-મંતર પરથી હટાવ્યા બાદ સફદરજંગ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. હાલમાં, સોનમ ડોકટરોની દેખરેખ હેઠળ છે. હોસ્પિટલ દ્વારા જાહેર કરાયેલા સ્વાસ્થ્ય અપડેટ મુજબ, તેમના મહત્વપૂર્ણ પરિમાણો સ્થિર છે, જોકે તેઓ નિષ્ણાત ડોકટરોના નજીકના નિરીક્ષણ હેઠળ છે.

જવાહરલાલ નેહરુ યુનિવર્સિટી ટીચર્સ એસોસિએશનએ જંતર-મંતર પર શાંતિપૂર્ણ રીતે વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓ અને વાલીઓ સામે કથિત ક્રૂર પોલીસ કાર્યવાહીની સખત નિંદા કરી છે. ત્નદ્બેંછ એ તેને લોકશાહી અસંમતિ પર શરમજનક અને સરમુખત્યારશાહી હુમલો ગણાવ્યો છે.

જેએનયુટીએ માને છે કે આ કાર્યવાહી એવા નાગરિકો સામે રાજ્ય સત્તાનો દુરુપયોગ છે જેમણે યુવાનોના ભવિષ્યને નુકસાન પહોંચાડતી નીતિઓ માટે જવાબદાર સત્તામાં રહેલા લોકોને પ્રશ્ન કરવાની હિંમત કરી હતી. સંગઠન અનુસાર, આ કૃત્યથી સરકારની રાજકીય અને નૈતિક વિશ્વસનીયતા છતી થઈ છે.

તે સ્પષ્ટ છે કે સરકાર હવે યુવાનોની ગંભીર ચિંતાઓને ઉકેલી શકાય તેવી કટોકટીને બદલે દબાવવા માટે જાહેર સંબંધોના સંકટ તરીકે જુએ છે. જવાહરલાલ નેહરુ યુનિવર્સિટી ટીચર્સ એસોસિએશન પણ સોનમ વાંગચુકના સમર્થનમાં બહાર આવ્યું અને ૨૦ જુલાઈના રોજ યોજાનારી કૂચને ટેકો આપ્યો.

હોસ્પિટલના જણાવ્યા અનુસાર, સોનમ વાંગચુક જરૂરી તબીબી સારવાર લઈ રહ્યા છે. હાલમાં, તેમના બધા મહત્વપૂર્ણ



પરિમાણો સ્થિર છે. જોકે, કેટલાક રક્ત પરીક્ષણ પરિમાણો હજુ પણ સામાન્ય કરતા થોડા નીચે છે. હોસ્પિટલ જણાવે છે કે લાંબા સમય સુધી ભૂખ હડતાળની શારીરિક અને પ્રણાલીગત અસરોને કારણે, તેમને નિષ્ણાતોની બહુ-શાખાકીય ટીમની દેખરેખ હેઠળ સતત તબીબી સંભાળની જરૂર છે.

# રાજસ્થાનમાં પંચાયત, સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ છ તબક્કામાં યોજાઈ શકે છે

જયપુર,
રાજ્ય ચૂંટણી પંચે રાજસ્થાનમાં પંચાયત અને સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ યોજવા માટે તૈયારીઓ તેજ કરી દીધી છે.

મતદાર યાદીનું કામ લગભગ પૂર્ણ થઈ ગયું છે. રિટર્નિંગ અધિકારીઓની નિમણૂક કરવામાં આવી છે. એવા સંકેતો મળી રહ્યા છે કે રાજ્યમાં પંચાયત અને સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ છ તબક્કામાં યોજાઈ શકે છે.

ચૂંટણી પંચના જણાવ્યા મુજબ, જિલ્લા પરિષદ અને પંચાયત સમિતિના સભ્યોની ચૂંટણીઓ ઈવીએમ દ્વારા હાથ ધરવામાં આવશે, જ્યારે પંચ અને સરપંચોની ચૂંટણીઓ બેલેટ પેપર દ્વારા હાથ ધરવામાં આવશે. ચૂંટણી કાર્ય માટે જિલ્લાઓમાં પૂરતા પ્રમાણમાં મતપેટીઓ ઉપલબ્ધ છે. મધ્યપ્રદેશથી ઈવીએમ મશીનો ખરીદવામાં આવી રહ્યા છે. જિલ્લા સ્તરના માસ્ટર ટ્રેનર્સને ઈવીએમ મશીનો ચલાવવા માટે તાલીમ આપવામાં આવી છે.

તાજેતરમાં, રાજસ્થાન હાઈકોર્ટે રાજ્ય સરકાર અને રાજ્ય ચૂંટણી પંચને રાજ્યમાં પંચાયત અને શહેરી સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓ માટે ૨૦ જુલાઈ સુધીમાં સંપૂર્ણ સમયપત્રક કોર્ટમાં રજૂ કરવાનો નિર્દેશ આપ્યો હતો. કોર્ટે જણાવ્યું હતું કે રાજ્ય સરકાર અને ચૂંટણી પંચે ઓબીસી કમિશન સાથે સમયપત્રકની ચર્ચા કરવી જોઈએ, જેમાં વોર્ડ સીમાંકન માટે સરકાર કઈ તારીખે લોટરી કાઢશે અને રાજ્ય ચૂંટણી પંચ કઈ તારીખે ચૂંટણીની તારીખો જાહેર કરશે તે તારીખોનો સમાવેશ થાય છે. આગામી સુનાવણીમાં સંબંધિત અધિકારીઓ પણ હાજર રહેશે. ચૂંટણી યોજવા માટે કોર્ટની સમયમર્યાદા પૂરી કરવામાં રાજ્ય વારંવાર નિષ્ફળ રહેવા બદલ બેન્ચે નારાજગી વ્યક્ત કરી હતી.

આ મામલે અનેક અરજીઓની સુનાવણી કરતા, હાઈકોર્ટે ૧૪ નવેમ્બર, ૨૦૨૫ ના રોજ રાજ્ય સરકારને ૧૫ એપ્રિલ, ૨૦૨૬ સુધીમાં પંચાયત અને મ્યુનિસિપલ ચૂંટણીઓ યોજવાનો આદેશ આપ્યો હતો. રાજ્ય અને રાજ્ય ચૂંટણી પંચ સમયમર્યાદા પૂરી કરવામાં નિષ્ફળ ગયા પછી, અરજદારોએ કોર્ટના તિરસ્કારની અરજીઓ દાખલ કરી હતી. ૨૨ મે, ૨૦૨૬ ના રોજ, હાઈકોર્ટે ફરીથી રાજ્યને ૩૧ જુલાઈ, ૨૦૨૬ સુધીમાં સંબંધિત સંસ્થાઓ માટે ચૂંટણીઓ યોજવાનો નિર્દેશ આપ્યો હતો. ચૂંટણી યોજવામાં વિલંબનું કારણ ખ્ઞ્ઝ કમિશનનો અહેવાલ અને અનામત ક્વોટા માટેની ભલામણોનો અભાવ હોવાનું દર્શાવવામાં આવ્યું હતું. રાજ્ય સરકારે કહ્યું કે ઓબીસી કમિશન ૧૪ ઓગસ્ટ સુધીમાં પોતાનો અહેવાલ રજૂ કરશે અને ૩૧ ઓગસ્ટ સુધીમાં અનામતની વિગતોને અંતિમ સ્વરૂપ આપવાનું લક્ષ્ય છે.

# નિર્મોહી અખાડાએ અયોધ્યામાં રામ મંદિર અંગે સુપ્રીમ કોર્ટમાં નવી અરજી દાખલ કરી

## ટ્રસ્ટમાં એવા વ્યક્તિઓનો સમાવેશ થતો હતો જેમનો રામ જન્મભૂમિ સાથે કોઈ ઐતિહાસિક, ધાર્મિક કે કાનૂની સંબંધ નથી

નવીદિલ્હી,
નિર્મોહી અખાડાએ અયોધ્યામાં રામ મંદિર અંગે સુપ્રીમ કોર્ટમાં એક નવી અરજી દાખલ કરી છે. અખાડાનો આરોપ છે કે ૨૦૧૯માં સુપ્રીમ કોર્ટના નિર્ણયનો લગભગ સાત વર્ષ પછી પણ યોગ્ય રીતે અમલ કરવામાં આવ્યો નથી. અરજીમાં જણાવાયું છે કે કેન્દ્ર સરકારે શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટની રચના કરી હતી, પરંતુ તેમાં એવા વ્યક્તિઓનો સમાવેશ થતો હતો જેમનો રામ જન્મભૂમિ સાથે કોઈ ઐતિહાસિક, ધાર્મિક કે કાનૂની સંબંધ નથી. અખાડાએ એવો પણ આરોપ લગાવ્યો છે કે ટ્રસ્ટના કેટલાક સભ્યો પર ભ્રષ્ટાચારનો આરોપ મૂકવામાં આવ્યો છે, જેના કારણે રામ મંદિરની છબી ખરાબ થઈ છે.

નિર્મોહી અખાડાનું કહેવું છે કે કોઈપણ મંદિર તેના પરંપરાગત સેવાયત (સેવૈતો) વિના કાર્ય કરી શકતું નથી.

તેથી, અખાડાને ટ્રસ્ટમાં યોગ્ય ભૂમિકા અને પ્રતિનિધિત્વ આપવું જોઈએ. અરજીમાં સુપ્રીમ કોર્ટ પાસેથી ઘણી મહત્વપૂર્ણ માંગણીઓ કરવામાં આવી છે, જેમાં શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટનું જાહેર ટ્રસ્ટ તરીકે પુનર્ગઠન, ટ્રસ્ટીઓની નિમણૂક માટે સ્પષ્ટ નિયમો અને નિર્મોહી અખાડા માટે યોગ્ય સ્થાનનો સમાવેશ થાય છે.

વધુમાં, અખાડાએ માંગ કરી છે કે મંદિરમાં થતી તમામ પૂજા, સેવા અને પ્રસાદ રામાનંદી પરંપરા અનુસાર કરવામાં આવે. આ અરજીમાં શ્રી રામ લલ્લા વિરાજમાનની મૂળ મૂર્તિઓને ફરીથી સ્થાપિત કરવાની પણ માંગ કરવામાં આવી છે.

# રામ મંદિરના પ્રસાદ ચોરી કેસની તપાસ દરમિયાન ખુલાસો, મનીષે ટીનુના કહેવા પર પૈસા છુપાવ્યા હતા



નવીદિલ્હી,
રામ મંદિરના પ્રસાદ ચોરી કેસની તપાસ જેમ જેમ આગળ વધી રહી છે, તેમ તેમ ચોંકાવનારા ખુલાસા થઈ રહ્યા છે. પોલીસ એક પછી એક આરોપીઓને કસ્ટડીમાં લઈ રહી છે, અને પૂછપરછનો દોર ચાલી રહ્યો છે. ગયા પોલીસે ટીનુ યાદવ અને તેના ભત્રીજા મનીષને ૩૯ કલાકના રિમાન્ડ પર લીધા હતા. તેમની પૂછપરછમાં ચોંકાવનારા ખુલાસા થયા હતા.

પૂછપરછમાં જાણવા મળ્યું કે પ્રસાદની ગણતરી દરમિયાન, પૈસા ગણતરી ખંડની નજીકના બાથરૂમમાં છુપાવવામાં આવ્યા હતા. સૂત્રોના જણાવ્યા અનુસાર, ટિનુને ચેકિંગ ટીમ અથવા મંદિર વ્યવસ્થાપન સાથે સંકળાયેલા કોઈપણ વ્યક્તિના આગમનની જાણ હતી. તેથી, ટિનુ તેમના ભત્રીજા મનીષને તેમના આગમન પહેલાં સંદેશ મોકલતો હતો, જે નજીકના બાથરૂમમાં પૈસા છુપાવશે.

પૈસા છુપાવ્યા પછી, મનીષ પ્રસાદની ગણતરી કરવા પાછો ફરતો હતો. ચેકિંગ ટીમ જતાની સાથે જ આરોપી બાથરૂમમાંથી નોટો મેળવતો હતો. એવું કહેવામાં આવી રહ્યું છે કે પ્રસાદ ચોરીમાં દરેક આરોપીની ભૂમિકા પહેલાથી નક્કી હતી. સીસીટીવી કેમેરાથી બચવા માટે પણ એક રણનીતિ વિકસાવવામાં આવી હતી.

રામ મંદિર ટ્રસ્ટ ટૂંક સમયમાં સીઈઓ રાખવા જઈ રહ્યું છે. આ પદ માટે અત્યાર સુધીમાં ૨,૩૦૦ અરજીઓ મળી છે.

# ઈરાનના રસ્તાઓ પર મોટા હોર્ડિંગ્સ દેખાયા છે, જેમાં "લોહી બદલ લોહી" શબ્દો લખેલા છે

તહેરાન,
અમેરિકા અને ઈરાન વચ્ચે તણાવ વધતો જ રહ્યો છે. દરમિયાન, ઈરાને શહેરના હૃદયમાં એક નવું હોર્ડિંગ લગાવ્યું છે. આ હોર્ડિંગમાં અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને તેમના પરિવારને અમેરિકન ધ્વજમાં લપેટાયેલા શબપેટીઓ ઉપર ઉભા દર્શાવેલ છે. આ મોટા બેનરમાં ટ્રમ્પને ફર્સ્ટ લેડી મેલાનિયા ટ્રમ્પ અને તેમના પાંચ બાળકો-ઈવાન્કા, ડોનાલ્ડ જુનિયર, એરિક, ટિફની અને બેરોન ટ્રમ્પ સાથે દર્શાવવામાં આવ્યા છે. પૃષ્ઠભૂમિમાં સળગતું વ્હાઈટ હાઉસ બતાવવામાં આવ્યું છે, અને બિલબોર્ડ પર સ્પષ્ટપણે ફારસી ભાષામાં "બ્લડ ફોર બ્લડ" સૂત્ર લખેલું છે.

તાજેતરના અઠવાડિયામાં ટ્રમ્પને નિશાન બનાવતું ઈરાનમાં આ બીજું જાહેર બિલબોર્ડ છે. બીજા બિલબોર્ડમાં ટ્રમ્પને શબપેટીમાં દર્શાવવામાં આવ્યું છે. અગાઉ, અધિકારીઓએ તેહરાનના એંગેલાબ સ્ક્વેરમાં બીજું એક મોટું બિલબોર્ડ બનાવ્યું હતું, જેમાં ટ્રમ્પને ખુલ્લા કાળા શબપેટીમાં પડેલા દર્શાવવામાં આવ્યા હતા. છબીમાં, યુએસ રાષ્ટ્રપતિની આંખો બંધ હતી, તેમના હાથ તેમની છાતી પર લાલ ટાઈ ઉપર બાંધેલા હતા, અને તેમના પગ શબપેટીના બીજા છેડે હતા.

ઈરાન લાંબા સમયથી રાજકીય અને વૈચારિક સંદેશાઓ પહોંચાડવા માટે આવા બિલબોર્ડનો ઉપયોગ કરે છે.

# પાકિસ્તાન કાશ્મીર પર પ્રચાર ફેલાવવાની તૈયારી કરી રહ્યું છે, યુરોપમાં રાજદૂત મોકલી રહ્યું છે

ઈસ્લામાબાદ,
પાકિસ્તાન ફરી એકવાર કાશ્મીર મુદ્દા પર પ્રચાર ફેલાવવાની તૈયારી કરી રહ્યું છે. અહેવાલો અનુસાર, પાકિસ્તાન કાશ્મીર મુદ્દા પર સમર્થન મેળવવા માટે બ્રિટન અને યુરોપિયન દેશોમાં સંસદીય પ્રતિનિધિમંડળ મોકલવાની તૈયારી કરી રહ્યું છે. આમાં આ દેશોના સંસદસભ્યો, નીતિ નિર્માતાઓ, થિંક ટેન્ક અને મીડિયા સંગઠનો સાથે ચર્ચાનો સમાવેશ થશે. જો કે, આને પીઓકેમાં ચાલી રહેલા બળવાથી ધ્યાન હટાવવા માટે પાકિસ્તાન દ્વારા એક ભયાવહ પ્રયાસ તરીકે જોવામાં આવી રહ્યું છે.

ઈસ્લામાબાદ આ પગલું એવા સમયે લઈ રહ્યું છે જ્યારે તે પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીરમાં સૌથી મોટા વિરોધ પ્રદર્શનોનો સામનો કરી રહ્યું છે. જોઈન્ટ આવામી એક્શન કમિટીએ પાકિસ્તાનને ૨૧ જુલાઈ સુધીમાં તેની માંગણીઓ પૂરી કરવા માટે અલ્ટીમેટમ આપ્યું છે, અને ચેતવણી આપી છે કે જો તે આમ કરવામાં નિષ્ફળ જાય તો તે સંપૂર્ણ યુદ્ધ માટે તૈયાર રહેશે.કાશ્મીર અંગે પાકિસ્તાનની નવી યોજના આ અઠવાડિયે પાકિસ્તાનની કહેવાતી સંસદીય કાશ્મીર સમિતિ અને ઈસ્લામાબાદ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રતિનિધિમંડળ વચ્ચે ઈસ્લામાબાદમાં યોજાયેલી બેઠક દરમિયાન જાહેર કરવામાં આવી હતી. આ સંસદીય કાશ્મીર સમિતિનું નેતૃત્વ શાહબાઝ શરીફ સરકારના મંત્રી રાણા મોહમ્મદ કાસિમ નૂન કરી રહ્યા છે.

મીટિંગ દરમિયાન, નૂનને માહિતી આપી કે સંસદીય સમિતિ સંસદસભ્યો, નીતિ નિર્માતાઓ, થિંક ટેન્ક, મીડિયા પ્રતિનિધિઓ અને પાકિસ્તાની અને કાશ્મીરી સમુદાયોના સભ્યો સાથે વાતચીત કરવા માટે યુકે અને યુરોપિયન યુનિયનની મુલાકાત લેવાની યોજના બનાવી રહી છે. વધુમાં, સમિતિ આગામી અઠવાડિયામાં ઈસ્લામાબાદમાં કાશ્મીર પર રાષ્ટ્રીય પરિષદ યોજવાનું પણ આયોજન કરી રહી છે.પાકિસ્તાને સતત જમ્મુ અને કાશ્મીરને આંતરરાષ્ટ્રીય મુદ્દો બનાવવાનો પ્રયાસ કર્યો છે, જેને નવી દિલ્હી વારંવાર નકારી કાઢ્યું છે. ભારતે પુનરોચ્ચાર કર્યો છે કે જમ્મુ અને કાશ્મીર ભારતનો અભિન્ન અને અવિભાજ્ય ભાગ છે.

# રાજકોટના ગાંધીગ્રામમાં મોબાઈલની દુકાનમાં થયેલી ચોરીનો ભેદ ઉકેલાયો: પિતા-પુત્ર ઝડપાયા

## મોબાઈલ ફોન, ડેટા કેબલ અને એડપ્ટર મળીને કુલ ૪૫ હજાર રૂપિયાનો મુદ્દામાલ ઉઠાવ્યો હતો



રાજકોટ,

રાજકોટ શહેરના ગાંધીગ્રામ વિસ્તારમાં ૧૫૦ ફૂટ રીંગ રોડ પરના સમર્પણ કોમ્પલેક્ષમાં આવેલી 'ઈશ્વર મોબાઈલ' નામની દુકાનમાં ગત તા. ૧૬ જુલાઈ ૨૦૨૬ના રોજ ચોરીનો બનાવ બનવા પામ્યો હતો. અજાણ્યા ઈસમો દ્વારા દુકાનના આગળના ભાગે આવેલો કાચનો મેઈન દરવાજો તોડીને ગેરકાયદેસર રીતે અંદર પ્રવેશ કરી ચોરી કરવામાં આવી હતી. આ ચોરીમાં દુકાનમાંથી વિવો કંપનીનો મોબાઈલ ફોન, ડેટા કેબલ અને એડપ્ટર મળીને કુલ ૪૫,૫૦૦ રૂપિયાનો મુદ્દામાલ ચોરી કરીને તસ્કરો ફરાર થઈ ગયા હતા.દુકાનદારની ફરિયાદના આધારે ગાંધીગ્રામ પોલીસે બનાવની ગંભીરતાને ધ્યાને લઈને તાત્કાલિક તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો.

આ મિલ્કત સંબંધી ગુનાને ઉકેલવા માટે પોલીસ કમિશનર બ્રજેશ કુમાર ઝા, અધિક પોલીસ કમિશનર ચૈતન્ય માંડલીક, નાયબ પોલીસ કમિશનર ઝોન-૨ રાકેશ દેસાઈ તથા મદદનીશ પોલીસ કમિશનર આર.એસ. બારીઆએ ગુનો તાત્કાલિક ઉકેલવા અને મુદ્દામાલ રિકવર કરવા માટે કડક સૂચનાઓ આપી હતી. પોલીસ ઈન્સ્પેક્ટર એચ.પી. ગઢવીના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કોડના પીએસઆઈ એસ.વી. ગોહિલ તથા તેમની ટીમે પેટ્રોલીંગ અને બાતમીદારોના નેટવર્કને સક્રિય કર્યું હતું. આ દરમિયાન પોલીસ હેડ કોન્સ્ટેબલ રવિભાઈ ગઢવી, રોહિતદાન ગઢવી અને શબ્બીરખાન મલેકને મળેલી સચોટ બાતમીના આધારે છોટુનગર મેઈન રોડ પરથી અનીલભાઈ રામાભાઈ રાઠોડ અને તેનો સગીર પુત્રને પોલીસે ચોરીના મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં સફળતા મેળવી હતી.પકડાયેલા આરોપીઓની પૂછપરછ કરતા ચોરીનો સમગ્ર ભેદ ઉકેલાઈ ગયો હતો. પોલીસે આરોપીઓ પાસેથી ચોરી કરેલ વિવો મોબાઈલ અને અન્ય એસેસરીઝ સહિત કુલ ૪૫,૫૦૦ રૂપિયાનો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

આ કામગીરી ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનના સ્ટાફના કર્મચારીઓ જેમાં એ.એસ.આઈ ચેતનસિંહ ગોહિલ,રઘુભા જાડેજા,ભવદીપસિંહ ગોહિલ અને અન્ય સ્ટાફે કરી હતી.

# રાજકોટના નાનામવા હત્યા કેસમાં હથિયાર પૂરા પાડનાર સપ્લાયર ઝડપાયો

રાજકોટ,

શહેરના નાનામવા ગામ વિસ્તારમાં થોડા દિવસો પૂર્વે થયેલ ચકચારી મર્ડર કેસમાં શહેર ક્રાઈમ બ્રાન્ચને એક મહત્વપૂર્ણ સફળતા મેળવી છે. મુખ્ય આરોપીને હથિયારો અને જીવતા કારતૂસ પુરા પાડનાર વિરમગામના એક શખ્સની ધરપકડ કરવામાં આવી છે. એટલું જ નહીં, પોલીસ તપાસ દરમિયાન હથિયાર સપ્લાય કરનાર આરોપીની વાડી માંથી વધુ એક ગેરકાયદેસર દેશી બનાવટની પિસ્ટલ પણ શોધી કાઢવામાં આવી છે.બીજી તરફ રિમાન્ડ ઉપર રહેલ મુખ્ય આરોપી રણજીત વાળાને પોલીસ કસ્ટડીમાં છાતીમાં દુખાવો ઉપડતા તેને તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે.મળતી વિગત મુજબ, ગત તા. ૦૮/૦૭/૨૦૨૬ના રોજ રાત્રિના મોકાજી સર્કલ નજીક, નાનામવા ગામની શેરી નં. ૪ માં 'આશાપુરા કૃપા' મકાન પાસે હત્યાનો બનાવ બન્યો હતો. નાનામવાના કૃષ્ણસિંહ જાડેજા સાથે આરોપી રણજીત વાળાના બે પુત્રો રાજવીર અને એક કાયદાના સંઘર્ષમાં



આવેલ બાળ કિશોરે સામાન્ય બોલાચાલીની અદાવત રાખીને કૃષ્ણસિંહ જાડેજા તથા રહેન્દ્રસિંહ જાડેજા પર હુમલો કર્યો હતો. આ દરમિયાન આરોપીઓએ 'આને મારી જ નાખો, જીવતો ના રહેવો જોઈએ' તેવી ઉશ્કેરણી કરી મારામારી કરી હતી. મુખ્ય આરોપી રણજીત નાજભાઈ વાળાએ પોતાની પાસે રહેલી ગેરકાયદેસર બંદૂકમાંથી ફાયરિંગ કરતા કૃષ્ણસિંહ જાડેજાનું મોત થયું હતું. જ્યારે રહેન્દ્રસિંહ જાડેજાને માથાના ભાગે ગંભીર ઈજાઓ થઈ હતી. આ ચકચારી બનાવ અંગે રાજકોટ તાલુકા પોલીસ મથકમાં ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. ગુનાની ગંભીરતાને જોતા પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા, અધિક પોલીસ કમિશ્નર ચૈતન્ય મંડલીક અને ડીસીપી (ક્રાઈમ) જગદીશ બાંગરવા દ્વારા કડક તપાસના આદેશો આપવામાં આવ્યા હતા. ક્રાઈમ બ્રાન્ચના પી.આઈ. એ.એસ.ચાવડાના સુપરવિઝન હેઠળ પી.આઈ. એમ.એલ. ડામોરની અધ્યક્ષતામાં સ્પેશીયલ ઈન્વેસ્ટીગેશન ટીમની રચના કરવામ આવી હતી અને તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો આ કેસમાં મુખ્ય આરોપી રણજીત વાળા અને તેના પુત્ર રાજવીર વાળા તેના નાના ભાઈ બાળ કિશોરને દબોચી લીધા હતા.

મુખ્ય આરોપી રણજીત વાળાની પોલીસ રિમાન્ડ દરમિયાન આકરી પૂછપરછ કરવામાં આવતા તેણે કબૂલાત કરી હતી કે હત્યામાં વપરાયેલા બે હથિયારો અને રાઉન્ડ તેણે વિરમગામના શિવરાજભાઈ ધાંધલ પાસેથી ખરીદ્યા હતા. આ ખુલાસા બાદ ક્રાઈમ બ્રાન્ચની એક ખાસ ટીમ તુરંત જ વિરમગામ રવાના કરવામાં આવી હતી અને હથિયાર સપ્લાયર વિરમગામ વ્રજ વિહાર હોમ્સ સોસાયટી-૨, હાઉસ નં.૫, પોપટ ચોકડી, પંચમુખી હનુમાન સર્કલ પાસે રહેતા શીવરાજભાઈ નાજભાઈ ધાંધલ (ઉવ૪૨)ની ધરપકડ કરવામાં આવી હતી.

પકડાયેલ શિવરાજ ધાંધલની ઘનિષ્ઠ પૂછપરછ કરી તેને સાથે રાખી વિરમગામના જગસી રોડ પર આવેલી તેની વાડીમાં સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. જ્યાંથી પોલીસને વધુ એક રૂ. ૧૦,૦૦૦ ની કિંમતની દેશી બનાવટની પિસ્ટલ મળી આવી હતી. આ અંગે વિરમગામ ટાઉન પોલીસ સ્ટેશનમાં તેની સામે આર્મ્સ એક્ટ હેઠળ અલગથી ગુનો નોંધવામાં આવ્યો છે. પોલીસ રેકોર્ડ મુજબ, આરોપી શિવરાજ ધાંધલ અગાઉ પણ વિરમગામમાં મારામારી અને સરકારી ફરજમાં રુકાવટ તેમજ જેતપુરમાં પ્રોહિબિશનના ગુનામાં સંડોવાયેલો હોવાનું ખુલ્યું છે.બીજી તરફ રિમાન્ડ ઉપર રહેલ રણજીત વાળાને પોલીસ લોકઅપમાં છાતીમાં દુખાવો ઉપડતા તેને તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે.

# રાજકોટના બેડલામાં પ્રેમપ્રકરણ મામલે શખ્સે યુવાનનું બાઈક સળગાવી દીધું



રાજકોટ,

રાજકોટના બેડલા ગામમાં પ્રેમ પ્રકરણને કારણે એક ઘટના સામે આવી છે, જેમાં વ્યક્તિગત અદાવતને લીધે વાહનને આગ ચાંપી દેવામાં આવી હતી. આ ઘટના ગત તા. ૧૩ જુલાઈ ૨૦૨૬ના રોજ બની હતી, જેમાં બેડલા ગામથી બારવણ ચોકડી તરફ જતા હજામના ઢોરે મેલડીમાના મંદિર નજીકના કાચા રસ્તે એક યુવાનનું સ્કૂટર સળગાવી દેવામાં આવ્યું હતું.

આ મામલે રાજકોટના એરપોર્ટ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધવામાં આવી છે. ફરિયાદી દયાબેન સોરાણીએ પોલીસ ફરિયાદમાં જણાવ્યું છે કે તેમના પતિ વિશાલ સોરાણીનું સ્કૂટર પેટ્રોલ છાંટીને સળગાવી દેવામાં આવ્યું હતું, જેનાથી આશરે ૬૦,૦૦૦ રૂપિયાનું આર્થિક નુકસાન થયું છે. આ ઘટના બાદ ગામમાં ભારે ચકચાર મચી જવા પામી છે. આ સમગ્ર ઘટના પાછળનું મુખ્ય કારણ પ્રેમ સંબંધ હોવાનું બહાર આવ્યું છે. ફરિયાદી દયાબેન સોરાણીના જણાવ્યા અનુસાર, તેમના પતિ વિશાલ સોરાણીના ગામમાં જ રહેતા વિશાલ પત્ની સાથે પ્રેમ સંબંધો હતા. આ સંબંધની જાણ વિશાલને થતાં તે અત્યંત રોષે ભરાયો હતો. પરિણામે, તેણે વિશાલ સોરાણી સાથે ઝઘડો કર્યો હતો. આ ઝઘડા દરમિયાન ગભરાયેલા વિશાલ સોરાણી જીવ બચાવવા માટે સ્થળ પરથી ભાગી છૂટ્યા હતા, જેના પગલે ગુસ્સામાં આવેલા આરોપી વિશાલએ તેમનું સ્કૂટર સળગાવી નાખ્યું હતું. માત્ર એટલું જ નહીં, આ બનાવના બીજા દિવસે જ્યારે ફરિયાદીના સાસુ લાભુબેન ગામમાં નીકળ્યા હતા, ત્યારે આરોપીએ તેમની સાથે પણ દુર્વ્યવહાર કરીને અપશબ્દો બોલ્યા હતા. આ બનાવ બાદ સમાધાનના પ્રયાસો નિષ્ફળ જતા, અંતે ફરિયાદી દયાબેન સોરાણીએ તેમના પરિવારજનો સાથે મળીને એરપોર્ટ પોલીસ સ્ટેશનનો સંપર્ક કર્યો હતો.પોલીસે ફરિયાદના આધારે આરોપી વિશાલ વિરુદ્ધ ગુનો નોંધીને તપાસ હાથ ધરી છે.

# રાજકોટના કનૈયા ચોક પાસે શેરીમાંથી સ્કૂલવાન ચલાવવા પ્રશ્ને ચાલક પર પરિવારનો હુમલો

રાજકોટ,

રાજકોટના ગાંધીગ્રામ વિસ્તારમાં એક સ્કૂલવાન ચાલકને પોતાની ફરજ દરમિયાન હુમલાનો સામનો કરવો પડ્યો હતો. પ્રાપ્ત વિગતો અનુસાર, કનૈયા ચોક પાસે આવેલી જ્ઞાનજીવન સોસાયટીમાંથી સ્કૂલવાન પસાર કરવા બાબતે સ્થાનિક પરિવાર દ્વારા ડ્રાઈવર સાથે અગાઉ બોલાચાલી અને ત્યારબાદ મારમારીની ઘટના સામે આવી છે. આ મામલે ડ્રાઈવરે ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધીને તપાસ હાથ ધરી છે. વધુ વિગતો મુજબ,રામાપીર ચોક પાસે રાજશક્તિ સોસાયટીમાં રહેતા ફરિયાદી ધવલભા હરસુરભા ગઢવી, જેઓ ડ્રાઇવિંગના વ્યવસાય સાથે જોડાયેલા છે, તેઓ તારીખ ૮ જુલાઈના રોજ બપોરના સમયે મોદી સ્કૂલના વિદ્યાર્થીઓને ઘરે મૂકીને પરત ફરી રહ્યા હતા. જ્ઞાનજીવન સોસાયટી નજીક એક વિદ્યાર્થીની સાયકલ તેમની ગાડી સાથે અથડાતા તેમણે વાહન ઉભું રાખ્યું હતું. આ સમયે આરોપી રાજુભાઈ ગોસ્વામી ત્યાં આવી પહોંચ્યા હતા અને પોતાની શેરીમાંથી સ્કૂલવાન પસાર કરવા સામે વાંધો ઉઠાવ્યો હતો. ફરિયાદીએ છેલ્લા ઘણા વર્ષોથી આ જ રસ્તેથી અવર-જવર કરતા હોવાનું જણાવવા છતાં આરોપીઓ ઉશ્કેરાઈ ગયા હતા.

તકરારના થોડા જ સમયમાં મામલો ગરમાયો હતો. આરોપ છે કે, રાજુભાઈ ગોસ્વામીએ ફરિયાદી સાથે ગાળાગાળી કરી ઝપાઝપી શરૂ કરી હતી. આ હુમલામાં રાજુભાઈનો પુત્ર પપ્પુ ઉર્ફે વિવેકગીરી અને પુત્રી મેધાબેન પણ જોડાયા હતા. આરોપીઓએ ફરિયાદી અને ત્યાંથી પસાર થતા તેમના ભાઈ ચિરાગભાઈને ઢીક્કા-પાટુનો માર માર્યો હતો. આરોપીઓએ ફરિયાદીને ભવિષ્યમાં આ રસ્તેથી ગાડી ન કાઢવા માટે ગંભીર ધમકીઓ પણ આપી હતી.

# રાજકોટના ભરૂડી ટોલનાકે મહિલા શૌચાલયમાં મોબાઈલ છુપાવી વિડીયો ઉતારવાનું બીભત્સ કૃત્ય

## ટોલનાકાના અધિકારીઓના નિરીક્ષણ દરમિયાન મોબાઈલ કબ્જે લીધો : , સફાઈ કર્મચારીનું વિકૃત કારસ્તાન ખુલ્યું

રાજકોટ,

ગોંડલ નજીક આવેલ ભરૂડી ટોલનાકે મહિલા શૌચાલયમાં મોબાઈલ છુપાવી વિડીયો ઉતારવાનું કારસ્તાન ઝડપાતા ચકચાર મચી છે. ટોલ પ્લાઝાના અધિકારીઓના નિરીક્ષણ દરમિયાન મહિલા શૌચાલયમાંથી મોબાઈલ ઝડપાયો હતો.

જે બાદ તપાસ કરતા આ મોબાઈલ સફાઈ કર્મચારીનો નીકળતા તાત્કાલિક સમગ્ર મામલે ગોંડલ તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવવામાં આવી હતી. પોલીસે વિકૃત શખ્સની ધરપકડ કરી મોબાઈલ એફએસએલમાં પરીક્ષણ અર્થે મોકલી વધુ તપાસ હાથ ધરી હતી.

સમગ્ર ઘટના અંગે પોલીસ સૂત્રોમાંથી પ્રાપ્ત વિગત અનુસાર ગત તા.૧૬ ના રોજ રાજકોટ-ગોંડલ નેશનલ હાઈવે પર આવેલા ભરૂડી ટોલપ્લાઝાના અધિકારીઓ દ્વારા રેગ્યુલર ઈન્સ્પેકશન કરવામાં આવ્યું હતું. જે દરમિયાન એક મોટો ખુલાસો થયો હતો. ઈન્સ્પેકશનના ભાગરૂપે મહિલા શૌચાલય સહીતનું નિરીક્ષણ હાથ ધરવામાં આવતા અહીં મહિલા શૌચાલયમાંથી એક મોબાઈલ મળી આવતા અધિકારીઓ અચંબામાં મુકાઈ ગયા હતા.

આ મોબાઈલમાં વિડીયો રેકોર્ડિંગ ચાલુ રાખવામાં આવ્યો હોય જેથી તાત્કાલિક મોબાઈલ મહિલા શૌચાલયમાંથી કાઢી તપાસ શરૂ કરવામાં આવી હતી. દરમિયાન આ મોબાઈલ અહીં સફાઈ કર્મચારી તરીકે કામ કરતા શખ્સ દીપુ ભાદરકાનો હોવાનું ખુલ્યું હતું.

ટોલપ્લાઝાના કર્મચારીઓએ વિકૃત સફાઈ કર્મચારીની પૂછપરછ કરતા તેણે જાજરૂએ આવતી મહિલાઓની ખાનગી વિડીયો ઉતારવાના ઈરાદે અહીં મોબાઈલ છુપાવ્યાની કબૂલાત આપી હતી. જેથી ટોલ કર્મચારીઓએ તાત્કાલિક ગોંડલ તાલુકા પોલીસને જાણ કરી હતી. જેથી ગોંડલ તાલુકા પોલીસની ટીમે બીએનએસની કલમ ૭૭ હેઠળ મહિલાઓના ખાનગી ક્રિડા દરમિયાન ગુપ્ત રીતે વિડીયો ઉતારવા બદલ વિકૃત સફાઈ કામદાર દીપુ દિલીપ ભાદરકા (રહે. સુત્રાપાડા,ગીરસોમનાથ) ની ધરપકડ કરી હતી.

વિકૃત શખ્સે હાલ સુધીમાં આ પ્રકારના કેટલા વિડીયો ઉતાર્યા છે, તે વિડીયો ક્યાંય શેર કર્યા છે કે કેમ? સહીતની તપાસ અર્થે હાલ સફાઈ કામદારનો મોબાઈલ એફએસએલમાં પરીક્ષણ અર્થે મોકલવામાં આવ્યો છે. હાલ સમગ્ર ચકચારી ઘટનાની આગળની તપાસ પીએસઆઈ જી.બી. જાડેજા ચલાવી રહ્યા છે.

# રાજકોટના રૈયા રોડ પરથી યુવાનનું કારમાં અપહરણ કરી શખ્સે ઢોર માર માર્યો

## પગારના ૧૫ હજાર લેવાના હોય, તે બાબતે અગાઉ માથાકૂટ થઈ હતી



રાજકોટ,

રાજકોટ શહેરના રૈયા રોડ પરથી મયુર પરમાર નામના યુવકનું કારમાં અપહરણ કરી સામેવાળા નદીમ બેલીમે ઢોર માર માર્યો હોવાનો આરોપ લગાવાયો છે. ઈજાગ્રસ્ત ૨૪ વર્ષીય મયુરને રાજકોટ સિવિલમાં દાખલ કરાયો હતો. તેના પગારના ૧૫૦૦૦ લેવાના હોય, તે બાબતે અગાઉ માથાકૂટ થઈ હતી. જેનો ખાર રાખી માર માર્યાનો આક્ષેપ છે.

પોલીસ સૂત્રોએ જણાવ્યા મુજબ, મયુર વશરામભાઈ પરમાર (ઉંમર વર્ષ ૨૪, રહે.રાજીવનગર આવાસ ક્વાર્ટર, સાધુવાસવાણી રોડ, રાજકોટ) આજે સવારે ૧૧ વાગ્યા આસપાસ રૈયા રોડ પર પ્રમુખ સ્વામી ઓડિટરીયમ પાસે આલાપ ગ્રીન સિટી સામે હતો ત્યારે ક્રેટા કારમાં રૈયા ગામનો નદીમ ત્યાં આવ્યો હતો. બોલાચાલી કરી ઝાપટો મારી હતી. કારમાં મયુરને બેસાડી અપહરણ કરી લઈ ગયો હતો.

ત્યાં સ્થળ પર મયુર સાથે તેના પરિચિતો ત્યાં હતા તેમણે પોલીસને જાણ કરી હતી. જેથી પોલીસ વાન દોડી ગઈ હતી. નદીમ મયુરને લઈ શ્રીજી હોટલ કેકેવી ચોક પાસે આવ્યો હતો. ત્યાં મયુરને પાઈપ વડે માર માર્યો હતો. આ દરમ્યાન ત્યાં પોલીસ વાન અને મયુરના ભાઈઓ તથા મિત્રો પહોંચી ગયા હતા. મયુરને મારથી બચાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયો હતો. મયુરે આક્ષેપ સાથે જણાવ્યું કે, નદીમ લોનના હપ્તા બાકી હોય તેવી કાર રિકવરીનું કામ કરે છે. અગાઉ હું તેની સાથે કામ કરતો હતો. ૫ મહિના પહેલા મેં તેની સાથે કામ છોડી દીધું હતું. જોકે પગારના ૧૫૦૦૦ લેવાના બાકી હતા. જેમાં ૫-૬ મહિના પહેલા માથાકૂટ થઈ હતી. ત્યાર બાદ આ વાતનો ખાર રાખી આજે માર માર્યો હતો.

# રાજકોટમાં ગેરકાયદેસર હથિયાર ઝુંબેશમાં થાનનો શખ્સ ત્રણ હથિયાર સાથે ઝડપાયો

## હથિયારોનું ખરીદ-વેચાણ કરતી કુખ્યાત વેપન કાર્ટેલના વધુ એક સાગરીતને ઝડપી લેવાયો

રાજકોટ,

રાજકોટ પીસીબી દ્વારા ગેરકાયદેસર હથિયાર સામે શરૂ કરેલી ઝુંબેશ અન્વયે ગેરકાયદેસર હથિયારોનું ખરીદ-વેચાણ કરતી કુખ્યાત વેપન કાર્ટેલ ના વધુ એક સાગરીતને ઝડપી પાડીને તેની પાસેથી બે પિસ્તોલ અને એક તમંચો કબજે કર્યો છે. વધુ એક ધરપકડ સાથે વેપન કાર્ટેલ ના અત્યાર સુધીમાં કુલ ૧૪ ઈસમો પીસીબીના સકંજામાં આવી ચૂક્યા છે અને તેમની પાસેથી કુલ ૩૧ દેશી બનાવટના ઘાતક હથિયારો તેમજ ૩૨ જીવતા કારતૂસ જપ્ત કરવામાં આવ્યા છે.

મળતી વિગતો મુજબ નાનામવામાં બનેલી ફાયરીંગની ઘટના બાદ પોલીસ કમિશનર બ્રજેશ કુમાર ઝા દ્વારા શહેરમાં ગુનાખોરી પર કડક અંકુશ આવે અને નાગરિકોની સલામતીના હેતુથી ગેરકાયદેસર હથિયાર રાખતા તત્વો કડક ઝુંબેશ ચલાવવાની સૂચના આપવામાં આવી છે.

આ સૂચના અન્વયે પીસીબીના પી.આઈ એમ.આર. ગોંડલીયાના માર્ગદર્શન હેઠળ પી.સી.બી દ્વારા ગેરકાયદેસર હથિયારોના નેટવર્કને તોડી પાડવા હાથ ધરવામાં આવેલી ઓપરેશનલ કાર્યવાહીમાં અગાઉ આ ઘાતક કાર્ટેલના ૧૩ ઈસમોને કુલ ૨૮ દેશી બનાવટના હથિયારો તેમજ ૩૨ જીવતા કારતૂસ સાથે પકડી પાડવામાં આવ્યા હતા. આ તપાસ દરમિયાન પકડાયેલા આરોપીઓ પૈકીના એક આરોપી પ્રદિપભાઈ અનકભાઈ કરપડાની સઘન પૂછપરછ દરમિયાન તેણે ખુલાસો કર્યો હતો કે તેણે અગાઉ ગેરકાયદેસર દેશી બનાવટના હથિયારો સુરેન્દ્રનગર જિલ્લાના થાનગઢ ખાતે રહેતા યશપાલસિંહ ઝાલાને આપ્યા હતા.

આ ચોક્કસ કડી મળતા જ પી.સી.બી.ની ટીમે ત્વરિત કાર્યવાહી હાથ ધરી મેઈન બજાર, સાકરીયા શેરી, થાનગઢ રહેતા યશપાલસિંહ જયપાલસિંહ ઝાલા (ઉવ૨૬)ને ઝડપી લઈ તેની પાસેથી દેશી બનાવટની ૨ પીસ્ટલ નંગ અને દેશી બનાવટનો એક તમંચો મળી કુલ રૂ.૨૫ હજારનો મુદ્દમાલ કબજે કર્યો હતો. વધુ એક ધરપકડ સાથે જ ગેરકાયદેસર હથિયારોની



હેરાફેરી કરતી આ વેપન કાર્ટેલ ના અત્યાર સુધીમાં કુલ ૧૪ ઈસમો પોલીસના સકંજામાં આવી ચૂક્યા છે અને તેમની પાસેથી કુલ ૩૧ દેશી બનાવટના ઘાતક હથિયારો તેમજ ૩૨ જીવતા કારતૂસ જપ્ત કરવામાં આવ્યા છે. પકડાયેલ આરોપી યશપાલસિંહ ઝાલા અગાઉ પણ અનેક ગંભીર ગુનાઓમાં સંડોવાયેલો હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું છે. તેની સામે સુરેન્દ્રનગરના થાનગઢ પોલીસ સ્ટેશનમાં અગાઉ ૪ ગંભીર ગુનાઓ નોંધાઈ ચૂક્યા છે, જેમાં વર્ષ ૨૦૨૦માં આઈપીસી. કલમ ૩૨૩, ૫૦૪ તથા એટ્રોસીટી એક્ટ હેઠળનો ગુનો, વર્ષ ૨૦૨૧માં પ્રોહિબિશન એક્ટ હેઠળનો ગુનો, વર્ષ ૨૦૨૧માં જ આર્મ્સ એક્ટનો ગુનો તેમજ વર્ષ ૨૦૨૩માં પ્રોહિબિશન એક્ટ હેઠળનો મોટો ગુનો સામેલ છે. આ કામગીરી પી.સી.બી.ના પી.આઈ એમ.આર.ગોંડલીયા, પીએસઆઈ પી.બી. ત્રાજીયા, આર.કે. જાડેજા સાથે મયુરભાઈ પાલરીયા, સંતોષભાઈ મોરી, મહીપાલસિંહ ઝાલા, હરદેવસિંહ રાઠોડ, ઘનશ્યામસિંહ ચૌહાણ, કિરતસિંહ ઝાલા, વિરેન્દ્રસિંહ જાડેજા, હરદેવસિંહ રાણા, કુલદીપસિંહ જાડેજા, વિજયભાઈ મેતા, ઉમેશભાઈ ચાવડા, દિલીપભાઈ બોરીચા, રાહુલગીરી ગૌસ્વામી, નગીનભાઈ ડાંગર, હિરેનભાઈ સોલંકી, પ્રદીપસિંહ સરવૈયા , યુવરાજસિંહ રાણા, દેવરાજભાઈ કળોતરા, વાલજીભાઈ જાડા, હિરેન્દ્રસિંહ પરમાર, વિશાલભાઈ દવે અને જયેશભાઈ ગઢવીએ કરી હતી.

# રાજકોટ જીલ્લામાં હાર્ટએટેકથી વધુ ત્રણના હાર્ટ ફેલ

## ઉપલેટામાં બાઈકને કિક મારતી વખતે આધેડ, સદભાવના વૃધ્ધાશ્રમના વૃધ્ધ અને ફ્રૂટના ધંધાર્થી બેભાન હાલતમાં ઢળી પડતાં મોત

રાજકોટ,

રાજકોટમાં હ્રદયરોગના હુમલાએ હાહાકાર મચાવ્યો હોય તેમ વધુ ત્રણ લોકોના શ્ર્વાસ થંભી ગયાની ઘટના સામે આવી છે. જેમાં ઉપલેટામાં બાઈકને કીક મારતી વખતે આધેડ, પડધરીમાં સદ્ભાવના વૃધ્ધાશ્રમ વૃધ્ધ અને રાજકોટમાં ફ્રુટના ધંધાર્થી બેભાન હાલતમાં ઢળી પડયા બાદ દમ તોડી દીધો હતો.

આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ ઉપલેટામાં રહેતાં લક્ષ્મણભાઈ અમરાભાઈ કટારા (ઉ.૫૮) ત્રણ દિવસ પૂર્વે વહેલી સવારે ઉપલેટા બસ સ્ટેશન પાસે પોતાના બાઈકમાં કીક મારતાં હતાં ત્યારે હ્રદયરોગનો હુમલો આવતાં ઢળી પડયા હતાં. આધેડને સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયા હતાં. જ્યાં તેમનું મોત નિપજતાં પરિવાર શોકમાં ગરકાવ થઈ ગયો હતો.

બીજા બનાવમાં પડધરીમાં આવેલ સદ્ભાવના વૃધ્ધાશ્રમમાં આશ્રય લઈ રહેલા જયસુખભાઈ નાગજીભાઈ પીઠડીયા (ઉ.૬૫)ને બેભાન હાલતમાં સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં. જ્યાં ફરજ પરના તબીબે વૃધ્ધનું હાર્ટએટેકથી મોત નિપજ્યું હોવાનું જાહેર કર્યુ હતું.

ત્રીજા બનાવમાં રાજકોટમાં મોરબી રોડ પર આવેલા પાવન પાર્કમાં રહેતાં અને રેસકોર્સ રીંગ રોડ પર ફ્રુટનો ધંધો કરતાં જીગ્નેશભાઈ પ્રભુદાસભાઈ ઉમરાણીયા (ઉ.૪૪) પોતાના ઘરે હતાં ત્યારે છાતીમાં દુ:ખાવો ઉપડતાં તાત્કાલીક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતાં. જ્યાં ફરજ પરના તબીબે પ્રૌઢનું હાર્ટએટેકથી મોત નિપજ્યું હોવાનું જાહેર કરતાં પરિવારમાં અરેરાટી સાથે ગમગીની છવાઈ જવા પામી હતી. ઉપરોકત બનાવ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.